અનન્ય પરિવર્તન

July 2018, Mumbai • Volume 8 • Issue 4

ગુરુ પૂર્ણિમા અંક




પરાત્પરગુરવે નમઃ પરંપરાચાર્ય ગુરવે નમઃ
પરમગુરવે નમઃ સાક્ષાત પ્રત્યક્ષ સદગુરવે નમો નમઃ

ગુરુ પૂર્ણિમા મહોત્સવ, ૨૦૧૮
રાજનગર, પર્લી





With Best Compliments From
Dr. Meenaben Goshar - Wadala Satsang Group, Mumbai



અનુક્રમણિકા

પ્રાર્થના ૩

પૂજ્યશ્રીની સાથે - વચનામૃતની વાટે ૪

જ્ઞાન સાગર ૬

पूज्यश्री की अमृतवाणी ૯

THE MASTER'S VOICE ૧૧

શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર - એક સંશોધનાત્મક પ્રયાસ ૧૫

પ્રશ્નોત્તરી ૧૮

સત્પુરુષાર્થ ૨૦

પૂજ્ય કુંવર મા ૨૨

R.I.Y.F. ૨૪

ગુરુ પૂર્ણિમા મહોત્સવ ૨૬

ત્રણ તત્વોનો સંગમ શ્રી સદ્‌ગુરુ ૩૧

પ્રથમ સાઉથ ઈન્ડિયા શિબિર ૩૪

શ્રી રાધાવતાર ૩૫

સમાધિ મરણ ૩૯

प्रेरक प्रसंग ૪૨

ब्रह्ममुहूर्त में वांचन आप दियो ૪૩

મુંબઈ ન્યુઝ પેપર કલેક્શન ટીમની સ્પેશિયલ ઈવેન્ટ ૪૪

SRATRC – USA ૪૫

જાણ્યું - અજાણ્યું - લખાણું ૪૬

HEALTH TO HAPPINESS ૪૭

SHREE RAJ MEDICAL CENTRE ૪૮

RECENT NEWS ૫૦

તત્ત્વ પહેલી ૫૨

TASTY BITES ૫૩

KIDZONE ૫૪

FORTHCOMING EVENTS & FROM US TO YOU ૫૫

SPONSORSHIP ૫૬

પરમ પૂજ્ય પપ્પાજીના સતત માર્ગદર્શન તથા પ્રેરણાથી અનન્ય પરિવર્તન દ્વિમાસિક પત્રિકાએ ૨૦૧૮ની ગુરુપૂર્ણિમાના પાવન દિવસે તેના અસ્તિત્વના ૧૧ વર્ષ પૂર્ણ કર્યા. પરમ કૃપાળુદેવે પ્રરૂપેલા આત્મધર્મના સિદ્ધાંતો અને પૂજ્યશ્રી દ્વારા તેની યથાર્થ સમજણ આપણા સહુને મળે અને આપણે બધા વિકાસ કરીએ એ જ અમારો ધ્યેય અને ભાવ છે.

૨૦૧૮નો ગુરુ પૂર્ણિમા મહોત્સવ આ વર્ષે શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર ખાતે તા. ૨૦ થી ૨૨ જુલાઈના ઉજવાયો જેમાં મુંબઈ તથા અન્ય સેન્ટરોના મુમુક્ષુઓએ ભક્તિમય થઈને ભાગ લીધો. પૂજ્યશ્રીએ મોક્ષમાળા શિક્ષાપાઠ ૮૧ - ''પંચમકાળ'' પરનું પોતાની વિશિષ્ટ અને આગવી શૈલીમાં વિવેચન પૂરું કર્યા બાદ ''ગુરુ ગૌતમ''ના જીવન પર વિવેચનનો પ્રારંભ કર્યો. પંચમકાળનું જે વર્ણન ભગવાન મહાવીરે ૨૬૦૦ વર્ષ પૂર્વે આપેલું એને પરમ કૃપાળુદેવે શિક્ષાપાઠમાં સંક્ષિપ્તમાં આપ્યું છે તે આજે કેટલું યથાર્થ પૂરવાર થાય છે એના ઘણા ઉદાહરણો પૂજ્યશ્રીએ આપ્યા જેમ કે હાલમાં જ દૂધના ભાવને લઈને હજારો લીટર દૂધને ઢોળી નાખવામાં આવ્યું, સરકારી ખાતાઓમાં લાંચ આપ્યા વગર કામનું ન થવું વિગેરે વિગેરે. આવો ભયંકર કાળ હોવા છતાં મુમુક્ષુ જીવે પોતાના આત્માની સંભાળ રાખવા ઉપર લક્ષ આપવો જોઈએ તથા પુરુષાર્થ માટે કાળ આડો ન આવી શકે એ પ્રેરણાદાયી બોધ આપ્યો. મહોત્સવનો વિશેષ અહેવાલ આ અંકમાં પ્રગટ છે.

દર વર્ષે ગુરુ પૂર્ણિમા અંકથી નવી કૉલમો શરૂ કરવાની અમારી પ્રથાના અનુસંધાનમાં આ અંકથી નિયમીત યોજાતી પરમ જ્ઞાન સભાના પૂજ્યશ્રીના વિવેચનોની ટૂંકી તારવણી, શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર, કુંવર મા ની જીવન ઝરમર તથા ચિત્રલેખા મેગેઝિનમાંથી જાણવા જેવું એવી નવી કોલમો શરૂ કરી છે.

જુન મહિનામાં દક્ષિણ ભારતના સેન્ટરોએ એક ખાસ શિબિરનું આયોજન બેંગ્લોર ખાતે કરેલ. હાલ તા. ૩ અને ૪ ઓગસ્ટના મેગા મેડિકલ કેમ્પનું આયોજન રીસર્ચ સેન્ટરમાં કરવામાં આવ્યું હતું જેનો અહેવાલ આ અંકમાં આપ્યો છે. આમ શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર વિવિધ રૂપે વીતરાગ વિજ્ઞાનને ફેલાવવામાં પોતાનો ફાળો આપી રહ્યું છે.

ગુરુ પૂર્ણિમાના મંગળકારી અવસરે આપણે સંકલ્પ કરીએ કે હૃદયમાં સ્થાપેલ સદ્‌ગુરુની ભક્તિ વર્ધમાન થાય, તેમણે ચિંધેલ માર્ગ પર 'ઉત્સાહ'થી ચાલી, આપણી આત્મિક દશાની વૃદ્ધિ કરીએ અને વિતરાગ વિજ્ઞાનને ફેલાવવામાં આપણો ફાળો આપીએ એજ સાચા અર્થમાં આપણી તેમના ચરણોમાં ખરી અર્પણતા બની રહેશે.

ॐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય, નિશ્ચય રહો; એ યર્થાથ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!!

હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્ન ચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ॐ शांतिः शांतिः शांतिः

(પત્રાંક – ૫૦૫)

પૂજ્યશ્રીની સાથે – વચનામૃતની વાટે

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના પવિત્ર અંતઃકરણમાંથી પાછલા બે મહિનાની પરમ જ્ઞાન સભામાં સ્ફુરાયમાન થયેલ અમૃત વચનો આ અંકથી પ્રગટ કરીએ છીએ.

આ વચનોમાં કંઈક નવીનતા, અદ્‌ભૂતતા અને સુગંધ સ્પર્શ કરશે. જીવ જો આને સમજશે, વિચારશે, ફરી ફરી વાગોળશે, તેના ઉપર ઊંડું ચિંતવન, મનન કરશે તો વચનોમાં રહેલ રહસ્ય, આશય અને મર્મ પકડાશે જે તેના અંતરમાં પરિવર્તન કરી અનન્ય પદાર્થની પ્રાપ્તિનો ઉત્સાહી પુરુષાર્થ ઉપાડવાની પ્રેરણા આપશે.

- જડના ગુણ કેવા છે ? ચેતનના ગુણ કેવા છે ? એ બન્ને વાંચીએ, સમજીએ તો ખબર પડે કે આવા જે ગુણ છે એ આત્માના છે. જડના ગુણો રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે. આ રીતે આત્માનો લક્ષ થયા પછી 'દેહથી ભિન્ન હું આત્મા છું' અને એના ઉપર 'વિચાર વાંચન' ચાલ્યા કરે તો યોગ્યતા પ્રાપ્ત થાય.. કે આ આત્મા મને પ્રાપ્ત કરવો છે, હું આત્મા છું.. આ જ આત્મા મોક્ષે જશે !
- જડ અને ચેતનને જાણી લીધા પછી નવ તત્વને જાણવાના રહે છે. એક તત્વને સમજતા કદાચ ૪-૫ ભવ પણ લાગી જાય.
- શરૂઆત આ ભવથી, આજથી, આ ક્ષણથી દ્રઢ નિશ્ચય કરવામાં આવે કે આટલું તો કરવું જ છે !!
- તો વિચારી જુઓ ધર્મ મળે એવું પુણ્ય ભેગું કરવા એવો મનુષ્ય દેહ મળેલો હોય એની એક સેકન્ડ કેટલી કિમતી છે ! બસ, આટલા વિચારથી શરૂઆત કરી શકાય.
- આત્મ પ્રાપ્ત પુરુષ સિવાય બીજી કોઈપણ વ્યક્તિ આખા બ્રહ્માંડમાં આ કર્મ રહસ્યો કહી ન શકે... જે ક્રિયા કરવાથી નરકે જતા હતા, હવે એજ ક્રિયાથી મોક્ષે જઈ શકાય છે.
- ગમે તે થાય ૨-૨ ૧/૪ કલાકનું વાંચન જોઈએ. ૨ ૧/૪ કલાક કહીએ છીએ ત્યારે રીયલી ૧ ૩/૪ કલાકનું વાંચન થશે. એ વાંચન કરતાં ૨-૩ કલાક નીકળે તો પણ ચાલે. ઓછું વાંચો પણ જે વાંચેલું છે એ હંમેશની માટે હૃદય કે આત્મા ઉપર કોતરાઈ જવું જોઈએ !! માટે પહેલી વાર એક સાથે બે વાર વાંચો. ત્રણ મહિના પછી ત્રીજી વાર વાંચો અને ત્યારે ઘણું તમને સમજાશે. આટલા કલાક જુદા પુસ્તકોનું વાંચન થશે પછી સત્પુરુષ, જ્ઞાની પુરુષની વાત સમજાશે. નહીં તો એ બોલશે અને આપણે સાંભળશું. જ્ઞાની પુરુષને સમજવા માટે પણ આ બધી બેઝીક વસ્તુ બહુ જરૂરી છે.
- 'હું આત્મા છું' એવું ખાલી બોલવાથી ન થઈ શકે દેહ અને આત્મા બન્નેના ગુણ, ધર્મ પણ જુદા.
- આત્માના છ પદને ઊંડાણથી સમજવાના છે. ક્રિયા એક જ થાય, કર્મ બંધાણા હોય એજ ક્રિયાથી મોક્ષે જઈ શકાય, આવું અદ્‌ભુત કર્મ

શાસ્ત્ર છે. જે ક્રિયાથી કર્મ બંધાય છે, એજ ક્રિયા ફરીથી કરો. વિશેષ આત્માને સમજયા પછી એ ક્રિયા કરવામાં આવે તો મોક્ષે પણ જવાય.

- વસ્તુ સ્વભાવ સમજાય પછી કોઈપણ જાતનું આશ્ચર્ય ક્યારેય નહીં લાગે. આશ્ચર્યનો અર્થ વિચારો, વિચારી જુઓ જ્યારે આશ્ચર્ય થાય છે ત્યારે મનના કેવા ભાવ હોય છે? એ કર્મબંધનના કારણ થાય. પરમ કૃપાળુ દેવનું વચન છે આશ્ચર્ય ભૂલ.
- આટલું તો બધા જાણે છે કે હું આ જડ પદાર્થને જાણું છું. 'હું જાણું છું' જ્યારે બોલીએ છીએ ત્યારે આજે ભલે લક્ષ હોય દેહનો કે હું મનથી, બુદ્ધિથી જાણું છું વિ. પણ ખરેખર જે જાણે છે એ ચેતન પદાર્થ છે. એટલું પહેલા જ પાક્કું કરવાનું છે.
- રિદ્ધિ જ્યારે કહીએ ત્યારે મન, વચન, કાયાનો, કોઈ પણ પદાર્થનો પોતાનો જે ગુણ છે, અત્યંત સારો એવો ગુણ એ ખરાબના સંગથી ખરાબ થઈ જાય છે... જેવો સંગ એવો રંગ (દારૂ, તંબાકુ..); સારામાંથી ખરાબ થયો એ લાખો વર્ષ ખરાબ રહી શકે છે પણ રીવર્સ પ્રોસેસ કરવામાં આવે તો ઓરીજીનલ ગુણ પ્રાપ્ત થઈ જાય છે.
- અનાદિકાળથી આપણો આત્મા (ચેતન) આ સંસારમાં જ પરિભ્રમણ કરે છે. પોતાના મૂળભૂત સ્વરૂપને ભૂલી ગયો છે. પોતાની મેળે પોતાનું સ્વરૂપ ક્યારેય પ્રાપ્ત કરી શકવાનો નથી. પણ સદ્‌ગુરુ કંઈ ટ્રીટમેન્ટ કરે (આત્માના લાભ સાથે) તો ધીરે ધીરે સંસારમાં રખડપટ્ટી કરતા જે કંઈ દુર્ગુણો છે, ભાવો છે એ દૂર થાય છે અને પોતાના સ્વરૂપની ઓળખાણ થાય છે.
- બળ, કોન્ફીડન્સ, આત્મવિશ્વાસ એ ન હોય તો અધુરુ લાગે. મારાથી આ થશે? આ તો બહુ અઘરૂં છે. સાંભળુ છું, સારું-સાચુ લાગે છે પણ મને યાદ તો નથી રહેવાનું. આત્મા પોતે કહે છે 'મને યાદ નથી રહેવાનું, હું યાદ નહીં રાખું' નો નેગેટીવ ભાવ એક સેકન્ડ માટે પણ આવે એ કર્મરૂપે બંધાઈ જાય છે. દરેક ભવની અંદર એ દસ ગણો વધતો જાય છે.
- કોન્ફીડન્સ ન આવતો હોય, સમજાતું ન હોય ત્યારે ક્યારેય નેગેટીવ ભાવ નહીં થવા જોઈએ. આજે સમજાય છે એનાં કરતાં વધારે સમજાશે, પ્રભુ એવી કૃપા કરશો. જે ભાવ કરીએ છીએ એનું બંધન થાય છે.
- આત્મજ્ઞાન સત્‌શ્રુતના અવલંબન વગર અસંભવ છે. સત્‌શ્રુત એટલે જ્ઞાની પુરુષ, સત્પુરુષ. એમણે જે બોધ આપેલો છે એ બોધનું ચિંતન મનન કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એના એક સમય પહેલા સુધી ચાલતું હોય.
- બંધ સૌથી અગત્યની વાત છે. ભગવાન ગમે તેવા કર્મ કરે પણ એમને કર્મ બંધ ન થાય અને આપણે કંઈ ન કરીએ અને કર્મ બંધ ચાલ્યા કરે!
- આત્મા સાથે કર્મનું બંધન થાય છે એટલું નથી સમજવાનું. જ્યારે અનંતી વસ્તુઓને સમજવાની વાત કરીએ છીએ ત્યારે આવા એક શબ્દને ઊંડાણથી વિશેષ સમજવાનું રહે છે.
- ભગવાને વસ્તુ જાણવા માટે બે મોટા ભેદ કહ્યાં છે; એ જાણવાથી ઘણી બધી વસ્તુઓ અનુભવથી જણાઈ જશે. એક જડ, એક ચેતન. બે વસ્તુને જાણવા માટે જેટલો પુરુષાર્થ થઈ શકે એટલો કરવાનો છે.◆

સૌજન્ય : જશવંતીબેન મહેતા પરિવાર, કોલકાતા

ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

પ્રાર્થનાની સાતમી અવસ્થા



પ્રાર્થનાકાર ભક્ત હવે વિશેષ સુવિચારવાન થયો છે, તેનામાં સુવિવેકની પણ વૃદ્ધિ થઈ છે. શ્રી તીર્થંકર મહાપ્રભુના વિચારમાં, ગુણોમાં તલ્લીન થતાં કેટલાક સુખદ, આશ્ચર્યકારક અને આનંદદાયક વિરોધાભાસ તેની વિશાળ બુદ્ધિમાં આવે છે અને માર્મિક રીતે અંતરમાં ખુશી થાય છે; સાથે સાથે તેનો પ્રભુ પ્રત્યેનો અહોભાવ એકદમ વધી જાય છે.

તે અંતરમાં જ કહે છે કે : હે પ્રભુ ! આપ અંતરંગ શત્રુઓને હણનારા છતાં ક્ષમાવંત છો. રાગાદિ પ્રત્યે નિર્દય છતાં પરમ દયાળુ છો. વીતરાગ છતાં મુક્તિ સુંદરીને ભોગવનાર છો. કોઈની સાથે સંબંધ વિના સહુના બાંધવ છો. કોઈના પિતા નથી છતાં જગતપિતા છો.

ભગવાનના ગુણોમાં તલ્લીનતા થતાં કેટલાક સુખદ, આશ્ચર્યકારક અને આનંદદાયક એવા અનુભવ થાય છે. પણ જ્યારે પ્રભુના વિશેષ ગુણોની સમજણ પડે છે, ત્યારે જબરજસ્ત વિરોધાભાસ લાગે છે. આવા વિરોધાભાસનો જો સમન્વય થાય તો એ ભગવાનનું સ્વરૂપ છે.

કેવળ અસંગ છતાં લોકના નાથ છો. કેવળ મધ્યસ્થ છતાં ત્રિજગતના રક્ષક છો. કેવળ ઉદાસીન છતાં પરમ ઉપકારી છો. કેવળ મમતારહિત છો છતાં સર્વ પર કૃપા કરો છો. રત્નાદિકનો ત્યાગ કર્યો છે છતાં રત્નત્રયના ધારક છો. શાંત સ્વરૂપી થયા છો છતાં ચિરકાળ તપો છો. અદીપ્ત છો છતાં આત્મ તેજથી દીપ્ત છો. તારક છો, છતાં અભવીને તારતા નથી.

આટલું મનોમન કહેતાં એકાએક તેને પોતાના ઉપકારી સદ્‌ગુરુદેવના પવિત્ર સમાગમની સ્મૃતિ આવે છે, તેમની શાંત મુદ્રા નજર સમક્ષ તાદ્રશ્ય થાય છે અને તેમના ''મન, વચન, કાયાની ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો'' પ્રલયકાળે

સમુદ્રનું પાણી ખસી જાય અને પેટાળમાં રહેલ રત્નસમુહ ખુલ્લો થાય તેમ પ્રગટ થાય છે, સમજાય છે.

જ્ઞાન લેતી વખતે જે અનુભવ થયો હતો તે પ્રકારનો આ અનુભવ ફરીથી પ્રકાશિત થયો.

ઈશ્વર વિશે વારંવાર વિચાર કરતા અનેક એવા વિરોધાભાસી અદ્‌ભુત ગુણો જીવને સમજાય છે. ભગવાનના ગુણોમાં જ્યારે તલ્લીનતા, એકતા થાય છે ત્યારે ભગવાન અને ગુરુ ભગવાન બન્ને વચ્ચે ભેદ કંઈક ઓછો લાગતાં ક્યારેક ભગવાનના દર્શન થાય છે, ક્યારેક સદ્‌ગુરુના દર્શન થાય છે. આ દર્શન સ્વપ્નમાં નહીં પણ જાગૃત અવસ્થામાં આંખ ઉઘાડી હોય તો પણ થાય. બાહ્ય સ્મૃતિની અંદર જે કોઈ વસ્તુ રહેતી હોય એના વિચાર કરીએ તો એ વસ્તુ તાદ્રશ્ય થાય છે. ઘણાં એવા પ્રસંગો બને છે, એની ઊંડી અસર મન પર, ચિત્ત પર હોવાથી એ પણ દેખાય છે. એ દર્શન અને આ દર્શન વચ્ચે આસમાન જમીનનો ફરક છે, જે સમજવો જોઈએ.

જ્યારે જ્યારે આત્મિકદશા વધે છે ત્યાર પછી આવા દર્શન એ મોટી ફળશ્રૃતિનું કારણ છે. તત્વથી ગુરુની યથાર્થ સમજણ પડે છે અને એમનાં ગુણોનાં ચિંતવનમાં લીન થવાય છે, તો એ ઈશ્વરના ગુણોની સાથે એકતા થઈ કહેવાય. ભાસ એટલે આખી જિંદગી કે ભવોભવ આપણને લાગે કે આ સો ટકા સાચું છે અને ખોટું હોય. પછી સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે ત્યારે સત્ય સમજાય છે અને આ ભાસ છે, આ ખોટું હતું એ સમજાતું હોય છે. સહજપણે દેખાતું હોય એ ભાસ છે અને સત્‌ની જ્યારે ઓળખાણ થાય છે ત્યારે દર્શન થાય છે.

મન, વચન, કાયાની ચેષ્ટાના અદ્‌ભુત રહસ્યો દેખાય છે; તો ચેષ્ટા તો બધી સરખી જ છે. એ ચેષ્ટા અદ્‌ભુત છે એવું ત્યારે જ લાગે જ્યારે શ્રદ્ધા અત્યંત બળવાન થઈ જાય. આવા અદ્‌ભુત રહસ્યોની જ્યારે પકડ આવે છે એ જ વખતે એમના પ્રત્યે જે કાંઈ ભક્તિભાવ, અહોભાવ છે એ અનેકગણો વધી જાય છે. બીજા શબ્દોમાં એમ કહીએ કે કોઈ કાળે માની ન શકાય એવા કારણો મળે ત્યારે એમાં દોષદ્રષ્ટિ ન આવતાં, ગુણદ્રષ્ટિ આવે છે અને ઊંડાણથી વિચાર કરતાં રહસ્યો સમજાય છે.

ભગવાનના ગુણોમાં જ્યારે તલ્લીનતા, એકતા થાય છે ત્યારે ભગવાન અને ગુરુ ભગવાન બન્ને વચ્ચે ભેદ કંઈક ઓછો લાગતાં ક્યારેક ભગવાનના દર્શન થાય છે, ક્યારેક સદ્‌ગુરુના દર્શન થાય છે.

તેમની અપૂર્વ આત્મદશાની આશ્ચર્યયુક્ત સ્થિતિ જોઈ અત્યંત અહોભાવ આવે છે. તે પવિત્ર સ્મૃતિ અને આનંદદાયક સ્મરણમાં ગરકાવ થતાં તે બહારના વાતાવરણની અસરથી મુક્ત થાય છે.

ઈન્દ્રિયો પોતપોતાનું કાર્ય અટકાવે છે તેથી તેનાથી પણ છૂટે છે, દેહનું ભાન ભૂલે છે અને મન શાંત થઈ ઊંડે ઊંડે ઉતરતું હોય તેમ અનુભવે છે. અંદરની જાગૃત અવસ્થા જેવી ને તેવી ઉજ્જવળ, સુખરૂપ અને શાંતિવાળી વેદાય છે.

ત્યારે અનાદિકાળની આ વૃત્તિ જે સતત પાંચ ઈન્દ્રિયોમાં પ્રવર્તન કરતી હતી, એમાંથી છૂટી જવાય છે. આ ન માની શકાય, આ ન સમજી શકાય, કોઈ જગ્યાએ વાંચવામાં, સાંભળવામાં લગભગ ન આવી શકે તેવું આ કૃપાળુદેવનું વચન છે કે જે ચેષ્ટામાં બળવાન એવા શંકાના કારણો થતાં હોય એ જગ્યાએ બળવાન શ્રદ્ધા અને અર્પણતાનાં ભાવ હોય અને જે અદ્‌ભુત રહસ્યની સમજણ પડે છે, એ સમજણ પછી ઈન્દ્રિયો પોત પોતાનું કાર્ય અટકાવે છે; જેને વશ કરવી દેવોને પણ દુર્લભ હોય એ ઈન્દ્રિયો વશમાં આવે છે અને જીવ છૂટે છે.

ઈન્દ્રિયો બધી સુપ્ત, શાંત અથવા કામ કરતી અટકી જાય છે. દેહ કામ કરતો અટકી જાય છે પણ આત્મા વધારે ને વધારે જાગૃત થઈ અંતરના ઊંડાણમાં વેદન કરે છે અને આવી શાંતિવાળી અવસ્થા થાય છે ત્યારે વ્યવહાર સમકિતની જીવને પ્રાપ્તિ થતી વખતે જે અનુભવ થયો હતો તેવા પ્રકારનો અનુભવ ફરીથી જીવને થાય છે.

ફરક માત્ર એટલો છે કે આ અનુભવ ઘેરો, વિશેષ ઊંડાણવાળો અને વર્ણવી ન શકાય તેવી મગ્નતાવાળો હતો. આ અનુભવની મીઠાશથી તેના આનંદનો કોઈ

તત્વથી ગુરુની યથાર્થ સમજણ પડે છે અને એમનાં ગુણોનાં ચિંતવનમાં લીન થવાય છે, તો એ ઈશ્વરના ગુણોની સાથે એકતા થઈ કહેવાય.

પાર રહેતો નથી, કારણ કે તે અનુભવ પછી તેને પ્રભુના દર્શન, શ્રી ગુરુદેવના દર્શન ઈત્યાદિ તથા અપૂર્વ શાંતિનું વેદન થયું છે.

આવા અનુભવ થઈ ગયા પછી આત્માનો અત્યંત બળવાન સાક્ષાત્કાર અને અનુભવ તે પ્રભુનું દર્શન છે. શ્રી ગુરુદેવનાં દર્શન ઈત્યાદિથી અપૂર્વ શાંતિનું વેદન થાય છે ત્યારે સદ્‌ગુરુની અંદર પણ અદ્‌ભુત એવા આત્મગુણો અને કાંઈ લબ્ધિ સિદ્ધિઓ જે પ્રગટ થઈ હોય એનો જીવને અપ્રત્યક્ષ રીતે અનુભવ થાય છે અને જીવ સમજે તો ક્ષાયિક સમકિતનું કારણ થાય, ન સમજે તો અટકાયત તો છે જ.

આ અનુભવની જાણ કરવા નમ્ર ભક્ત શ્રી ગુરુદેવ પાસે ધીમે પગલે, અંદરમાં મુદિત થતો, શાંતભાવે જઈ પોતાની વાત વિનયસહ વિદિત કરે છે અને મૌન થાય છે. થોડી જ વારના મૌન પછી શ્રી ગુરુ હર્ષ સહિત નિવેદન કરે છે અને સંતોષ પૂર્વક પ્રકાશે છેઃ

હે શિષ્ય! વીતરાગ ભગવંતની અમીમય કૃપાદ્રષ્ટિથી તું પરમ ભાગ્યવંત થયો છે. તારી આત્મદશા ઉચ્ચગતિની થઈ છે. અનંત સંસારમાં રખડાવનાર, રગદોળનાર, અનંત કલ્પનાતીત દુઃખોનું વેદન કરાવનાર અને સ્વભાવથી નિરાગી, નિર્વિકારી પ્રકૃષ્ટ શુદ્ધ આત્માને રાગદ્વેષની પ્રબળ જાળમાં સપડાવી આધિ, વ્યાધિ, ઉપાધિના પ્રસંગોમાં આત્મસ્થિરતાથી ચ્યુત કરનાર અનાદિના શત્રુઓ, મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયની ચાંડાલ ચોકડીનો તથા સિદ્ધિમોહ, ચમત્કારમોહ આદિનો નાશ કરવા તું સંપૂર્ણ સફળ થયો છે.

અનાદિનું મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ક્ષય એ ક્ષાયિક સમકિત છે. અનંતાનુબંધી કષાયોનો ઉપશમ એ સમકિત છે અને ક્ષય એ ક્ષાયિક સમકિત છે. અનંતાનુબંધી કષાયની વ્યાખ્યા અત્યંત સહજ, સરળ સમજવાની હોય તો આટલું જ કે કોઈનું ખૂન કરીને આપણે આનંદ ભોગવીએ; એવા ભાવને કાપી નાખીએ એ જ અનંતાનુબંધી કષાયનો ક્ષય છે. સમકિતની અને ક્ષાયિક સમકિતની આ વ્યાખ્યા હોય તો શા માટે ન મળી શકે? સમજણ અને શ્રદ્ધાનું નામ ક્ષાયિક સમકિત છે. કેટલા વ્રત-તપ કરીએ છીએ અને શું ખાઈએ-પીયે છીએ એ નથી. ક્ષાયિક સમકિત થઈ ગયા પછી જીવ એકપણ વ્રત, તપ, નિયમ કરી શકતો ન હોય પણ કરવા જોઈએ એવા ભાવ હોય અને ક્ષાયિક પછી નરકમાં પણ જાય. ભગવાન મહાવીર પણ ગયાં હતાં છતાં એ મોક્ષે પણ જાય છે. એટલે અઘરું નથી. 'અઘરું છે' એવી જે માન્યતા છે એ જ ભયંકર અઘરી છે.

હે કૃપાપાત્ર! નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે. તેની તથારૂપ પ્રતીતિ નિરંતર વર્ત્યા કરે તેવા શુદ્ધ સમકિતની ઉર્ધ્વદશા તને પ્રાપ્ત થઈ છે તે માટે અભિનંદન આપું છું અને આગળની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ મેળવ એ મારા આશીર્વાદ છે.

નિજસ્વભાવમાં તન્મય, સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણામ કરે એ મને જોઈએ છે. તેની તથારૂપ પ્રતીતિ સમકિતની પ્રાપ્તિ છે. આવું થઈ શકે છે તે મને વિશ્વાસ છે. અનુભવ થયો નથી, થાશે. શુદ્ધ સમકિતની ઉર્ધ્વદશા કે ક્ષાયિક સમકિત એ ત્રણ ભવ કે વધારેમાં વધારે ચાર ભવની અંદર આવવી જોઈએ. તો અદ્‌ભુત દશા પ્રાપ્ત થઈ છે એમ કહેવાય. કૃપાળુદેવના વચનનું અદ્‌ભુત રીતે ફક્ત 'ભક્તિ' શબ્દ ઉપર આટલું બધું પૂજ્ય બાપુજી જણાવે છે, તો એમનું જ્ઞાન પણ કેવું નિર્મળ હશે, એના આશ્રિતોને કેવું આપી શકતા હશે એ વિચારવા જેવું છે!! ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

मूल मार्ग रहस्य

आज का विषय है परमार्थ का, मोक्ष का और समकित का मूलमार्ग, यानि कि अत्यंत सच्चा मार्ग। भगवान ऋषभदेव जिस दशा को प्राप्त करके मोक्ष गए और उनके बाद तेईस तीर्थंकर जिस मार्ग को प्राप्त करके मोक्ष गए, उसे मूलमार्ग कहते है। आज भगवान महावीर को हुए २६०० साल हुए, पर अन्तिम २१०० साल से बड़े बड़े पुरुषोंने भगवान महावीर के शास्त्रों और आगमों का जो कुछ भी व्याख्यान, प्रवचन किया हो, वह श्रावक, श्राविकाएँ ३० से ४० सालों से उसे सुनते आए हैं लेकिन आज तक कुछ भी प्राप्त नहीं हुआ है।

विचारवान जीव जिसे इस संसार के अनादिकाल के परिभ्रमण से छूटना है उसे जरूर जरूर इतना विचार तो करना ही चाहिए कि धर्म के फल रूप परम वीतरागता प्रगट होनी चाहिए और उसी परम वीतरागता का दूसरा नाम है केवलज्ञान। सत्धर्म की अगर प्राप्ति हो जाये, महावीर के बोध को यथार्थ रुप से अगर हम समझे तो यह दशा जरुर मुझे और आपको प्राप्त होनी चाहिए। लेकिन अनादिकाल से हम भटक रहे हैं। चौबीस तीर्थंकरों में से किसी न किसी तीर्थंकरों से हम अवश्य ही मिले हैं। परंतु यही मोक्ष के दाता है, मोक्ष दे सकते है ऐसी तीर्थंकरों की पहचान नहीं है। २१०० साल में अगर कुछ भी प्राप्त नहीं हुआ है तो अवश्य ही सोचना चाहिए कि महावीर का कहा ये मूलमार्ग है या नहीं?

मूलमार्ग परम कृपालुदेव की रचना हैं। परम कृपालुदेव को मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान और मनःपर्यवज्ञान १० साल की उमर में प्रगट हुए थे। सात-सात साल तक भगवान महावीर की निश्रा (आश्रय) में उनके साथ विहार किया है। महावीर भगवान के व्यक्त और अव्यक्त ऐसा जो कुछ भी बोध है वह परम कृपालुदेव को निश्चय ही साक्षात प्रगट है, ऐसे महापुरुष ने यह मूलमार्ग लिखा है।

हम में से बहुत से लोगों ने सारी जिंदगी खूब खूब पढ़ा होगा, सुना भी होगा और इतने सालों तक धर्म के नाम से कुछ न कुछ अवश्य किया है, तो भी जो वास्तव में प्राप्त होना चाहिए, वह नहीं हुआ। उसका अर्थ यह हुआ कि जो मूलमार्ग नहीं, उसके हजारों शास्त्र पढ़े तो भी कुछ प्राप्त नहीं होता और जो मूलमार्ग है उस पर आधे से एक घंटा अगर अच्छी तरहसे विचार कर सके तो इतने में ही यह दशा प्रगट हो सकती है। समझ तो घंटे, दो घंटे में आ जाती है, उसके बाद उस पर गहरा चिंतवन - मनन और विचार करना है। इस तरह दो-पांच भव में अंतिम दशा प्राप्त हो सकती है और इसी भव में आत्मा से प्रतीति मिलती है। आत्मा का अधिक विकास होगा तो सात भव में कल्याण का कारण यानि कि मोक्ष का कारण जरूर हो सकता है।

शास्त्रों में यह भी लिखा है कि इस कलियुग में मोक्ष की प्राप्ति नहीं हो सकती; तो हम भी यही कहते है। आपको विश्वासपूर्वक कहते हैं कि एक घंटे में अमेरीका नहीं पहुँच सकेंगे मगर इस कलियुग में अमेरिका पहुँच तो सकते ही है। तो फिर इस काल में मोक्ष की प्राप्ति नहीं हो सकती ऐसा कहना भी सबसे बड़ी भूल है। आत्मज्ञान का जो कुछ भी पुरुषार्थ है, उसमें कम से कम १५०० साल तो लगेंगे ही। चौथे आरे में लोगों के लाखों साल के आयुष्य थे। ऋषभदेव भगवान की बात कहें तो १ लाख साल की दीक्षा पर्याय थी। यहां तो १५०० साल ही कहता हुँ। तो देह को भूल जाइए। अभी से पुरुषार्थ शुरु हो जाये तो विश्वास आएगा कि इतने सालों के बाद समकित की प्राप्ति होगी ही। और समकित को पूरा होते १५०० साल, थोड़े कम - ज्यादा होंगे।

सौजन्य : हेनल प्रतिक मालदे, मुंबई

मूल मार्ग की इन ११ गाथाएँ और ४४ लाइन में मोक्ष का पूरा मार्ग है।

मूळ मारग सांभळो जिन नो रे,
करी वृत्ति अखंड सन्मुख रे... (१)

अब इस दो लाइन को समझते, प्रेक्टीस में लेते और पुरुषार्थ करते शायद थोड़े साल बीत जाएँगे। बहुत लोग कहेंगे कि सालों से हम नियमित नित्यक्रम करते हैं, परम कृपालुदेव के पद गाते हैं और मूळमार्ग तो बहुतों बार गाया है। लेकिन यह विचार नहीं आता है कि 'मूळ मार्ग' नहीं मिला है। परम कृपालुदेव के एक - एक शब्द को अत्यंत गहराई, से हृदय यानि आत्मा से समझने जैसा है।

''मूळ मारग सांमळो जिन नो रे...

मोक्ष में गए है वैसे अरिहंत कहें, तीर्थंकर और केवली कहें उन्होंने जैसा कहा है वैसा मूळ मार्ग यहां सुनने की बात है। सिर्फ शब्द कहने से कुछ नहीं होता। ''जिन'' जब कहें तो जिन्हें अरिहंत कहें, तीर्थंकर कहें, जिनके पास ३५ अतिशय सिर्फ वचन के हैं, जो अपनी वाणी से मोक्ष का मार्ग पर्यायरुप से समजा सकें, उन्हें ''जिन'' कहेंगे।

चौबीस तीर्थंकरों में से किसी न किसी तीर्थंकरो से हम अवश्य ही मिले हैं। परंतु यही मोक्ष के दाता है, मोक्ष दे सकते है उस तरह से तीर्थंकरों को पहचाना नहीं।

जब ऋषभदेव भगवान थे, तभी जिस भाषा में इस मूळ मार्ग को वे समजाते थे, वह भाषा भी अलग ही होगी और उस वक्त सुननेवाले भी उसी भाषा के जानकार ही होंगे। उसके बाद ५००-७०० साल में भाषा बदल जाती है। यानि कि ऋषभदेव ने मोक्षमार्ग के लिए जो कुछ भी कहा होगा, उसे महावीरने उन्हीं शब्दों (भाषा) में नहीं ही कहा होगा। महावीर के समय की भाषा पाली थी, जो आज २५०० साल के बाद हमारी समझ में नहीं आती है। और जो लोग समायिक, प्रतिक्रमण और दूसरे पाली भाषा के पद फर्राटे से बोलते है लेकिन उनके अर्थ नहीं मालूम होते।

कहने का आशय यह है कि ५००-७०० साल के बाद भाषा में फर्क पड़ जाता है। इसलिए जो भगवान ऋषभदेव ने कहा है, वही बात भगवान महावीर की भी कही हुई है, फिर भी उस वक्त भाषा बिलकुल बदल गई हो और महावीर के २५०० साल के बाद परम कृपालुदेवने जब मोक्ष का मार्ग कहा हो तो भाषा भगवान महावीर की नहीं ही हो सकती, लेकिन उनका वही आशय समझे तो उस तरीके से मोक्ष की प्राप्ति हो सकती है। आज गुजराती भाषा में एक साधारण व्यक्ति समझ सके ऐसी भाषा में परम कृपालुदेव ने यह मोक्ष का मार्ग या मूळ मार्ग समझाया है। कुछ समय के पश्चात भगवान परम कृपालुदेवने मोक्ष का मार्ग जो समझाया है यह जो मार्ग है उसके शब्द जरूर बदलते जाऐंगे परंतु उसके मुल आशय का कभी भी छेदन नहीं होगा, नाश नहीं होगा।

ऋषभदेव भगवान या दूसरे २३ तीर्थंकरो से कुछ अलग परम कृपालुदेव ने कहा है और उनका मार्ग बिलकुल अलग है और जैनों का मार्ग अलग है, ऐसी जो समझ, विचारधारा या मान्यता है वह बिलकुल गलत है। क्योंकि भगवान महावीर को आज अगर यथार्थरुप से किसी ने पहचाना हो तो वे परम कृपालुदेव ही है। परम कृपालुदेव भगवान महावीर के शिष्य थे, वे कुछ अलग मार्ग दिखाये, यह क्या संभवित है? ◆

क्रमशः

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के मूल मार्ग रहस्य के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

SHRIMAD RAJCHANDRA

Vachanamrut Letter 128

Vavania, First Bhadra. Sud 6, 1946

Spiritually inclined brothers,

From the first Samvatsari till today, if any activity of my mind, speech or body in any manner whatsoever has caused you any disrespect, sorrow or disturbance, I again and again ask for your forgiveness.

At the age of 23, Param Krupaludev has addressed this Letter to mumukshus of Khambhat and it shows his humility. Despite having an amazing state of spiritual elevation, HE is asking for their forgiveness for any activity of mind, speech or body ever since realizing for the first time that he is a soul in this human birth in the present cycle of transmigration and from the first Samvatsari till this moment. During Paryushan, we should also have a similar aim and recalling each year till our present age, we must visualize all those incidents which had caused distress to people and ask for their forgiveness from the bottom of our hearts, keeping Param Krupaludev as a witness. Such forgiveness is beneficial and cancels impure runanubandh with other people.

Recollecting through inner wisdom, there cannot be a moment known or remembered when this soul has not been enslaved in the cycle of birth and death, was not plagued with determinations and dislikes (Sankalp-Vikalp) and as a result forgot the state of tranquillity. Continuously recollecting that is bringing immense dispassion (vairagya).

Recollecting through inner wisdom means when Param Krupaludev closes HIS eyes and remembers several of his past lives. HE had Jatismrutigyan (Knowledge of previous births) at the age of 7 years and now at the age of 23 the Jatismrutigyan would have developed a lot and many of his past lives would be Live in his inner vision and therefore HE concludes that there has been no era recollected when HIS soul did not transmigrate (Paribhraman).

The soul has been roaming in 84 lakh life forms since thousands of years and this is fresh in memory even today. What is the main reason for this transmigration? Recalling many past lives with inner knowledge (Matigyan), not a second has gone when this soul did not indulge in determinations (Sankalp) and dislikes (Vikalp). In other words, in a state of ignorance, our souls too have indulged in such thoughts as a result of which the transmigration since time immemorial is going on, forgetting the state of tranquillity (Samadhi). Samadhi implies equipoise in all situations, i.e. concerning our dear ones, our own physical ailments and problems of others. Due to the continuous disturbing sankalp-vikalp, equipoise has eluded. This recollection has led to immense dispassion.

I also recollect that while transmigrating due to such self-willed (swachand) behaviour, why didn't my soul acquire equanimity?

Why didn't I realize that being greedy, angry, proud and deceitful towards others is wrong and harmful? I ought to have realized that, yet did not and this again leads to dispassion for transmigrating any more.

While recollecting many past lives through inner wisdom, I think that during transmigration due to such Self-willed behaviour why didn't I acquire equanimity? Without the refuge of a Self-Realised Gyani, jiv (soul) has always lived according to his own whims and done whatever he feels is good and correct. In the past we also have never had the refuge of a true Gyani (self-realized person) and we have done religious practices by our own fancies, knowledge and understanding. How correct such an ignorant, foolish and self-willed person would be is worth reflecting. Behaving in this manner, why didn't jiv acquire equanimity? Param Krupaludev ponders that previously why didn't I have the understanding which I have in this life? Either I never met a self realized person and even though I may have met such a one, that HE can liberate me, end this cycle or give me eternal bliss was never thought of by me.

Recalling each year of our life till our present age, we must remember and visualize all those incidents which had caused distress to people and ask for their forgiveness from the bottom of our hearts, keeping Param Krupaludev as a witness. Such forgiveness is beneficial and cancels impure runanubandh with other people.

So many past lives have gone and in this life too, because of ignorance we feel happy expressing anger on others and justify it. Similarly, we behave with arrogance towards others and look down upon them. We exhibit our expertise and intelligence before others and underestimate them. Similarly, indulging in deceit, we try to take undue advantage of others. For example, while selling any goods, we charge more money in a way that the other person doesn't realize. A good salesman would do this repeatedly and take pride of his conniving skills. In this manner, while indulging in anger, pride, deceit or greed and bringing loss to others etc., why didn't I realize that it is totally wrong and unjustified? I should have realized this and this creates dispassion for still being enslaved in transmigration.

If the main reason behind transmigration of soul since time immemorial is not understood, it results in sorrow and unhappiness for all time to come. Today many people think that they are happy and joyous in every walk of life and hence what is the need to practise religion (spirituality)? When asked if they have taken birth or not, the answer will be yes. Was there death before birth took place? The answer will again be yes. It is a known fact that there was death before every birth we took. Thus, this soul has suffered the pain of birth and death. But right now, we do not experience it due to the layers of karma on our soul and our memory being clouded. The pain and suffering which our soul underwent

while being in the womb of mother or during death is totally forgotten. We think about this life only and feel happy and think there is no need to practise religion. Param Krupaludev says it brings dispassion to transmigrate after knowing all this. After understanding all this, the cycle of birth & death must stop.

I also recollect that without which I could not imagine living even for a moment, many such things (women etc.) have been left countless times and an endless period has elapsed since separation, yet I have lived without them and this is most astonishing. In other words, the feeling of affection during all such times was illusionary. Why did such affection happen? This gives rise to dispassion again and again.

Thinking deeply further, I recollect that things without whom I couldn't survive especially spouse and others, it has been a long time since separation from them but I am still surviving without them and is it not very astonishing? It means that such feeling of love towards them was illusionary. Why did such illusionary feeling of love happen? It again and again gives dispassion.

There are those who have an understanding of spirituality that there is soul within body and many times body and soul have got separated. When soul leaves the body, it is called Death. Thinking about it deeply, there is nothing like death. The soul takes birth again elsewhere leaving the dead body. Neither the body nor the soul get destroyed. All that happens is mere separation of body and soul. As we have no idea of soul that has left, family members cry and suffer in agony. The soul lives because of its own inherent characteristic of being eternal. It never dies and merely keeps on taking new forms of body leaving the old one. Men and women often promise each other that one can't live without the other. Param Krupaludev says that HE also had made such kind of promises in past lives.

Without the refuge of a Self-Realised Gyani, jiv (soul) has always lived according to his own whims and done whatever he feels is good and correct.

Today, I can see through my inner wisdom that the woman without whom I thought I will not be able to live has been living somewhere else since thousands of years. Even I have been living since thousands of years. Thus, whenever the feeling of love and attachment was there for anyone, it was merely an illusion and a strong attachment to the body. If we have even a little understanding of soul, we will appreciate the difference between happiness derived from soul and pleasures derived from a relationship with a man or a woman. If we think about this deeply, we well know that we have been transmigrating since time eternal and the reason behind this is the illusion towards this World. We can correct this mistake only when there is realisation of the soul.

Today we see new inventions like T.V., mobile phone, furniture etc. We purchase new things and derive pleasure from them which is temporary. We are saddened upon its wear and tear and even fear it may be stolen. An ignorant person feels whatever he has is the best. If one has even a slight understanding about happiness of soul, he would realize that

there is huge difference in happiness derived from soul and that from material things. There is the example of Sant Tulsidas. After marriage when his wife goes to her parents' house, Tulsidasji could not stay without her even for a day and goes to meet her. At night he climbs up to his wife's room using a rope. His wife was surprised as to how did he reach there so late. Tulsidasji replied he climbed holding a rope tied to window. His wife said she did not tie any rope there and switched on the light. She saw a snake hanging at her window. Now until it is not known that there is a snake, it would be thought of as a rope in illusion. Similarly, people think that they are happy until they realize that happiness that comes from 5 (five) senses is quite different from the happiness that comes from realisation of soul. Param Krupaludev says that whenever HE had feelings of love, they were illusionary and why did such illusionary feelings of love ever come? Why this illusion could not be understood in past so many lives? These thoughts bring dispassion. All material things in this world lead to bondage and are the reasons for transmigration. Only dispassion towards such illusion can liberate the soul.

Even if we can acquire little understanding of soul we can correct the mistake of deriving happiness from this material World. All material things in this world lead to bondage and are the real reason for transmigration. Only dispassion towards such illusion can liberate the soul.

Moreover, why was I born as a son, wife, servant, small insect in the house of the one whose face I didn't even want to see or whom I would never accept? It implies that such birth was due to hatred! And I had never wished that way! Tell me, on remembering this, will I not feel abhorrence towards this distressed soul? Yes, I feel so.

Param Krupaludev while remembering the past also recalls the feelings of hatred and not wanting to see the face of the person HE hated. Birth as a son, wife, domestic help or small insect in the house of the person whom I hated is because of these feelings of hatred. Don't I feel disgust towards this distressed soul of mine? Indeed I do. Many a times in anger we say I will never ever see your face again or talk to you. We behave with extreme hatred which leads to being born in next life as a slave or son or wife etc. of the person we hated and have to cajole him. If born as insect, cockroach, lizard etc. we are killed. Param Krupaludev could know all this because of Jatismritigyan. At the age of 10 years HE had Matigyan, Shrutgyan, Avdhigyan and Manaparyavgyan. If someone met HIM, HE could know what kind of relation that person had with HIM in past lives. ◆


AUM SHANTI: SHANTI: SHANTI:

To be continued

Note: This edited version of Param Pujya Premacharyji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર

એક સંશોધનાત્મક પ્રયાસ



પ્રસ્તાવિક

શ્રીમદ્ રાજચંદ્ર પરમ કૃપાળુદેવના અંતર ચારિત્ર વિશે કંઈપણ કહેવું એ સૂર્યને દિવો બતાવા સમાન છે. હુંડીયા અવસરપીણી કાળમાં, મુંબઈ જેવી મોહમયી નગરીમાં રહેતાં, ધમધોકાર વેપારમાં વ્યસ્ત રહેતાં ઉપરાંત ભગીરથ પુરુષાર્થ બળે લગભગ કેવળજ્ઞાનની દશાએ પહોંચેલા શ્રીમદ્‌ના અંતરાત્મ ચારિત્રને આત્મશોધ માટે પા પા પગલી ભરી રહેલા આપણે, કઈ રીતે આંકિ શકીએ? માટે, તેમને જ વિનંતી કરીએ કે તેઓજ આપણને તેમની આંતરિક ઓળખાણ કરાવામાં મદદ અને પ્રેરણા આપે.

પરમ કૃપાળુદેવના અંતરને સમજવા અને ઓળખવા માટે સૌ પ્રથમ તેમના પ્રત્યે પ્રેમ-ભક્તિ પ્રગટવી જરૂરી છે અને તે સદ્‌ગુરુની કૃપા વગર શક્ય નથી. માટે, પ્રત્યક્ષ ઉપકારીને પ્રાર્થના છે કે તેમની કૃપાદ્રષ્ટિ આપણને આપે અને આ સંશોધનાત્મક પ્રયાસ સફળ બનાવે!

શ્રીમદ્‌નું દૈહિક જીવન તો ફક્ત ૩૩ વર્ષનું જ હતું, પરંતુ તે અલ્પકાળમાં તેમના આત્માએ સંસારના કિચડમાં હોવા છતાં તેનાથી પર ઉઠી, બળવાન વૈરાગ્યવાન, ઉદાસીનપણે રહીને વાયુવેગે પરમાત્મા પદ પ્રાપ્ત કર્યું અને સાથે સાથે દાયકાઓના દાયકાઓથી લુપ્ત મોક્ષ માર્ગને પ્રકાશ્યો એ વિચારીએ તો અહો! અહો! સિવાય વાણી મૌન થઈ જાય છે. મહાન સત્પુરુષોની આ એક અદ્‌ભુત વિશિષ્ટતા છે કે જીવન ટૂંકું હોવા છતાં, તેમના જીવનમાંથી ગ્રહણ કરવા લાયક એટલું બધું હોય કે સામાન્ય જનને

તેમને સમજવામાં પૂરી જિંદગી અથવા ભવો લાગી જાય. સ્વામી વિવેકાનંદ, શંકરાચાર્ય વિગેરેએ હિન્દુ ધર્મનો પૂનઃ ઉદ્ધાર કર્યો. તે પણ શ્રીમદ્‌ની જેમ નાની વયમાં પોતાનું કાર્ય કરી ચાલી ગયા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનની નિર્મળતા અને લગભગ કેવળજ્ઞાનની સમીપ પહોંચેલા પરમ કૃપાળુદેવના સમસ્ત જીવનની પળો સતત આત્મિક ઉપયોગથી ભરેલી દેખાય છે. એક વૈજ્ઞાનિક જેમ કોઈપણ વિષય કે પદાર્થના રહસ્યને શોધવા, પોતાની આખી જિંદગી વ્યતીત કરી દે છે તેમ શ્રીમદે આત્મા અને તેની મુક્તિ માટે પોતાનું આખું જીવન વ્યતીત કર્યું. માટે, તેમને ખરા અર્થમાં ''આત્મ સંશોધક'' કહી શકાય. બીજી તરફ, સત્‌ધર્મનો ઉદ્ધાર અને જીવોને મૂળ મોક્ષ માર્ગે વાળવાની તીવ્ર ઉત્કંઠતા, તેમની અનંત કરુણાનો પૂરાવો આપે છે.

રાજા જનકની જેમ બાહ્ય અણીશુદ્ધ વ્યવહાર સાચવી, અંતરંગથી તદ્દન અસંગ, નિઃસ્પૃહ, નિર્લેપ રહી તેઓશ્રીએ અદમ્ય આત્મિક વિકાસ સાધ્યો અને મુમુક્ષુઓને લખેલાં પત્રો તથા સ્વયં સ્ફૂરીત કાવ્યોમાં સમસ્ત દ્વાદશાંગીનો અર્ક વારસારૂપે જીવોના કલ્યાણ અર્થે મુકતાં ગયા છે. સમસ્ત આધ્યાત્મિક સાહિત્યમાં શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃત એક વિશિષ્ટ, અદ્‌ભુત, ટૂંકું, તત્વથી લબોલબ અને ઉત્સાહ જગાડનાર સાહિત્ય કહો કે શાસ્ત્ર કહો, તે પણ ગુજરાતી ભાષામાં કદાચ જ જોવામાં આવે. જ્ઞાન માર્ગ, યોગ માર્ગ, કર્મ માર્ગ અને ભક્તિ માર્ગના મૂળ સિદ્ધાંતો એવી સુંદરતા અને બખૂબીથી તેમના વચનોમાં સમાયેલા છે કે તેનો ઉઘાડ થતાં આશ્ચર્યથી દંગ થઈ જવાય! વેદાંતની પણ કેટલીય બાબતો પર તેમણે અદ્‌ભુત પ્રકાશ પાડ્યો છે જેમ કે અધિષ્ઠાન વિશે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વ્યાખ્યાઓ વિગેરે વિગેરે. જ્ઞાન જેટલું અગાધ તેટલાં શબ્દો સરળ અને ટૂંકા! શ્રીમદ્‌ની આ નિરૂપમ શૈલી, અસામાન્ય લાક્ષણિકતા અને અપ્રતિમ જ્ઞાન ક્ષયોપક્ષમ તદ્દન નીરાળા છે, જે તેમને અન્ય મહાપુરુષો, સંત મહાત્માઓ વિગેરેથી વેગળા પાડી ઉત્તમ સ્થાને બિરાજમાન કરાવે છે.

આજે, તેમના જન્મના ૧૫૦ વર્ષ બાદ, દુનિયાના લાખો, કરોડો આત્મ આકાંક્ષી જીવો તેમણે પ્રરૂપેલા સિદ્ધાંતોને અનુસરી સ્વઆત્મ કલ્યાણના પુરુષાર્થમાં જીવન વ્યતીત કરી રહ્યા છે. ભારત અને વિદેશના કેટલાય શહેરોમાં તેમનાં નામના મંદિરો, આશ્રમો, સત્સંગ કેન્દ્રો વિગેરેમાં તેમની પૂજા-ભક્તિ વિગેરે થઈ રહી છે. પરમ કૃપાળુ દેવ, યુગપુરુષ, પરમ અલૌકિક સંત પુરુષ, જ્ઞાનાવતાર, કવિશ્રી, શતાવધાની, સમર્થ જ્યોર્તિધર, હિન્દના હિરા, સાક્ષાત સરસ્વતી વિગેરે વિગેરે કેટલીય ઉપમાઓ તેઓને જીવન દરમિયાન અને દેહાન્ત પછી પણ મળી છે. જેને તેમની જેટલી આત્મિક દશા સમજણમાં આવી તેટલી તેમની ઓળખાણ થઈ. પરંતુ આ બધા વચ્ચે એક વાત જે અત્યંત સ્પષ્ટ રીતે ઉભરાઈ આવે છે તે એ છે કે તેમણે દ્રઢતાપૂર્વક, અનુભવના આધારે કહ્યું છે કે, ''આત્મજ્ઞાન'' સરળ અને સુગમ છે; અને તેની પ્રાપ્તિનો એક માત્ર ઉત્તમોત્તમ ઉપાય છે એક વિદ્યમાન સત્પુરુષની શોધ, તેની ભક્તિ અને તેની આજ્ઞાનું રૂચીપૂર્વક આરાધન.

શ્રીમદ્‌નું અંતરાત્મિક જીવન સમજવા, પ્રથમ તેમની જીવનદ્રષ્ટિ સમજવી પડશે. તેમના જીવનમાં દેહનો ''અહં'' નષ્ટ થઈ આત્માનો ''અહં'' સ્પષ્ટ થયો છે. **(પ્રથમ દેહ દ્રષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ; હવે દ્રષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ...** રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૪૭ - વચનામૃત - આંક - ૨૬૬)

આ દ્રષ્ટિ ઉત્તરોત્તર ખુલતી ગઈ છે. એ જ એમના અંતર ચારિત્રનું રહસ્ય છે અને સત્‌ જિજ્ઞાસુ જીવો માટે મુખ્ય બોધ પણ આજ છે.

''છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.''

(ગાથા - ૧૧૫, શ્રી આત્મસિધ્ધી શાસ્ત્ર)

''ધન્ય રે દિવસ આ અહો!'' સ્વવૃતાંત કાવ્યમાં શ્રીમદે પોતે જ તેમના પોતાના જીવન અને આત્મિક

ઉન્નતિનો ચિતાર ખૂબજ ટૂંકમાં પણ ઘણો સ્પષ્ટપણે આપ્યો છે. તે સિવાય મુમુક્ષુઓને લખેલાં પત્રો, સ્વયં સ્ફૂરિત કાવ્યો, અન્ય લખાણો તથા જીવન પ્રસંગોમાંથી પણ તેમના આંતરિક જીવનના કંઈક દર્શન આપણને થાય છે.

શ્રીમદ્‌ના અંતર ચારિત્રને મુખ્યપણે ૪ તબક્કાઓમાં અવલોકી શકાય.

૧. બાળપણ-તરૂણાવય (વિ.સં. ૧૯૨૪-૧૯૪૧)

૨. ધર્મમંથન અને વૈરાગ્ય કાળ (વિ.સં. ૧૯૪૨-૧૯૪૬)

૩. શુદ્ધ આત્મજ્ઞાન અને વર્ધમાન થતી દશા (વિ.સં. ૧૯૪૭-૧૯૫૧)

૪. કેવળ લગભગ ભૂમિકા - દેહ વિલય (વિ.સં. ૧૯૫૨-૫૭)

૧. બાળપણ - તરૂણાવય (વિ.સં. ૧૯૨૪-૧૯૪૧)

... દશ વર્ષે રે ધારા ઊલસી, મટ્યો ઉદય કર્મનો ગર્વ રે;
ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે.

આ પહેલા તબક્કાનો સંક્ષિપ્ત ચિતાર કંઈક આ પ્રમાણે છે.

વય	વર્ષ	પ્રસંગ	સ્થિતિ	લખાણ
	૧૯૨૪	જન્મ	વવાણિયા	
૭	૧૯૩૧	જાતિસ્મરણ જ્ઞાન (૭૦૦ પૂર્વ ભવ)	વવાણિયા	
૮	૧૯૩૨	કવિતાઓ લખવાની શરૂઆત		૫૦૦૦ કડીઓ
૯	૧૯૩૩			રામાયણ - મહાભારત નાના નાના લેખો
૧૦	૧૯૩૪	જાતિસ્મરણ જ્ઞાન (૯૦૦ પૂર્વ ભવ) ધારશીભાઈ, હેમરાજભાઈ, માલશીભાઈ	જુનાગઢ રાજકોટ	
૧૧	૧૯૩૫			ચોપાનીયામાં લેખ શરૂ
૧૨	૧૯૩૬			ઘડિયાળ ઉપર ૩૦૦ કડી ૩ દિવસમાં
૧૩	૧૯૩૭	નિયમથી ખાનગીમાં નવા નવા વિષયોનો અભ્યાસ અંગ્રેજી ભાષાનો અભ્યાસ	રાજકોટ	
૧૬	૧૯૪૦	અવધાનની શરૂઆત-અષ્ટાવધાન	મોરબી	મોક્ષમાળાની રચના
૧૭		૧૨/૧૬ અવધાન ૫૨ અવધાન 'હિંદના હિરા' બિરૂદ	જામનગર બોટાદ	

હવે પછીના પ્રકરણોમાં તેમના અંતર ચારિત્રને જન્મથી શરૂ કરી વધુ વિશેષતાથી જોઈશું અને તેમના આત્મિક ગુણોના ગુણગાન ગાતાં ગાતાં, આપણામાં પણ તે ગુણો પ્રગટે એવી ભાવના ભાવીએ. **(ક્રમશઃ)**



Q બળવાન વૈરાગ્ય કેળવવા માટે શું કરવું ? કેવી જીવન શૈલી અપનાવવી જોઈએ ?

ઉત્તર : પ્રભુશ્રી પાંચ વર્ષથી વરસીતપ કરતાં હતાં એટલે કે એક દિવસ ખાવું, એક દિવસ ઉપવાસ; એમણે એ જ પ્રશ્ન કરેલો કે મારામાં સંયમ નથી તો કઈ રીતે મને સંયમ આવે ? મારા ગુરુએ મને કહ્યું છે કે તમે ઉપવાસ કરો એટલે કરું છું. તો પરમ કૃપાળુ દેવે એટલું જ કહ્યું કે લૂખુસુકુ ખાઓ એટલે કે ખાતી વખતે તમને મોઢામાંથી પાણી છૂટે, રસ આવે, સ્વાદિષ્ટ લાગે એ પદાર્થ ખાવાનું બંધ કરો. બસ, આટલું કહ્યું એમાં પાંચ વરસમાં જે સિદ્ધી ન થઈ એ માત્ર રસવૃત્તિને સંયમમાં લેતા આવી ગઈ. રસવૃત્તિનો સંયમ એટલે સ્વાદ વગરની વસ્તુ. ઘણા બધા લોકો એવા હોય છે કે એમને બેસ્વાદવાળી ગમે તેટલી વસ્તુ આપો, એ આઠ દિવસ ખાય તો મસ્તીમાં આવી જાય અને એ ભાવવા લાગે.

આ સંસારમાં ગમે તેવો સારો પદાર્થ તમને મળે ત્યારે એ પદાર્થનો તમે ઉપભોગ કરી શકો છો. ગમે તેટલી સમૃદ્ધિ કહેતાં રૂપિયા, પૈસા, બેન્ક બેલેન્સ વધી જાય તો એ વેચી નાખો એમ નથી કહેતાં પણ

મનની અંદર વિચાર માત્ર ન આવવો જોઈએ કે મારી પાસે આટલા પૈસા છે કે હું આટલો સમૃદ્ધ છું, ધનાઢ્ય છું. એ જ પ્રમાણે જે વસ્તુ તમને ખૂબ જ ભાવે છે એ પદાર્થ તમને મળે અને તમે ખાઓ તો પણ એક વિચાર ન આવવો જોઈએ કે આ બહું જ સારું છે, હજી મળે તો સારું. ભાવતી વસ્તુનાં એક-બે કોળીયા લીધા પછી એ પદાર્થ ખાવા ન મળે તો કંઈપણ અસર ન થવી જોઈએ. સંસારનાં બધા જ પદાર્થોનો ઉપભોગ કરી શકીએ છીએ પણ કોઈપણ પદાર્થની અંદર આસક્તિ ભાવ, મોહ ન જ રહેવો જોઈએ. પણ એવો વૈરાગ્ય આ ભવમાં અઘરો છે માટે શરૂઆતમાં ત્યાગ કરવાનો રહે. જે વસ્તુ ખૂબ જ સારી લાગે છે, જે બળવાન મોહનું કારણ છે એ પદાર્થનો અમૂક સમય સુધી ત્યાગ કરો અને એ સમય પૂરો થાય ત્યારે જેટલા દિવસ કે મહિનાનો ત્યાગ કર્યો છે એનું સાટું વાળવા રોજ બે-ત્રણ વાર નહીં ખાવાનું. યાદ ન રહેવું જોઈએ આ ત્યાગ કરેલો છે અને ત્યાર પછી પણ સંયમમાં રહેવાનો પ્રયત્ન કર્યા કરવાનો તો આ છે વૈરાગ્ય. કોઈપણ પદાર્થ ભોગવી શકો છો પરંતુ એમાં અંશમાત્ર મોહ કે આસક્તિ ભાવ ન રહેવો જોઈએ.

આ ભવમાં જે પુરુષાર્થ ન થાય ત્યારે અંદરથી એક એવો સંકલ્પ કરવાનો રહે કે બીજા ભવે, ત્રીજા ભવે, ચોથા ભવે ગમે ત્યારે પણ આ જ કરવાનું છે, આજથી પ્રયત્ન કરીએ. એવો વિચાર ન કરી શકાય કે ત્રણ ભવ પછી કરવાનું છે તો આવતા ભવે શરૂ કરીશું, તો એ તમારો બળવાન મોહ છે જે ક્યારેય તૂટશે નહીં.

આ સેકન્ડથી જ ત્યાગ વૈરાગ્યમય જીવન જોઈએ.

Q આત્મપ્રાપ્ત પુરુષને વાણી, વર્તન અને વ્યવહારથી કઈ રીતે ઓળખવા ?

ઉત્તર : આત્મપ્રાપ્ત પુરુષનાં ગુણો કે લક્ષણો કેવા હોય તે શાસ્ત્ર કે આગમમાંથી વાંચો. બીજે ક્યાંયથી સમજવામાં ન આવે તો આત્મસિદ્ધિમાં સત્પુરુષનાં પાંચ પ્રકારના લક્ષણ કહ્યાં છે એ વાંચી તેને ઊંડાણથી વિચારો. કૃપાળુદેવના વચનામૃતમાં પરિશિષ્ટમાં છેલ્લે વિષય સૂચિ આપેલી છે એમાં સત્પુરુષ શબ્દ સામે જે પાના નંબર આપેલા છે, એ પાનામાં સત્પુરુષ માટે શું લખેલું છે એ વાંચો, વિચારો. જે દશા એમાં કહેલી છે એ દશા તમને કઈ રીતે પ્રાપ્ત થાય એનો પુરુષાર્થ કરો. સત્પુરુષનાં જે ગુણો અને લક્ષણો છે એને તમે ઓળખો અને ગુણો તમારા આત્મામાં તો છે જ. સત્પુરુષનાં જે લક્ષણો છે એ બરાબર તમારી સમજમાં આવશે પછી તમે જોઈ શકો છો કે તમારામાં જે ૫-૧૫ ટકા ગુણો છે એ ગુણો જેનામાં ૬૦-૭૦ ટકા દેખાય તો એ સત્પુરુષ કે જ્ઞાની પુરુષ છે એમ સમજો. બાકી વાણી સાંભળી એને ઓળખી શકો કે વર્તનથી ઓળખી શકો એ સંભવિત નથી જ.

સત્પુરુષનાં ગુણો કેવા હોય એ સમજીને તમારે એની પ્રાપ્તિ કરવાની છે. એ પ્રાપ્ત કરતા કેટલી મુસીબત પડી કે કેટલાં વરસો લાગ્યા એ વિચારવાનું છે. પછી લાગે કે આખી જિંદગી પુરુષાર્થ કર્યો તો માંડ પાંચ ટકા એ ગુણો સમજાણા છે, પ્રાપ્ત નથી થયા. તો જેનામાં ૬૦-૭૦ ટકા આવા ગુણો રહેલા છે એનો પુરુષાર્થ કેવો હશે ? અને કેટલાં ભવોથી કરતાં હશે ? ત્યારે અહો ! અહો ! થશે. આ સહેલું નથી પણ બે - પાંચ ભવ સુધી પુરુષાર્થ કરીએ ત્યારે સત્પુરુષ ઓળખાય છે અને જોગ હોય તો સત્પુરુષ થઈ જવાય છે. ◆

સૌજન્ય : હર્મિસ જિતેન્દ્ર બાવીસી, ન્યુ મુંબઈ



■ **પૂર્ણિમા ગાંધી,** મુંબઈ

૧૯૯૨ની સાલમાં જુલાઈમાં, પર્યુષણ આવવાના થોડા દિવસ પહેલા જ અમુક કારણોસર મારે મુલુંડ રહેવા આવવાનું થયું. તે વખતે હું ખૂબજ અપસેટ હતી, અકળામણમાં જીવી રહી હતી. ત્યારે મારી ફ્રેન્ડ પૂજ્ય પપ્પાજી પાસે સત્સંગમાં જતી હતી. તે સત્સંગના વચનો મને કહેતી અને મને ખૂબ જ સારું લાગતું, શાતા પહોંચતી. સમજાતું કંઈ ન હતું પણ સાંભળવું ગમતું. અઠવાડિયા પછી પર્યુષણ સ્ટાર્ટ થયાં. એ સવારથી સત્સંગમાં ચાલી જતી. બે-ત્રણ દિવસ પછી મને પણ જવાની ઈચ્છા થઈ. તેણે બીજા મુમુક્ષુ સાથે ઓળખાણ કરાવી અને બપોરે સરયુબેન ત્યારે 'ઈષ્ટોપદેશ' કરાવતા હતા તેમાં હું જતી, અને રીટર્ન બધાં સાથે મુલુંડ, ટ્રેઈનમાં આવતા. ત્યારે મને જ્યોત્સનાબેન ઋણાનુબંધ સમજાવતા તે મને ખૂબજ ટચ કરતું અને એવું થતું કે મેં કંઈક પહેલા ખોટું કર્યું છે. આની પહેલાં તો મને મારા સંજોગોને કારણે, ભગવાન! મારી સાથે જ આમ કેમ થાય છે એમ જ થતું, તે બદલાયું.

'શાતા થોડી અશાતા ઘણેરી, એવો છે સંસાર,
જીવનમાં જ્યારે ઝાળ લાગે ને અંગે ઉઠે અંગાર,
છાંટે ત્યારે શીતળ પાણી, એવી મારા પ્રભુજીની વાણી.'

ત્યાર પછી સંવત્સરી પ્રતિક્રમણ પૂજ્ય પપ્પાજી સાથે કર્યું. છેલ્લે તેમને વંદન કરતી વખતે મારી ફ્રેન્ડે તેમની સાથે મારો પરિચય કરાવ્યો. કોન્ફીડન્સની શરૂઆત કરાવી દીધી.

મારા માટે આર્થિક ઉપાર્જન કરવું મહત્વનું હતું પણ એનાથી વધુ મહત્વનું મારા જેવા હાલતાં ચાલતાં મુડદામાં તેમના અને પૂજ્ય મમ્મીજીનાં પ્રત્યક્ષ સમાગમનાં યોગે પ્રાણ પૂરીને જીવંત બનાવી એ હતું.

તેમની કૃપાથી હું કેવી રીતે કામ કરતી, મોટા થેલાઓ ઊંચકીને બધે વેંચાણ માટે જતી, કેવી રીતે બધા સંજોગો ગોઠવાતા વિગેરે વિગેરે આજે પણ તેનો વિચાર કરતા આશ્ચર્ય લાગે કે આ બધું મારાથી કેવી રીતે થતું હતું! આ જ વસ્તુ જેમણે મને તે સંજોગોમાં જોઈ છે, તેઓને પણ ખ્યાલમાં હશે. આ વસ્તુ કોઈનાથી પણ એકલા હાથે થવી પોસીબલ નથી, પરંતુ મારા 'પ્રભુ' મારી સાથે પ્રત્યેક પળ હોવાનાં કારણે અશક્ય લાગતી વસ્તુ શક્ય થઈ.

''તેમની નિષ્કારણ કરૂણાને નિત્ય પ્રત્યે સ્તવવામાં પણ આત્મ સ્વભાવ પ્રગટે છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર

તેમની નિષ્કામ કરૂણા, યોગબળ, અનન્ય એવી કૃપા તેમજ દૂરંદેશીપણાને કારણે આજે પૂરો પરિવાર વીતરાગ પ્રભુના માર્ગે, જ્ઞાનીના આશ્રયે પુરુષાર્થ કરી રહ્યો છે, એનો આનંદ વેદાય છે.

''પ્રભુ તારા ચરણોમાં અમને તે લીધાં,
કરીને કરુણા અમોને તારી દીધાં.''

આ જ વસ્તુ ઘરની વ્યક્તિઓ તેમજ મા-બાપ કે બીજા ઋણાનુંબંધીઓ રોજના પરિચયમાં હોવા છતાં જાણી શક્યા ન હતાં કે મારી વ્યથા શું છે?

પૂજ્યશ્રી સાથેના પ્રત્યક્ષ સમાગમથી મારું નવું અને સાચું જીવન જીવવાનું શરૂ થયું. તેમની સાથે મારો કોઈ વ્યવહારીક પરિચય કે સંબંધ ન હતો પરંતુ આત્માથી આત્માનો સંબંધ હતો. તેમનાં નિષ્કામ પ્રેમ અને કરૂણાનાં કારણે ક્રમશઃ મારા જીવનની રાહ અને ચાહ બદલાતા ગયા. પૂજ્યશ્રીના સમાગમને કારણે મારામાં રહેલી નેગેટીવનેસ ઘટતી ગઈ અને કોન્ફીડન્સ વધતો ગયો. પહેલા આર્થિક પ્રોબ્લમને કારણે વર્તમાન અને ભવિષ્યમાં બાળકોને શું ખવરાવવું, શું ભણાવવું કે આગળ તેમનું એજ્યુકેશન વગેરે શું થશે એ સંતાપ મને પાગલ બનાવી દેતો; તેને તેમણે શમાવી (મિટાવી) દીધો. લાંબા રણની અંદર તેઓ મારા માટે એક મીઠા પાણીની વિરડી સમાન છે.

''રાગ નથી એને દ્વેષ નથી, એ છે પ્રેમનો પારાવાર,
નિશદિન એના આત્માથી વહેતી, કરુણારસની ધાર,
શાંતિ પામે સઘળા પ્રાણી, એવી મારા પ્રભુજીની વાણી.''

પહેલા નેગેટીવનેસ અને કોન્ફીડન્સ ન હોવાને કારણે આર્થિક ઉપાર્જન માટે જેટલી પણ મહેનત કરતી એ પ્રયત્ન નિષ્ફળ જતાં અને વેંચાણ માટેની વસ્તુ પડી રહેતા બોજો વધી જતો. માર્ગમાં આવ્યા પછી પણ કામ કરતી હતી. ત્યાર બાદ પૂજ્યશ્રીને મળી ત્યારે કહ્યું કે હવે થોડામાં ગમે તેમ કરી પુરું કરીશ પણ હવે મને કામ નથી કરવું કે જેથી મારો સત્સંગ મીસ ન થાય. ત્યારે તેમણે કહ્યું કે જે દિવસે તારી પાસે રૂપિયા ઓછા હશે કે નહીં હોય અને મહિનાનાં અમુક દિવસો બાકી હશે, ત્યારે તારાથી આર્તધ્યાન થઈ જશે. એટલે આર્તધ્યાન ન થાય માટે પણ ઉપાર્જન કરવું પડશે.

આ છે તેમની નિષ્કારણ કરુણા, પ્રેમ અને દૂરંદેશીપણું કે આર્તધ્યાનને કારણે તિર્યંચ ગતિના કર્મ હું બાંધુ નહીં. આ રીતે અધોગતિમાં પડતા આ આત્માને એમના યોગબળ ને વચનબળથી ઉગારી લીધો. હાલના ભવમાં જ પહેલા બાંધેલા કર્મફળને ભોગવતા આટલી તકલીફ થાય છે તો તેનાથી અનેક ગણી તકલીફ તિર્યંચના ભવમાં કેવી રીતે ભોગવી શકીશ? એ વિચાર માત્રથી તેમની નિષ્કામ કરુણાનો અહેસાસ થાય છે અને...

''અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો અહો! અહો! ઉપકાર.''

ત્યાર બાદ નપુ હોલમાં લગભગ ૧૯૯૫માં 'ચાંદની ક્રિએશન'નું એક્ઝીબીશન કર્યું. એના પહેલા પૂજ્યશ્રીને પૂછ્યું કે આ મારાથી થશે? અને તેમણે પ્રેમથી કહ્યું કે, ''હા, કર ને, ચોક્કસ થશે,'' બસ, આ પ્રેમભર્યા શબ્દો મારા માટે જીવંત બની ગયા. આ એક્ઝીબીશનમાં એમ્બ્રોયડરી સાડી, ટોવેલસેટ વિગેરે રાખવામાં આવ્યા હતાં. પહેલે જ દિવસે બપોર સુધીમાં આ ભરેલી સાડીઓ વગેરેનો સ્ટોક ખલાસ થઈ ગયો હતો. મુમુક્ષુઓ સિવાય બહારની વ્યક્તિઓએ જ આ ચીજો ખરીદી હતી.

પૂજ્યશ્રીને મળી ત્યારે હું ખૂબ જ માનસિક અને આર્થિક મુસીબતોમાં જીવી રહી હતી. તે વખતે આવી પરિસ્થિતિને કારણે મને એવું ફીલ થતું કે મારી માથાની નસો ફાટી જશે કાં હું ગાંડી થઈ જઈશ અથવા આત્મહત્યા કરી બેસીશ. મારી આ માનસીક હાલતની મેં મારી બેસ્ટ ફ્રેન્ડ કે જેના થકી હું માર્ગમાં આવી તેને જ જાણ કરી હતી. તે પણ એટલા માટે કે મને કંઈક થઈ જાય તો મારી પાછળ મારા બાળકોનું ધ્યાન રાખે. (આત્મહત્યા કરું અથવા ગાંડી થઈને રસ્તા પર રખડું તો ઘરે બાળકોને સાચવે - આ મારા તે વખતના વિચાર હતા) તેમજ આ સમયે માનસિક હાલતને કારણે હું ડીસીઝ ન પણ લઈ શકતી ન હતી. જેવી રીતે એક ડબ્બો પડ્યો હોય તેને ઉઠાવીને ક્યાં મૂકવો કે તેનું શું કરવું તેમજ બાળકો બુક્સ માંગે તો શું કરું? આપું કે ન આપું વિગેરે.. તે બધું મારી ફ્રેન્ડને પૂછીને કરતી હતી. આત્મવિશ્વાસ તો બિલકુલ ખોઈ બેઠી હતી.

આ ઉપર જણાવી તે વાત એના સિવાય મેં કોઈને કરી ન હતી. પરંતુ પૂજ્યશ્રીને જ્યારે પહેલી વાર માઉન્ટ યુનિકમાં મળી ત્યારે તેમણે મને જોતાં જ જાણી લીધી હતી અને બે - ત્રણ જણને આ બાબત જણાવી હતી, જેથી તેઓ મારી કાળજી રાખે કે હું કોઈ અવિચારી પગલું ભરી ન બેસું. એટલે જ કહે છે ને કે જ્ઞાનીને પહેલી વાર આપણે મળીએ ત્યારે સ્કેનીંગ થઈ જાય છે એટલે કે તેઓ આપણને પૂરેપૂરા ઓળખી લે છે.

૧૯૯૪નો આ પ્રસંગ છે. મોટાભાગની બધી જ મમ્મીઓની જેમ મને પણ મારો દીકરો એજ્યુકેશન તેમજ બીજી બધી વસ્તુઓમાં હોંશિયાર થાય, નંબર વન બને એ અપેક્ષા રહેતી હતી. તેમાં પણ ખાસ તો ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે મને ચિંતા થતી કે જો આ ભણશે નહીં તો એનું શું થશે? હોંશિયાર હોવા છતાં રમતમાં બધું ગુમાવે છે. રિઝલ્ટ ખરાબ ન આવે તે માટે તેને ટોક્યા જ કરતી જેના કારણે એક્ઝામ આપતી વખતે તેને મારો ડર લાગતો અને તે બધું ભૂલી જતો. તે અરસામાં પૂજ્યશ્રીએ મને, એ અપેક્ષાઓ સીમીત કરશો એમ જણાવ્યું. પૂજ્યશ્રીના કહ્યાં પ્રમાણે કરતા સમજાયું કે અનેક દોષોની ઉત્પત્તિ કરી, જે મેળવવાની કોશિશ કરતી હતી તે દૂર જતું હતું. દીકરાને ટોકવાનું બંધ કર્યું તો બીજાની તેમ જ પોતાની શાંતિ, સુખ જાળવી શકી. જ્યારે અપેક્ષા હતી તે સમયે સતત ભયમાં રહેતી તેમજ બીજાને પણ ભયમાં રાખતી. જે પહેલા કહેવા છતાં કરતો ન હતો તે હવે પોતાની મેળે કરવા લાગ્યો અને રિઝલ્ટ પણ સારું આવતું ગયું.

પૂજ્યશ્રીના આ એક વચનથી મારા આત્માના પરિણામ બદલાઈ ગયા અને સમજાણું કે વસ્તુ પાછળ ભાગવાથી વસ્તુ દૂર જાય છે અને છોડી દ્યો તો સામેથી આવીને મળે છે. ◆

સૌજન્ય : કનકબેન દિલીપભાઇ ગાંધી, જમશેદપૂર

જીવન ઝરમર

પૂજ્ય કુંવર મા પરમ કૃપાળુદેવના અનન્ય ભક્ત હતા. અત્યંત ધાર્મિક સ્વભાવવાળા પૂ. મા ની મુખમુદ્રા અત્યંત સૌમ્ય અને સ્નેહાળ હતી. તેઓ શાંત હતા અને તેમના સંગમાં આવનારને શાંતિ આપતા એટલું જ નહીં, પણ તેમનો સંગ કરનાર પણ ધીમે ધીમે શાંત બની જતા.

તેઓ જે કહેતાં તે પોતે અનુભવેલું, જીવનમાં ઉતારેલું જ કહેતા. ઘણી વખત કહેતાં કે આમ કરવાથી જ હું સુખી થઈ છું. ખરેખર કહું છું કે તમે પણ એમ વર્તો, શાંતિ રાખો, ધીરજ રાખો, ઉતાવળા ન થાઓ. જીવન અમૂલ્ય છે. મનુષ્યભવ મળવો મહા મુશ્કેલ છે. એવું મોંઘુ જીવન આમ ટોળ ટપ્પામાં વેડફી ન નાખો. જીવન જીવતાં શીખો. હું અનુભવથી કહું છું કે એમ કરવાથી તમો જરા પણ દુ:ખી નહીં જ થાઓ.

ચહેરો હંમેશા આનંદી રાખો. એક જ ભાવમાં રહો. આવા ઘડીઘડીના રંગ શા કામના! સુખ હોય કે દુ:ખ હો, સદાય શાંતિથી સહી લેવું. કોઈને કંઈ કહેવું નહીં. તેઓ કોઈને કદી કાંઈ કહેતા નહીં.

પોતાના જીવનનાં દાખલા ઘણી વખત આપતાં. ઘણી વખત પૂર્વે થઈ ગયેલાં મહાપુરુષોનાં જીવન સમજાવતાં. જ્યારે એવી વાતો સંભારે ત્યારે એમને પ્રભુ વિયોગનું ખૂબ દુ:ખ લાગતું અને પોતે ખૂબ રડી પડતાં. એમને એ એક જ દુ:ખ સાલ્યા કરતું કે હજુ પ્રભુ વિયોગે કેટલા દિવસ રહેવું પડશે? પ્રભુ વિનાનું એમનું જીવન એમને ખૂબ નીરસ લાગતું. બધાને શાંતિ આપવા પોતે આનંદી રહેતા, છતાં અંતરમાં ઉદાસીનતા ભરપુર હતી. શબરી, મીરાં એવા ભક્તો પ્રભુનાં ચરણમાં સમાઈ ગયા અને હું કેમ રહી ગઈ? એ એમને ખૂબ લાગી આવતું. કૃપાળુદેવ ક્યારે આવે અને ક્યારે મને લઈ જઈ તેમનાં ચરણ સમીપ રાખે એ એક જ એમના જીવનની ઈચ્છા, વાંછા કે ધ્યેય જે કહો તે હતા.

એમના ભજન, લખાણ, વાતચીત દરેકમાં કૃપાળુ દેવના વિયોગનું દુ:ખ તરી આવે છે. તેઓ ઘણી વખત કહેતાં, પ્રભુ કંઈ દૂર નથી. પણ આપણે તેને જોતાં જ નથી. જો દ્રષ્ટિ શુદ્ધ થાય તો પ્રભુ તદ્દન નજીક છે. દ્રષ્ટિ દોષ જાય તો પ્રભુ હૃદયમાં પધારે.

એક વખત સાંજના બધા બેઠા બેઠા વાતે ચડ્યા ત્યારે તેમણે કહ્યું, ''સ્ત્રીએ બાળપણમાં માત-પિતાની, યુવાનીમાં પતિની અને વૃદ્ધાવસ્થામાં પુત્રની આજ્ઞા અનુસાર વર્તવું જોઈએ. પતિને પરમેશ્વર તુલ્ય જાણી તેની ખૂબ સેવા કરવી જોઈએ. જેણે આ ભવમાં બધાની સેવા ભક્તિ નથી કરી, તેને મોક્ષ પ્રાપ્તિ ક્યાંથી થાય? સાચો ધર્મ એ છે કે બધાને શાંતિ આપી, બધાની સેવા કરવી અને પછી નિવૃત્તિ મળ્યે પ્રભુ ભક્તિ કરવી. પોતાની ફરજ ચૂકીને ગમે તેટલી પ્રભુ ભક્તિ કરશું પણ પ્રભુ નહીં જ મળે. ફરજ બજાવતાં થોડો વખત મળે તે શુદ્ધ ભાવે ભક્તિમાં ગાળશું તો પ્રભુ જરૂર મળશે. પણ સાથે સાથે પ્રમાદનો નાશ કરી ખૂબ જાગૃતિ રાખવી જોઈએ. જિંદગીની એક ક્ષણ પણ વ્યર્થ ન જ જવા દેવી.''

જીવનની એકક્ષણ પણ પ્રભુ સ્મરણ વિના તેઓ જવા દેતા નહીં. તેઓ કહેતા, 'પાંચ વર્ષની થઈ ત્યારથી આજ દિવસ સુધી બરાબર યાદ છે કોઈ પર ક્યારેય પણ ક્રોધ કર્યો નથી અને તેમ કરવાથી નુકશાન થયું નથી, બલ્કે ફાયદો થયો છે. તમો બધા પણ ક્રોધ ન કરો. ફરી ફરી કહું છું કે ક્રોધ ન કરો.'

એક વખત ખૂબ જ આગ્રહ કરવાથી તેમણે પોતાના જીવનની થોડી વાતો કહેલ.

'પાંચ વર્ષની થઈ ત્યારથી જ મને દમ લાગુ પડ્યો હતો. તેથી સ્કુલમાં ફક્ત બારાખડી ભણી અને પછી બીમારીને કારણે ભણવાનું છોડી દીધું. ત્યારથી જ મને પ્રભુ પર કોઈ પૂર્વના પુણ્યોને લઈને ખૂબ શ્રદ્ધા હતી. એ વખતે હું સામાયિક ખૂબ કરતી. બહુ ઉધરસ ઉપડે અને ન બેસાય, ત્યારે ખાટલામાં સૂતા સૂતા પંચ પરમેષ્ઠી મંત્રનો જાપ કરતી અને ઠીક હોય ત્યારે સામાયિક કરતી. નવ લાખ નવકાર ત્યારે ગણ્યા હતા.

મારી મા બહુ જ ભલી અને ભોળી હતી. તેની સાથે ઘણી વખત દર્શન કરવા જતી. દેરાસરમાં ભગવાન સામે અમે બન્ને મા-દીકરી જોઈ રહેતા. મા પૂછતી, 'કુંવર આ સાચા ભગવાન છે?' હું કહેતી 'હા, મા, સાવ સાચા ભગવાન છે.' આમ ઘણી વખત મા પૂછતી અને હું એજ જવાબ આપતી. એક વખત માએ સુવર્ણના પુષ્પો કરાવી પ્રભુને ખૂબ ભાવથી ચડાવ્યા હતા.

શ્રીમંત હોવા છતાં, નોકરોચાકરો હોવા છતાં મા જાતે જ બધું કામ કરતી. હાથે રોટલા બનાવી રોજ કુતરાને ખવડાવતી. નોકરો પર પુત્ર જેવો જ ભાવ રાખતી. જાતે દૂધના વાટકા તેમને પીવરાવતી. એવી ખૂબ દયાળુ મારી મા હતી. મારા પર બધા બાળકોથી વિશેષ વ્હાલ હતું.

જ્યારે સોળ વર્ષની થઈ ત્યારે મારા લગ્નની વાતો થવા માંડી. મેં ખૂબ આનાકાની કરી. માતા-પિતાને ખૂબ સમજાવ્યા, ખૂબ

રડી. દરરોજ કહેતી મને શા માટે પરણાવો છો ? હું માંદી ત્યાં જઈ શું કરીશ ? મારામાં ઘર ચલાવવાની શક્તિ ક્યાં છે ? હું જ્યાં જઈશ ત્યાં બધાને દુ:ખી કરીશ. મને પરણનાર સુખી નહીં થાય, કારણ દમ હજુ મટ્યો ન હતો, છતાં કોઈ માન્યું નહીં.

વેવિશાળ થયાં. પતિને પહેલાંના લગ્ન જીવનથી એક બાળક હતું. પહેલાંના વખતમાં લગ્ન સગપણ બીજાઓ કરતાં, તેથી લગ્ન બાદ જ્યારે હું ઘેર આવી ત્યારે જ પતિને ખબર પડી કે હું માંદી છું અને ઘર ચલાવવા અશક્ત છું. પણ મારું માને કોણ ?

તે વખતે પતિના ઘરની સ્થિતિ ઘણી નબળી હતી. એક અસ્વચ્છ ઘર, માટીના વાસણોમાં અનાજ અને ખોળામાં એક મા વિનાનો અસ્વચ્છ અને અસંસ્કારી બાળક આવ્યાં. હું બાળકની સાચે સાચી માતા બની ગઈ. તેની ખૂબ સાર-સંભાળ કરી સ્વચ્છ બનાવ્યું, ઘર પણ ઠીક કર્યું. પણ મારા પતિ તો નારાજ હતા. તેઓ બોલતા પણ નહીં, સામું પણ ન જોતા. જે પૂછે તેને કહેતા, 'એક ખાટલો ગયો અને બીજીનો આવ્યો.'

હું શાંતિથી સાંભળતી, મનમાં જરાય દુ:ખ ન થતું. એમ થતું કે સાવ સાચા છે, માંદી છું તે એમ જ કહેને ! મેં તો બાળકમાં લક્ષ પરોવ્યું. તેની પાસે વાર્તાઓ કરતી, તેને રમાડતી અને ખૂબ પ્રેમથી તેની સંભાળ રાખતી. એનું નામ જાદવજી હતું. જાદવજી એટલો બધો હળી ગયો કે એક મિનિટ પણ મને છોડતો નહીં. હું અને જાદવજી સેવ-મમરા ખાઈ પાણી પી લેતા. પણ કદી બેમાંથી કોઈ નારાજ થઈ ફરિયાદ ન કરતા, મનમાં ય ન લાવતાં.

આવી શાંતિ રાખવાથી અને જાદવજીના સંસ્કાર પણ સારા થયેલા જોઈ મારા પતિ પોતે જ છ મહિને બોલવા લાગ્યા. તેમને થયું કે બાઈ ઘણી સારી લાગે છે. હું જરાય લક્ષ નથી આપતો છતાં કાંઈ બોલતી નથી. છોકરા પર કેટલું વ્હાલ રાખે છે.

પછી વલણ ફરી ગયું. ત્યારબાદ સ્થિતિ પણ દિવસે દિવસે સુધરતી ગઈ. એમ કરતાં જાદવજી ૧૭ વર્ષનો થયો. તે ભણતો હતો ને દેશમાં બાપા બહુ જ માંદા થયા. તાર આવ્યો. હું જ્યારે પીયર જતી ત્યારે જાદવજીને લઈ જતી, પણ તેની પરીક્ષા તદ્દન નજીક હોવાથી પરીક્ષા બાદ તેને મોકલવાનું કહી હું કચ્છ આવી. તે ખૂબ રડ્યો. મારા વગર એક મિનિટ ન રહી શકતો. આઘાતમાં તેને તાવ આવ્યો. હું પાછી આવું તે પહેલાં જ જાદવજીનો દેહત્યાગ થયો.

મને ખૂબ દુ:ખ થયું પણ મેં ખૂબ શાંતિ રાખી. પણ મારા પતિથી આઘાત સહન ન થયો. એમનું હૃદય ઘણું જ કોમળ હતું, તેઓ ગાંડા જેવા થઈ ગયા. ખૂબ સમજાવ્યા છતાં તેમનું મન શાંત ન થયું.

પછી હું દરરોજ આડોશ પાડોશનાં બધાં છોકરાઓને ભેગા કરી ઘેર લાવતી. ખાવાનું મંગાવી મારા પતિના હાથે બધાને અપાવતી અને તેમને સમજાવતી કે એક જાદવજી ગયો પણ આ આટલા બધા આપણાં છે. દુનિયામાં કાંઈ જ આપણું નથી અને કાંઈ જ પારકું નથી.

દરરોજ રમકડાં, ખાવાનું મંગાવી છોકરાઓ સાથે તેમને બેસાડતી. આમ કરવાથી થોડા દિવસમાં જ દુ:ખ ભૂલાઈ ગયું અને આનંદમાં આવી ગયા.

જો કે પ્રકૃતિ હજી પણ કડક હતી. જમવા બેસે અને કાંઈ ફેરફાર હોય તો ઊઠી જતાં. પાણીમાં કચરો કે લોટામાં ડાઘ હોય તો સીધો ફેંકતા. જરાક કોઈ કાંઈ બોલે તો ખૂબ ક્રોધ આવી જતો. પણ તે વખતે હું કાંઈ ન બોલતી. નોકરોને એક બાજુ બેસાડી એમનું કામ જાતે કરી આપી શાંતિ આપતી. પછી જ્યારે આનંદમાં હોય ત્યારે સમજાવતી. હૃદયના બહુ સરળ હોવાથી તરત જેના પર ગુસ્સે થયા હોય તેની પાછી માફી માગતા. ઘણી વખતે નોકરોને પગે લાગી કહેતા, મારી ભૂલ થઈ અને તેમને ખૂબ દુ:ખ થાતું છતાં પ્રકૃતિ એકદમ કંઈ જતી નથી, પાછા ક્યારેક વળી ગુસ્સે તો થતા જ.

ત્યારબાદ એક હોમિયોપેથીક ડૉક્ટરની દવાથી ૨૦ વર્ષે મારો દમ મટ્યો. મારા પતિને એ દવા પર ખૂબજ શ્રદ્ધા બેઠી અને પોતે તે સંબંધી વાંચી અભ્યાસ કર્યો.

બાદમાં દેશમાં આવ્યા ત્યારે લગ્નને લગભગ દશ વર્ષ થયાં હશે. દેરાણી જેઠાણી બન્ને હતા. તેઓ હું ક્યાંક બહાર જાઉ ત્યારે મારા પતિને કહેતા, આમાં કાંઈ વળવાનું નથી. હું ઘણી વખત બધુ સાંભળતી પણ મૌન રાખતી. પણ ક્યારેક એમને સંતાન ન હોવાનું દુ:ખ જણાય છે એમ લાગ્યા કરતું પણ બોલતાં નહીં.

તે વખતે સ્થિતિ ઘણી સારી હતી. મોટા જેઠ ગુજરી ગયા હોવાથી આખા કુટુંબનું ખર્ચ મારા પતિ ચલાવતા. તેઓ પરદેશ હોવાથી હું દેશમાં રહી બધાની ખૂબ સેવા કરતી. મોટા કુટુંબમાં બધાની પ્રકૃતિ સરખી ન જ હોય તેથી ખૂબ સહન કરવું પડતું. પણ કદી કોઈને જણાવા દીધું ન હતું. બધાં ખૂબ ઈર્ષ્યા કરતાં અને જાણી જોઈને વાંકું બોલતાં પણ પ્રભુ કૃપાથી મનને અસર ન પહોંચતી.

લગ્ન બાદ ૧૧ વર્ષે દીવાળીબેનનો જન્મ થયો. દીવાળીના દિવસે જ જન્મી તેથી એ નામ પાડ્યું. મારા પર ખૂબ ખુશ હતા. પ્રકૃતિ પણ ખૂબ શાંત થતી ગઈ. શરીર બન્નેના તંદુરસ્ત તો ન જ રહેતા. અવારનવાર કાં હું કાં તેઓ, કંઈ ને કંઈ માંદગી ભોગવ્યા કરતા. તેમને હરસની વ્યાધિ હતી. બાદ બીજા સાત વરસે પુત્ર જન્મ થયો. એમને બહુ જ આનંદ થયો. એ અરસામાં હું રાત્રે જાગી પ્રભુભક્તિ કરતી. દિવસે બધાની સેવા કરતી. બન્ને ભાઈબેન દિવસે દિવસે મોટા થતા ગયા. ◆ (ક્રમશ:)

નવકાર મંત્ર

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વ સાહૂણં।

એસો પંચ નમોક્કારો, સવ્વ પાવ - પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં

નમો અરિહંતાણં: અરિહંતોને નમસ્કાર

નમો - નમસ્કાર
અરિ - શત્રુ
હંત - હણનાર

- જેઓએ દ્રવ્યથી ૪ ઘાતી કર્મનો નાશ કર્યો છે, તથા ભાવથી મિથ્યાત્વ, રાગદ્વેષરૂપી ભાવશત્રુનો સંપૂર્ણપણે નાશ કર્યો છે, એવા સદેહી, વીતરાગ પ્રભુને નમસ્કાર હો. એમના અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ, અનંત વીર્ય ને નમસ્કાર હો.
- અરિહંત ભગવંતના ૧૨ ગુણ, ૩૪ અતિશય તથા વચનના - વાણીના ૩૫ ગુણો હોય.

એમને ૩૪ અતિશયો હોય છે જેમકે:

- શરીરને માટી, મેલ વગેરે ચોંટે નહીં.
- લોહી દૂધ કરતાં પણ ઉજ્જવળ અને મીઠું, સ્વાદિષ્ટ હોય.
- શ્વાસોશ્વાસમાં પદ્મકમળ કરતાં વધારે સુગંધ આવે.

વચન-વાણીના પણ ૩૫ ગુણો હોય જેમકે:

- 'રે', 'તુ' ઈત્યાદી તુચ્છતારહિત સાદા અને માનભર્યા વચન બોલે.
- એમના વચનો અર્થરૂપે હોય છે, જેમાં શબ્દો થોડા અને અર્થ વિસ્તૃત હોય છે.
- દરેક બાબત કથારૂપે એટલી સ્પષ્ટતાથી કહે કે નાનું બાળક પણ સહેલાઈથી વસ્તુને સમજી શકે.

નમો સિદ્ધાણં : સિદ્ધો ને નમસ્કાર

- સિદ્ધ એટલે ઘાતી અને અઘાતી બન્ને પ્રકારનાં કર્મ અર્થાત્ આઠે કર્મોનો નાશ કરીને સિદ્ધશીલા / મોક્ષમાં બિરાજમાન છે. એવા સિદ્ધ ભગવાનના પરમ શુદ્ધ આત્મસ્વરૂપને નમસ્કાર હો.

નમો આયરિયાણંઃ આચાર્યોને નમસ્કાર

- આચાર્ય એટલે જેઓ ૩૬ ગુણના ધારક છે, એવા સર્વ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ જે પોતે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વિર્યાચાર-આ પાંચ આચારોનું પાલન કરી અન્યને પાલનની પ્રેરણા આપનાર છે. એવા સમજણ સહિત ઉત્તમ આચરણવાળા આચાર્ય ભગવંતને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

નમો ઉવજ્ઝાયાણં : ઉપાધ્યાયો ને નમસ્કાર

- ઉપાધ્યાય એ જે સ્વયં આગમ-સિદ્ધાંતોને ભણે અને બીજાને ભણાવે, તેમજ શંકાઓનું શાસ્ત્ર સંમત સમાધાન કરે. ઉપાધી ટાળીને સમાધિ આપે, તેવા તત્વના સાચા મર્મ સમજવાની અને સમજાવવાની શૈલીવાળા ઉપાધ્યાયને નમસ્કાર હો.

૫ મહાવ્રતઃ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના પાળનાર હોય

નમો લોએ સવ્વ સાહૂણંઃ સર્વ સાધુઓને નમસ્કાર

લોએ - લોકમાં

સવ્વસાહૂ - સર્વ સાધુઓને

સર્વ લોકના સાધુ અને સાધ્વીઓ અર્થાત જે સર્વ એવા વૈરાગ્યભાવને પ્રાપ્ત કરી સળગતા સંસારનો ત્યાગ કરી, દીક્ષા અંગીકાર કરીને અરિહંત ભગવાનની આજ્ઞાનુસાર એકાંત આત્માના હિત માટે પાંચ મહાવ્રત, પાંચ સમિતી, ત્રણ ગુપ્તી આદિ શ્રમણધર્મનું જીવનપર્યંત પાલન કરનાર એવા શ્રી સાધુ અને સાધ્વીઓના બળવાન ત્યાગ અને વૈરાગ્યને પ્રણામ હો.

અરિહંત ભગવંતના	=	**૧૨ ગુણ**
સિદ્ધ ભગવંતના	+	**૮ ગુણ**
આચાર્યના	+	**૩૬ ગુણ**
ઉપાધ્યાયના	+	**૨૫ ગુણ**
સાધુના	+	**૨૭ ગુણ**

ભગવાનના ૧૦૮ ગુણ જે એમનામાં સુશોભિત છે.

ગુરુ પૂર્ણિમા મહોત્સવ



અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ,

કરૂણાસિંધુ અપાર;

આ પામર પર પ્રભુ કર્યો,

અહો ! અહો ! ઉપકાર.

તા. ૨૦ થી તા. ૨૨ જુલાઈના ત્રણ દિવસ રાજનગરની ધરતી પર આભમાંથી વરસતી વર્ષાની હેલીની સાથે સાથે સદ્‌ગુરુ કૃપાની અનરાધાર હેલી વરસતી હતી અને સર્વ મુમુક્ષુઓ એમાં ભીંજાઈને પોતાના જીવન સાફલ્યતાનો અહેસાસ કરી રહ્યા હતાં.

આપણા શ્રી ગુરુ, પરમ પૂજ્ય શ્રી પ્રેમાચાર્યજીના અનંત ઉપકારોનું ઋણ ચૂકવવાનો મુમુક્ષુઓને સોનેરી અવસર મળ્યો હતો. પોતાના અદ્‌ભુત ઉપદેશ બોધ દ્વારા આત્મદ્રષ્ટિ કરાવી, મોક્ષ માર્ગની મંઝીલનો માર્ગ દેખાડનાર અને આપણી આંગળી પકડી એની ઉપર આપણને ચલાવનાર આપણા સહુના પરમ ઉપકારી, પરમ વીતરાગી પ્રભુ, પરમ પૂજ્ય પપ્પાજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

પ્રથમ દિવસે સવારથી જ રાજનગરની ભૂમિ પર ચહલ પહલ વર્તાઈ રહી હતી. અલગ અલગ સેન્ટરથી મુમુક્ષુઓ પધારી રહ્યાં હતાં. એમના મુખ પર પોતાના શ્રીગુરુને મળવાનો અનેરો આનંદ વર્તાઈ રહ્યો હતો. સમોવસરણની રચના સહિતના વિશાળ શામિયાણામાં પ્રભુના આગમનનો ઈંતેજાર પૂરો થયો. અને આખરે એ ઘડી આવી ગઈ. પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી અને પૂજ્ય નિલેશભાઈએ પગલા પાડ્યા અને સહુના હૈયા બોલી ઉઠ્યા,

'પ્રભુ ! તારા પગલા પડ્યા ને સૂરજ ઉગ્યો.'

પૂજ્ય નિલેશભાઈએ ગુરુપૂર્ણિમાના દિવસનું મહાત્મ્ય વર્ણવતાં કહ્યું, ''ગુરુપૂર્ણિમા એટલે શિષ્ય માટે ઉજવણીનો સર્વોત્તમ પવિત્ર દિવસ. જે સુશિષ્ય પોતાના શ્રી ગુરુના ચરણોમાં તન-મન-ધનથી, મન-વચન-કાયાથી, પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાથી પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે, સદ્‌ગુરુ એના ભાવનો સહર્ષ સ્વીકાર કરે છે, એ દિવસ શિષ્ય માટે અલૌકિકતાનું વરદાન લઈને આવે છે.

કહેવાય ગુરુપૂર્ણિમા અને દિવસ શિષ્યનો ઉજવાઈ જાય એ 'રાજ'ની વાતનો 'રાઝ' એ છે કે સર્વાપણાતા સાથે સુશિષ્યને શ્રી ગુરુના હૃદયમાં સ્થાન મળી જાય છે અને એના આત્માનો વિકાસ વેગ પકડે છે. અહીં શ્રી ગુરુ પણ એ લક્ષ રાખે છે કે જે પરમતત્વ શિષ્યને પ્રાપ્ત થાય એમાં એને કર્તાપણાનો ભાવ ન રહે. બીજા શબ્દોમાં કહીએ તો શિષ્ય માટે, ગુરુપૂર્ણિમાનો દિવસ એ સદ્‌ગુરુની કૃપાના લાભનો દિવસ છે.

મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે. સુશિષ્યને આત્માના ગુણોનું જ્યારે સદ્‌ગુરુમાં દર્શન થાય છે ત્યાં એમનું નિર્વિકારીપણું, મુનિપણું, વીતરાગતા દેખાય છે અને શ્રી ગુરુના યોગથી, પોતાની દશા પ્રમાણે જીવ ક્રમસર આગળ વધે છે. વિનયી શિષ્યના હૃદયમાં સતત એ ભાવ હોવા જોઈએ કે મને જે કાંઈ પ્રાપ્ત થયું છે એ એમની કૃપાથી જ પ્રાપ્ત થયું છે. પોતાનું અસ્તિત્વ મટી જઈ સાક્ષાત સદ્‌ગુરુ જ હાજર હોવા જોઈએ.''

પોતાના અસ્તિત્વને ભૂલી જઈ, ગલિત કરી, સદ્‌ગુરુની કૃપાને વરનાર પૂજ્ય નિલેશભાઈએ ગુરુપૂર્ણિમાનું મહાત્મ્ય પોતાની સરળ અને સ્પષ્ટ વાણીમાં પ્રકાશ્યું હતું.

પૂજ્યશ્રીએ પોતાની પ્રશમરસ ભરપૂર વાણીથી સર્વ પ્રથમ શિક્ષાપાઠ - ૮૧ના પંચમકાળનું વિવેચન કર્યું. એમણે કહ્યું, ''દિવસે દિવસે કાળના પ્રભાવે અનેક દુર્ગુણો પ્રગટ દેખાઈ રહ્યાં છે. કાળના બદલાવ સાથે જીવની વૃત્તિમાં, સમજણમાં પણ ફેરફાર થતો હોય છે. આજે ગમે એટલા આગમ કે શાસ્ત્રોનું વાંચન કર્યું હોવા છતાં એક પણ જીવ ભગવાન મહાવીરના બોધને યથાર્થ રીતે સમજી શક્યો નથી.

પોતાના સમયમાં પરમ કૃપાળુ દેવ જબરદસ્ત ક્રાંતિકારી હતાં. ''મારામાં અને મહાવીરમાં જ્ઞાનની દ્રષ્ટિએ કોઈ ફરક નથી. જેવું સર્વજ્ઞપણું ભગવાન મહાવીરનું હતું, લગભગ એવું સર્વજ્ઞપણું અમારી પાસે છે,'' આમ કહ્યાં પછી મહાવીરના સમયમાં જે હતું એમાં આજના સમયને અનુરૂપ ફેરફાર કરી, ૨૫૦૦ વર્ષથી ચાલી આવતી કેવળજ્ઞાનની વ્યાખ્યા કરતાં અલગ રીતે, સત્તને જાણીને કેવળજ્ઞાનની વ્યાખ્યા આપી.

ભગવાન મહાવીરે કહેલી કોઈ ક્રિયાઓ ખોટી નથી અને પરમ કૃપાળુ દેવે પણ એનો નિષેધ નથી કર્યો પણ ક્રિયા કરવા પાછળના મિથ્યા ભાવનો નિષેધ કર્યો છે. આત્મલક્ષે જે કરાય છે એ ક્રિયાઓ કરવાની હોતી નથી, થઈ જાય છે. 'હું ક્રિયા કરું છું' એમ માનીએ ત્યાં કર્મબંધન છે. આત્મલક્ષે થઈ જતી હોય તો સમ્યક છે.

જ્યારે વસ્તુ આત્મસાત થાય ત્યારે આત્મા પોતે એને સમજે છે. એક સિદ્ધાંત પણ જો આત્માથી સમજાય તો જ્ઞાનના આવરણો તૂટી જ્ઞાન નિર્મળ થતું જાય અને બધા સિદ્ધાંતો પોતાની મેળે સમજાતાં જાય.''

પંચમકાળના પ્રભાવની પૂર્વભૂમિકા આપ્યા પછી પૂજ્યશ્રીએ એની ધર્મ ઉપર થયેલી અસરનું વર્ણન કર્યું. એમણે કહ્યું, ''પંચમકાળમાં નિગ્રંથ પ્રવચન ઉપર મનુષ્યની શ્રદ્ધા ઘટતી જાય છે. જેમણે રાગ-દ્વેષને સંપૂર્ણપણે ક્ષય કરેલા છે એવા પરમ વીતરાગી નિગ્રંથનો બોધ સાંભળવા આજે કોઈ તૈયાર નથી. સાચા જ્ઞાની કોને કહેવાય એ આજના કહેવાતા મહાન આચાર્યોને પણ ખબર નથી. પરમ કૃપાળુ દેવના સમયમાં, જૈન આચાર્યોએ એમનો બહિષ્કાર કરેલો. ધર્મના મૂળ તત્ત્વમાં પણ મતમતાંતર વધતાં જાય છે કારણ કે સત્ તત્ત્વની કોઈને સમજણ નથી. સાચુ સામાયિક શું છે, સાચી ક્ષમાપના કેવી રીતે

સૌજન્ય : એક મુમુક્ષુ, બેંગ્લોર

કરાય (જેનાથી નરકનું આયુષ્ય પણ કેન્સલ કરી શકાય) એ પણ જીવને ખબર નથી.

જે ધર્મની સાચી સમજણ નથી એ ધર્મ જીવ કઈ રીતે પામી શકે ? એવી રીતે કરાતાં ધર્મથી જીવ વધારે કર્મબંધન કરે છે.

એટલે પંચમકાળમાં લક્ષ એ રાખવાનો છે કે સત્‌ધર્મ કઈ રીતે કરી શકીએ ? આપણી ભૂલ એ થાય છે કે 'હું પણ આવો થઈ શકું છું' એવો વિચાર ન કરતાં માત્ર જાણકારી ભેગી કરીએ છીએ. અંદરમાંથી એ ભાવ ઉત્પન્ન થાય કે 'કોઇ પણ રીતે મારે આવા થવું છે' તો ચોક્કસ થઈ શકે એ જ્ઞાનીનું વચન છે. એના માટે અત્યંત બળવાન પુરુષાર્થ જોઇએ અને પુરુષાર્થ માટે તીવ્ર ઝૂરણા જોઈએ. ભવરોગનો ખેદ થાય, એના માટે તીવ્ર ઝૂરણા રાત દિવસ થાય અને આંખમાંથી પાણી જાય તો ગમે તેટલો ભ્રષ્ટ થયેલો આત્મા અગુરુલઘુગુણના કારણે પોતાના મૂળભૂત સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. કારણ કે નિયમને અનુસાર આત્મામાં રહેલા ગુણો ક્યારેય ઓછા થતાં નથી... માત્ર આવરણ આવી જાય છે.

કોઈપણ કાળમાં આપણી વિચાર શક્તિ સ્વતંત્ર છે. પ્રાપ્ત કરવાના ભાવ ફક્ત મનુષ્યભવમાં જ સંભવ છે. આ કારણથી મનુષ્ય જે ધારે તે કરી શકે છે. સાતમી નરકનું કર્મ પણ બાંધી શકે છે અને પંચમ ગતિનું કર્મ બાંધી મોક્ષે જઈ શકે છે. એટલે 'હું દેહ નથી, આત્મા છું' એવા લક્ષ સાથે બધા કાર્યો થવા જોઈએ. વારંવાર આવા ભાવ કરતાં આત્માને આવડી જાય તો આત્માને એ કર્મરૂપે ચોંટી જાય અને એનું ફળ મળે જ.

પણ આપણે મનુષ્યભવનું મહાત્મ્ય સમજતાં જ નથી. આખા દિવસમાં દશ મિનિટ પણ આપણે આપણા આત્મા અર્થે વ્યતીત નથી કરતાં એનું કારણ સંસારનો મોહ છે. બળવાનપણે મોહને કાપવાનો પુરુષાર્થ થાય તો સત્‌ની પ્રાપ્તિ સંભવ છે. આપણા આત્માને એવો જાગૃત કરવાનો છે કે ગમે તેવા કપરા સંજોગોમાં પણ લડત આપી જીતી શકાય. મોત આવે તો પણ ડગવાનું નથી. પંચમકાળમાં જે દોષો દેખાતા હોય ત્યાં કાળનો પ્રભાવ છે કોઈ વ્યક્તિનો દોષ નથી.''



કાળના પ્રભાવે બદલાઈ ગયેલી બ્રહ્મચર્યની વ્યાખ્યાને પૂજ્યશ્રીએ સમજાવતાં કહ્યું, ''બ્રહ્મચર્ય એટલે આત્મામાં વિચરવું. વાસના દેહને હોય છે, આત્માને નહીં. એટલે જ્યારે આત્મામાં જ વિચરતાં હોઈએ ત્યારે દેહભાવ ગલિત થઈ ગયો હોય છે. ત્યાં મોહ નથી હોતો એટલે બ્રહ્મચર્ય સાહજિક હોય છે.''

પંચમકાળનું વિવેચન પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ જૈન ધર્મમાં ગુરુ શિષ્યના અદ્‌ભુત દ્રષ્ટાંતરૂપ ગૌતમસ્વામી ઉપરના વિવેચનનો શુભારંભ કર્યો. ''અત્યાર સુધીમાં થઈ ગયેલા સર્વ ગુરુઓમાં ઉત્કૃષ્ટ અને મહાન ગુરુ કોઈ હોય તો તે ગૌતમ સ્વામી છે.

ગુણગુણના ભંડાર સમા ગુરુ ગૌતમને આઠ પ્રકારની રિદ્ધિ અને ૨૮ પ્રકારની લબ્ધીઓ પ્રાપ્ત હતી. મગધ દેશના બિહારમાં ગોબર (કુંડલપુર) નામનું નાનુ ગામ વિદ્વાનોની ખાણ સમાન હતું. યજ્ઞ ક્રિયાના પંડિતો એ ધરતીના કણ કણમાંથી પાક્યા છે. વસુભૂતિ નામના બ્રાહ્મણ એ ભૂમિ પર જન્મ્યા હતાં. તેમને ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ નામે શાંત, તેજસ્વી, વિદ્યા, ધર્મ અને પવિત્રતાના સંગમ સમા ત્રણ પુત્રો હતા. વિદ્યાધન જ એમની સંપત્તિ અને વ્યવસાય હતા. ત્રણેય ભાઈઓ દિગ્ગજ પંડિતો હતાં. સેંકડો વિદ્યાર્થીઓ એમની પાસે રહીને વિદ્યાનું અધ્યયન કરતા બ્રહ્મચર્યાશ્રમની સાધના કરતા હતાં.

ગુરુ, 'ગુરુગમ' બધાને શીખડાવતા નથી, 'માસ્ટર કી' પોતાની પાસે જ રાખે છે. આવા ગુરુના વાત્સલ્યનું પાન કરી શિષ્ય પણ કૃતકૃત્ય થઈ એમને આદરમાન આપે છે અને પોતાનો શિષ્ય તત્વમાં આગળ વધે એવો જ લક્ષ ગુરુને હોય છે.

જ્યારે અનહદ પ્રેમ ગુરુને શિષ્ય કરે છે ત્યારે ગુરુની કોઈપણ ખોટી વાત શિષ્ય માની લે છે અને ગુરુની જે વાત ખોટી લાગે છે ત્યાં જ મોક્ષમાર્ગનું સીક્રેટ છૂપાયેલું હોય છે. આવો શિષ્ય, ગુરુ પોતાનું ગળુ કાપતા હોય એમાં પણ પોતાનું કલ્યાણ સમજે છે.

ઈન્દ્રભૂતિ (ગૌતમ સ્વામી) ભગવાન મહાવીર કરતાં ૮ વર્ષ મોટા હતા. એમની કાયા પડછંદ અને પ્રત્યેક અંગ સોહામણા હતાં, છતાં પણ એમની દ્રષ્ટિ ક્યારેય પોતાના દેહ પરત્વે ન હતી એટલા નિરાગી હતા. તેમનો લક્ષ માત્ર પોતાની જીવન સાધના પ્રત્યે હતો. તેઓ કોઈપણ પ્રકારની તૃષ્ણાથી અલિપ્ત હતા. અંતરંગ વૈરાગ્ય તો ભગવાન મહાવીરને મળ્યા પહેલા જ પ્રગટ હતો. શિષ્યની ઉત્કૃષ્ટતા હતી અને તપસ્વી જેવું જીવન હતું.

આ શરીર આપણને મળેલું છે ફક્ત પૂર્વ બાંધેલા કર્મોના ફળ ભોગવવા માટે. એ કર્મો ભોગવતી વખતે નવા કર્મો ન બંધાય એનો લક્ષ રહેવો જોઈએ. એક વાર સિસ્ટમ ખબર પડી ગઇ, મશીન ગોઠવાઈ જાય તો પછી મશીન કામ કર્યા કરશે, કર્મની નિર્જરા ચાલ્યા કરશે અને થોડાંક ભવોમાં મુક્તિનું કારણ થશે. આ દેહનો ઉપયોગ શું છે એ આપણે ક્યારેય ભૂલવા જેવું નથી.

મહોત્સવના બીજા દિવસે જે જે મુમુક્ષુઓને આગમસાર પોથી મળી છે એમને ધ્યાનની અદ્‌ભુત ક્રિયા દ્વારા રીચાર્જ કરાવવામાં આવી. સાંજે સહુના હૃદયને સ્પર્શે એવી સરસ 'સ્પર્શ' ભક્તિ થઈ જેમાં સહુ આનંદથી ઝૂમી ઉઠ્યા અને પૂજ્યશ્રી પ્રત્યેના પોતાના ભાવ સુંદર પદો દ્વારા માણ્યા.

અંતિમ દિવસે ચાતુર્માસ પ્રારંભની બાધાઓ સર્વેએ પોતાની યથાશક્તિ લીધી અને વૈરાગ્યભાવની વૃદ્ધિનો પુરુષાર્થ આરંભી દીધો.

સર્વે મુમુક્ષુઓ પોતાની આત્મસાધના વૈરાગ્યમય બનાવે એવા ભાવથી છૂટા પડ્યા. ◆

કોલકાતા સેન્ટર મધ્યે ગુરુ પૂર્ણિમા મહોત્સવનું આયોજન



શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર, પર્લીના કોલકાત્તા સેન્ટર મધ્યે ગુરુ પૂર્ણિમાના ઉપલક્ષે ત્રિદિવસીય શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું જેના અતંર્ગત તા. ૨૦ થી ૨૨ જુલાઈ સુધી વિવિધ પ્રકારના પરમાર્થિક કાર્યક્રમોને આવરી લેવામાં આવ્યા હતા.

રીસર્ચ સેન્ટર મધ્યે ઉજવાઈ રહેલી ગુરુ પૂર્ણિમા શિબિરના દરેક કાર્યક્રમોનું જીવંત પ્રસારણ કોલકાત્તા સેન્ટર મધ્યે મોટી સ્ક્રીન પર દેખાડવામાં આવ્યું હતું જેનો લાભ સર્વે મુમુક્ષુઓને મળ્યો હતો. કોલકાત્તા સેન્ટરથી પણ ઘણા મુમુક્ષુઓ રીસર્ચ સેન્ટર મધ્યે ઉજવાઈ રહેલી ગુરુ પૂર્ણિમા શિબિરનો લાભ લેવા ત્યાં પહોંચ્યા હતા.

તા. ૨૨/૭ના રવિવારે સવારે ૯.૩૦ કલાકે કોલકાત્તા સેન્ટર મધ્યે મુમુક્ષુઓ દ્વારા એક નવિનતમ પ્રકારની ક્વિઝના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન પાયલ મહેતાએ ખૂબ જ સુંદર રીતે કાર્યું હતું.

સત્સંગ પૂર્ણ થયા બાદ મનિષભાઈ શાહે અગત્યની જાહેરાત કરી હતી અને ત્યારબાદ સર્વે એ સાથે મળીને ગુરુપ્રસાદનો લાભ પણ લીધો હતો. સાંજે ૪ થી ૬ કલાકે ચાતુર્માસની બાધાઓ ઉપર વિશેષ સમજણ આપીને સર્વેને ચાતુર્માસની બાધાના પ્રત્યાખ્યાન આપવામાં આવ્યા હતા. પર્લી રીસર્ચ સેન્ટર મધ્યે ઉજવાઈ રહેલી આ ત્રિદિવસીય શિબિરનું જીવંત પ્રસારણ દેખાડવામાં સંસ્થાના યુવા મુમુક્ષુ હર્ષિત કામાણી, હર્નિશ બાખડા તેમજ યશ મોદીએ ઘણી જહેમત ઉઠાવી હતી.

કોલકાત્તા રીસર્ચ સેન્ટર મધ્યે પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું મંદિર દર્શનાર્થીઓ માટે સવારે ૭ થી રાત્રે ૧૦.૩૦ કલાક સુધી ખુલ્લુ રાખવામાં આવે છે. તેમજ નિત્યક્રમ, દેવ વંદન વગેરે કાર્યો પણ પ્રતિદિન નિયમીત રીતે થતા રહે છે. હરિભાઈઓ તેમજ મીરાબહેનોના સાપ્તાહિક સત્સંગ, પખવાડિક જાહેર સત્સંગનું આયોજન તેમજ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીના પખવાડિક પરમ સત્સંગનું જીવંત પ્રસારણ પણ નિયમીત રીતે દેખાડવામાં આવી રહ્યું છે. રાજશાળા તેમજ ગુજરાતી સ્પિકિંગના ક્લાસીસનું પણ પ્રતિ સપ્તાહે આયોજન કરવામાં આવી રહ્યું છે. આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે ઘણીખરી માનવસેવાને લગતી ઈતર પ્રવૃત્તિઓનું આયોજન પણ કોલકાત્તા સેન્ટર મધ્યેથી નિયમીત રીતે કરવામાં આવી રહ્યું છે. ◆

ત્રણ તત્વોનો સંગમ શ્રી સદ્‌ગુરુ

■ **દર્શી દોશી,** યુ. એસ. એ.

ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણું, ગુરુ દેવો મહેશ્વરા;
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

પરમ કૃપાળુ દેવે સદ્‌ગુરુનું મહાત્મ્ય વચનામૃતના પાને પાને આપ્યું છે.

સદ્‌ગુરુને મોક્ષ પામવાનું ઉત્તમ સાધન કહ્યું છે. સદ્‌ગુરુ એ પ્રત્યક્ષ જીવતું જાગતું મોક્ષ જ છે. અનંત શાસ્ત્રોનો, આગમનો સાર એક સત્પુરુષના હૃદયમાં રહ્યો છે. એમના નયનમાં, વચનમાં, સમાગમમાં, એમની દરેક મુદ્રામાં, સમસ્ત અસ્તિત્વમાં એક પરમાર્થ સિવાય બીજું કાંઈ નથી. મોક્ષ માર્ગના ઈચ્છુકને, એક શિષ્યને એની સાધના માટે સદ્‌ગુરુ જ એની ભક્તિ અને મુક્તિનું સાધ્ય અને સાધન બન્ને થઈ પડે છે.

સદગુરુ એ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, પ્રેમ-શ્રધ્ધા-અર્પણતા, જ્ઞાન-દર્શન-ચારિત્ર, ઉત્પાદ-વ્યય-ધ્રુવતાની ત્રિપુટીનો સંગમ છે.

બ્રહ્મા અવતારી સદ્‌ગુરુઃ

બ્રહ્મા અવતારી શ્રી સદ્‌ગુરુનું સર્જન એક વિશેષ સંબંધનું છે. એ સંબંધ છે ગુરુ અને શિષ્યનો, આત્મા અને પરમાત્માનો! આ સર્જનમાં બ્રહ્માનું મુખ્ય શસ્ત્ર છે પ્રેમ. એક સ્મિત, એક નજર, થોડીક વાતચીતથી શ્રી ગુરુ શિષ્યના હૃદયમાં આગમન કરે છે. જેમ પ્રેમ વગર કોઈ કામ નથી શીખાતું તો મોક્ષનું કાર્ય, આત્માનું જ્ઞાન પ્રેમ વગર ક્યાંથી શીખાય!!

શ્રી સદ્‌ગુરુ હસતા રમતા, ક્યારેક ફેસટાઈમ કરતા તો ક્યારેક પાના રમતા શિષ્યને પ્રેમ વડે સત્ ધર્મ, સત્ સુખનો પાઠ ભણાવતા જાય છે. જીવને ખબર પણ નથી પડતી કે ક્યારે એનું સર્વસ્વ શ્રી ગુરુ થઈ જાય છે અને તેનું પોતાનું અસ્તિત્વ જ બદલાઈ જાય છે.

બ્રહ્મા સાથે રહેતો શિષ્ય દરેક વસ્તુને, વ્યક્તિને, પોતાને હવે શ્રી સદ્‌ગુરુની નજરે જોવાની ટ્રાય કરતો જાય છે. જેમ સંસારી પ્રેમમાં લોકો આંધળા થઈ જાય છે, તેમ બ્રહ્મા અવતારી સદ્‌ગુરુના પ્રેમમાં શિષ્ય જાણે આંધળો, બહેરો, ગુંગો થઈ જાય છે. સર્વત્ર એમની જ સુગંધ, એમનો જ અવાજ, એમના જ સ્પર્શને અનુભવમાં લેતો જાય છે.

બ્રહ્મા અવતારી સત્પુરુષની મુદ્રાઓ શિષ્યનું અજ્ઞાન કપાવે છે. સંસાર અને રાગ દ્વેષના સ્વરૂપનું ભાન તેને વિવેક વડે થતું જાય છે. શ્રી ગુરુના પ્રેમમાં શિષ્ય સહજતાએ પોતાના કહેવાતા સંસારથી વિમુખ થઈ એના શ્રી ગુરુમય, આત્મામય થતો જાય છે. એને હવે બરાબર સમજાય છે કે સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ એને જ જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે!!

શ્રી ગુરુ વડે એને 'બ્રહ્મ' તત્વ અથવા 'આત્મા'નું સ્વરૂપ સમજાતું જાય છે. આમ તેનો પુનર્જન્મ શ્રી ગુરુના પ્રેમથી થાય છે. આત્મા સ્વરૂપનું ઉત્પન્ન થવું તે ઉત્પાદ છે. એની સુતેલી, સુષુપ્ત ચેતનાને શ્રી સદ્‌ગુરુએ માત્ર પ્રેમ વડે જાગૃત કરી છે. આત્મા એ જ જ્ઞાન, જ્ઞાન એજ પ્રેમ છે.

આમ બ્રહ્મા અવતારમાં શિષ્યનો જન્મ થાય છે.

વિષ્ણુ અવતારી સદ્‌ગુરુઃ

વિષ્ણુ અવતારમાં ગુરુ શિષ્યને મોટો કરે છે.

શિષ્ય શ્રી ગુરુના અનેક રૂપનો અને એમની શિષ્યતાનો અનુભવ કરે છે.

અહીં શ્રી સદ્‌ગુરુનું શસ્ત્ર છે શ્રદ્ધા.

શ્રી ગુરુના અમૃતમય વચનોના આશયનો સ્વીકાર, તેના પ્રત્યે ચિત્તની એકાગ્રતા, તલ્લીનતા તે છે શ્રદ્ધા. શ્રદ્ધા વિનાનો પ્રેમ આંધળો છે. પ્રેમ વગરની શ્રદ્ધા પાંગળી છે. અનુભવ વિના જેમ જ્ઞાન માત્ર જાણકારી છે તેવી જ રીતે શ્રદ્ધા વિના શિષ્ય કદી આત્મલક્ષી નથી થતો. શ્રદ્ધા સ્થિરતા, દ્રઢતા, ધીરજ આપે છે, અશુદ્ધ પ્રેમના કણોને શુદ્ધ કરે છે.

શ્રી ગુરુમાં વિષ્ણુના અલગ અલગ રૂપના દર્શન થયા પછી એનો પ્રેમ જો વધતો જાય તો શ્રધ્ધા પણ વધે છે.

વિષ્ણુના અલગ અલગ રુપ:

ક્યારેક એક મર્યાદા પુરુષોત્તમ, ક્યારેક માખણ ચોર. ક્યારેક એક ગોવાળીયો અને ક્યારેક ચક્રવર્તી. ક્યારે કહેવાય રાધાવલ્લભ, ક્યારેક પાર્થસારથિ; ક્યારેક કંસનો વધ કરનાર અને ક્યારેક ગીતાના સર્જનહાર; ક્યારેક મોટા જ્ઞાની જેવા દેખાય, ક્યારેક મોટા બિઝનેસમેન; ક્યારેક ત્યાગી જેવા, ક્યારેક ભોગી; ક્યારેક રાગી ક્યારેક એટલા જ નીરાગી.

આવા જ નીરાગીને પ્રેમ કરતા કરતા નીરાગી થવાય છે.

વિષ્ણુ અવતારમાં સદ્‌ગુરુ શિખવાડે છે કે શ્રદ્ધાનો સ્વભાવ છે નવું અપનાવવું અને જુનું કાઢવું. વિરોધાભાસમાં સત્પુરુષને શોધવા અને તેના દરેક રૂપને પૂર્ણપણે ચાહવું.

વિષ્ણુ અવતારી શ્રી ગુરુને પણ એક અલગ પ્રકારના યુદ્ધનો ઉદય છે. આ જોઈ શિષ્યની શ્રદ્ધાની કસોટી થાય છે અને ક્રમશઃ એને શ્રી ગુરુના બોધ વડે પરમ કૃપાળુ દેવના વચનોનું સાક્ષાત્ દર્શન થાય છે કે, **'જે જીવને સમ્યકત્વ ઉત્પન્ન થાય તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમય ન હોય એવો કોઈ નિયમ નથી. સમ્યકત્વ ઉત્પન્ન થયા પછી તે જ સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે.'**

''જે સંસારને વિશે સાક્ષી કર્તા તરીકે મનાય છે, તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષી રહેવું અને કર્તા તરીકે ભાસ્યમાન થવું તે બે ધારી તલવાર ઉપર ચાલવા બરાબર છે.''
- શ્રીમદ્ રાજચંદ્ર

આમ શ્રી ગુરુ શિષ્યની શ્રદ્ધાની કસોટી કરે છે અને ગુપ્તપણે એ શિષ્યના પ્રેમને શુદ્ધ કરે છે.

જેમ રાસલીલામાં દરેક ગોપી સાથે એક કૃષ્ણ હતાં તેમ પોતાના વિષ્ણુ અવતારી શ્રી ગુરુ એમની અનેક ગોપીઓના દર્શન શિષ્યને કરાવે છે અને એનો રાગ જે ફક્ત શ્રી ગુરુ પ્રત્યે હતો તે હવે વિશ્વ પ્રેમ તરફ વળે છે.

વિષ્ણુએ જ્યારે રામનો કે કૃષ્ણનો અવતાર લીધો છે ત્યારે પોતાના ઉદય કર્મોને કેવી રીતે ભોગવવા કે નવા ન બંધાય તે જ તો શીખવ્યું છે.

શિષ્યને ક્યારેક રૂક્મણીની જેમ પોતા પાસે રાખે અને ક્યારેક રાધા જેવો વિરહ કરાવે છે. ક્યારેક શબરીનો ધીરજ ગુણ શીખવે છે અને ક્યારેક હનુમાન જેવો દાસત્વ ભાવ, ક્યારેક સુદામા જેવી ભક્તિ કરતા શીખવે છે.

જેવા ગુણો શિષ્ય પોતાના શ્રી ગુરૂમાં જુએ તેવો જ પોતે થતો જાય.

પુરાણોમાં વિષ્ણુના ચાર હાથ છે. એકમાં કમળ, એકમાં ચક્ર, એકમાં ગદા અને એકમાં શંખ. જ્યારે શિષ્ય શ્રી ગુરુમાં આસ્થા કરે છે ત્યારે એને વિષ્ણુના આ ચાર શસ્ત્રનો અનોખો બોધ મળે છે.

ગદા જેમ શત્રુઓનો સામનો કરવામાં સહાયરૂપ થાય તેમજ શ્રી ગુરુ પર આસ્થા કરવાથી શિષ્યના કષાયોનું શમાઈ જવું થાય

છે. કમળ જેમ કાદવમાં ઉગે છે પણ એનાથી ભિન્ન છે તેમ શિષ્યને પણ સંસારમાં કમળની જેમ રહી મુક્તિ સિવાયની કોઈ ઈચ્છા ન રહે એવો સંવેગ ગુણ પ્રદાન કરે છે.

એમના હાથમાં રહેલું ચક્ર પરિભ્રમણ કાપી નિર્વેદ ગુણની પ્રેરણા આપે છે. શંખ વગાડી જેમ યુદ્ધ શરૂ થાય છે તેમ શ્રી ગુરુના ટંકોત્કીર્ણ વચનની ધુન જ્યારે શિષ્ય સાંભળે છે ત્યારથી આત્માની ધુન લાગે છે અને તે સ્વ અને પરની અનુકંપા કરી મોક્ષકર્મ બાંધે છે.

શ્રી ગુરુ શિષ્ય પાસે અનેક નવા નવા પુરુષાર્થ કરાવે છે. શ્રી સદ્‌ગુરુની અટપટી દશા જોઈ અને પોતાના ગુરુ પ્રત્યેના પ્રેમમાં ટકી રહેવું, પોતાના આત્મ સ્વભાવમાં ધ્રુવપણે ટકી રહેવું, ત્યાંજ તો આત્મદર્શન થાય છે! તે શ્રી ગુરુ શિષ્યને આ અવતારમાં શિખવાડે છે.

મહેશ અવતારી સદ્‌ગુરુ

મહેશ એટલે કે શિવ ભગવાન.. મહાદેવ ભક્તિથી ખુશ થઈ વરદાન આપે.. પણ જો એમની ત્રીજી આંખ ખુલે તો તાંડવ કરી વિનાશ કરે.

મહેશ અવતારી શ્રી ગુરુ શિષ્યની બધી માન્યતાઓનો, દેહાત્મ બુદ્ધિનો વિનાશ કરે છે અને મોક્ષનું વરદાન આપે છે. શ્રી ગુરુની ભક્તિ કરવાથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યું જવાય.

શિષ્યની ધર્મ, સંસાર, કર્મ અને પ્રેમ વિશેની બધી રૂઢિગત વ્યાખ્યાઓ શ્રી ગુરુ બહાર કઢાવે છે.

આ અવતારમાં શિષ્યને શ્રી ગુરુના કડક સ્વરૂપનો અનુભવ થતા અહેસાસ થાય છે કે હવે વાંચન, પુરુષાર્થ કરવો જ પડશે, ખાલી વાતોથી નહીં ચાલે.

શિવ જ્યારે તાંડવ કરે છે ત્યારે પૃથ્વીનો વિનાશ થાય છે; સદ્‌ગુરુનું મૌન તાંડવ આપણા સર્વ કર્મનો અને ધારણાઓનો વિનાશ કરી નાખે છે.

શિવજી ગણેશનું માથું કાપે છે ત્યારે ખરેખર તો ગણેશનો એમની માતા ઉપરનો મમત્વ ભાવ, પોતાના વીર્યનું અભિમાન જેવા સર્વ દોષો કાપે છે અને નવું માથું આપી સત્ સમજણ પ્રદાન કરે છે, જેના કારણે આજે એમની પૂજા બધાંજ કરે છે.

એવી જ રીતે શ્રી ગુરુ પણ શિષ્યના માન અને મમત્વના ભુક્કે ભુક્કા કરી એને સત્ સમજણ પ્રદાન કરે છે.

હવે શ્રી ગુરુની ત્રીજી આંખ પણ ખુલી છે. એની દ્રષ્ટિ જ્યારે શિષ્ય ઉપર પડે છે ત્યારે શિષ્યની ગુરુ પ્રત્યેની લૌકિક દ્રષ્ટિ અલૌકિકમાં ધીરે ધીરે ફેરવાય છે. શ્રી ગુરુ યોગ્ય શિષ્યના જ થાય માટે શિષ્ય પોતે એવી યોગ્યતા મેળવવા પૂર્ણ અર્પણતાનો પુરુષાર્થ ઉપાડે છે.

આમ શિવ અવતારી સદ્‌ગુરુ શિષ્ય પાસે એવી અર્પણતા કરાવી લે છે. શ્રી ગુરુને ખુશ કરવા શિષ્ય હસતાં હસતાં પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થઈ જાય છે.

શિવ અવતારી શ્રી ગુરુના વચનનું શ્રવણ, તેની પ્રતીતિ અને તેની આજ્ઞાએ પ્રવર્તતા જીવ સમ્યક ચારિત્રને પામે છે.

સદ્‌ગુરુના દરેકે દરેક અવતાર હકીકતમાં તો શિષ્ય પોતાની દશા વધારે એની સહાય માટે જ છે.

આ ત્રણેમાં બ્રહ્મા - તે જ જ્ઞાનની ઉત્પત્તિ છે.

વિષ્ણુ-તે જ શ્રદ્ધા, તે જ દર્શન, આત્માનો ધ્રુવ સ્વભાવ છે.

મહેશ-તે જ અર્પણતા - તે જ ચરિત્ર, તે જ દેહ માન્યતાનો વ્યય છે.

આ બધુ પ્રત્યક્ષ શ્રી સદ્‌ગુરુ વગર સમજવું અશક્ય જેવું છે. ◆

સૌજન્ય : સ્વ. નલીનીબેન રમેશભાઈ રાવલ, મુંબઈ

પ્રથમ સાઉથ ઈન્ડિયા શિબિર

શ્રી સુરેશભાઈ છેડાના લગભગ અઢી વર્ષના પ્રયાસ પછી બેંગ્લોર શહેરમાં સુશીલાધામની પુણ્યભૂમિ પર તા. ૧૫ થી ૧૭ જૂન, ૨૦૧૮ના સાઉથ ઈન્ડિયા સેન્ટરો; બેંગ્લોર, હુબલી, ગદગ, ચેન્નઈ, હૈદ્રાબાદ, કોઈમ્બતુરના લગભગ ૧૦૦ મુમુક્ષુઓને જોડતી એક અનોખી ૩ દિવસની ''સાઉથ ઈન્ડિયા શિબિર'' નું આયોજન થયું હતું. દરેક મુમુક્ષુએ અત્યંત ઉત્સાહ અને ઊમંગથી આ શિબિરનો લાભ લીધો હતો.

શિબિરની શરૂઆત શ્રી નિકુંજબેને પત્રાંક ૫૬૯ના વિવેચનથી કરી. જેમાં સમકિત થાય તો જ આત્મસમાધિ પ્રગટે અને તે પ્રાપ્ત કરવા કઈ રીતે પ્રેક્ટીકલ પુરુષાર્થ કરવો એ સમજાવ્યું.

બપોરના સેશનની શરૂઆત શ્રી જિતેન્દ્રભાઈ સંઘરાજકાએ કરી. ''પરમ કૃપાળુદેવની અંતરંગ દશાથી આપણી આત્મસિદ્ધિ'' વિષય ઉપર ખૂબ જ સુંદર રીતે પાવર પોઈંટ પ્રેઝેન્ટેશન દ્વારા તેમણે ૭ સેશનમાં પરમ કૃપાળુદેવની બાહ્ય અને અંતરંગ દશા સમજાવી દરેક જીવને પરમ કૃપાળુદેવની ખૂબજ નજીક લાવી દીધા. ખાસ કરીને સચિત્ર જીવન દર્શનના વાંચનમાં ખરેખર આપણા ભગવાનને ઓળખવા હોય તો ૧૫૦ વર્ષ પાછળ જઈ આપણને દરેક પ્રસંગમાં અને સ્થિતિમાં હાજર રાખી પરમ કૃપાળુદેવના ભાવ-વિચાર ને જાણવાથી પ્રભુના અંતરંગ સુધી પહોંચાય છે એ પ્રભુના જીવનના દ્રષ્ટાંતો આપી અત્યંત સહજપણે દરેક મુમુક્ષુને તાદ્રશ્ય કરાવ્યુ હતું.



વચનામૃત પત્રાંક દ્વારા પ્રભુની અંતરંગ દશા કેવી રીતે ઓળખવી અને પત્રનું વાંચન કેવી રીતે કરવું એની અત્યંત અનોખી અને હૃદયસ્પર્શી રીતો પણ બતાવી જે દરેક મુમુક્ષુને અત્યંત સ્પર્શી ગઈ અને દરેકમાં પુરુષાર્થનો ઉત્સાહ વધ્યો.

પરમ પૂજ્ય પપ્પાજી હંમેશા ઊંડા ચિંતન મનન પર ભાર દે છે, એ આ શિબિરમાં દરેક મુમુક્ષુને વિચારવાની અને ઊંડુ ચિંતન મનન કરવાની અદ્‌ભુત રીતો જિતેન્દ્રભાઈએ શિખવાડી દરેક મુમુક્ષુને વિચાર કરતા કરી દીધા હતા.

આપણા પ્રભુને જાણ્યા પણ આપણે આપણા પ્રેક્ટીકલ જીવનમાં શું કરવું જોઈએ, છેલ્લા ૨ સેશન ''મનુષ્ય જીવનનું લક્ષ'' શું હોવું જોઈએ અને કેવી રીતે ઋણાનુબંધ શુભ કરવા અને બધા જ અશુભ ભાવની ક્ષમાપના કેવી રીતે કરવી એનો ખૂબ જ સચોટ રીતે પ્રેક્ટીકલ ઉપાય બતાવ્યો.

શિબિરમાં એક સુંદર ''Buddy System'' નો concept લેવામાં આવ્યો હતો જેમાં સિનિયર મુમુક્ષુને ''પરમાર્થ સખા'' તરીકે રાખી ૮-૧૦ મુમુક્ષુનું ગ્રુપ બનાવ્યું હતું. દરેક મુમુક્ષુઓએ પોતાના ''પરમાર્થ સખા'' પાસેથી અનેક મુંઝવતા સવાલના જવાબ મેળવી આત્મ પુરુષાર્થનું બળ મેળવ્યું હતું.

શિબિરમાં દરેક મુમુક્ષુઓએ પરોઢે ઊઠી ઉત્સાહી કોર્સનું સમૂહ વાંચન કર્યું હતું જે ખૂબ પ્રેરણાદાયી હતું. પરમ પૂજ્ય પપ્પાજીની આજ્ઞાનું સમૂહમાં પાલન થતાં બધાનો પુરુષાર્થ બમણી ગતિથી વધ્યો હતો.

શિબિરના દરેક તબક્કે પરમ પૂજ્યશ્રી અને પૂજ્ય નિલેશભાઈનું યોગબળ અને હાજરી વર્તાતી હતી. સંસારભાવથી વિમુખ થઈ પરમાર્થ સાગરમાં તરી મુક્તિ માર્ગ પર આગળ વધતા બધા મુમુક્ષુઓએ પરમ આનંદનો અનુભવ કર્યો. ◆

શ્રીકૃષ્ણ આજીવન બ્રહ્મચારી... (૨)



ભૂમિપૂજનનો સમારંભ સમાપ્ત થતાં, શ્યામસુંદરનો પરિવાર 'બલરામ-ભવન' પર ભોજન સમારંભ માટે પહોંચી ગયો. શ્રીકૃષ્ણ સ્વયં યોગીજી મહારાજને પોતાના રથમાં બેસાડીને 'વિશ્રામશાળા'માં તેમના ઉતારાની બધી જ વ્યવસ્થા કરાવી એકાદ કલાકને અંતે રાજમહેલમાં પરત આવ્યા. ભોજન બાદ સૌ પોતપોતાને સોંપાયેલ જવાબદારી પરિપૂર્ણ કરવા કામે વળગ્યાં અને છેલ્લે, રોહિણીમા પાસે એમના કક્ષમાં રહી ગયાં માત્ર નવ જણ! શ્યામસુંદરની આઠ રાણીઓ અને શ્રીકૃષ્ણ-ભગિની સુભદ્રાજી!

રોહિણીમા ક્યારનાંયે જોઈ રહ્યાં હતાં કે બે દિવસથી અત્યંત હર્ષઘેલી અને ઉત્સવઘેલી થઈને દોડાદોડ કરતી સુભદ્રા, સભાગૃહેથી આવ્યા બાદ સાવ સૂનમૂન થઈ ગઈ છે! એના ચહેરા પરનું નૂર ઝંખવાઈ ગયું હતું.

માનો જીવ ઝાલ્યો ન રહ્યો અને તેમણે સીધેસીધું પૂછી નાખ્યું, ''બેટી સુભદ્રે! શું થયું તને? તું કેમ આજે ઉદાસ થઈ ગઈ છે? જે હોય તે કહી દે.'' એક અછડતી નજર ભાભી લક્ષ્મણા અને સત્યા પર ફેંકીને, રૂંધાયેલ કંઠે સુભદ્રાજી બોલ્યા, ''કંઈ નહીં, બા! મને બીજું તો કંઈ થયું નથી. કેવળ દુ:ખ એક જ વાતનું થયું છે કે આખું

સૌજન્ય : માટુંગા રાજરોટી વોલિન્ટીયર્સ, મુંબઇ

આર્યાવર્ત જેમનું ઋણી છે અને જેમનાં ગુણગાન ગાતાં સંસારી સાધુભક્તો જ નહીં, આવા વૈરાગી યોગીબાબા પણ થાકતા નથી એવા મારા વડીલબંધુ કૃષ્ણભૈયાને, રાત દિવસ એમની જોડે રહેનારાં એમનાં અંગત સ્વજનો જ જો સાચા સ્વરૂપે ન ઓળખી શકતાં હોય તો પછી, બીજાઓ પાસેથી તો આપણે શી અપેક્ષા રાખી શકીએ?''

સુભદ્રાની આ માર્મિક વાણી રોહિણીમાને સમજાઈ નહીં. પટરાણીને કંઈક અણસાર આવી ગયો. સત્યભામાની વક્રદ્રષ્ટિ સત્યા અને લક્ષ્મણા સામે વારાફરતી ફરી વળી. એ બન્ને રાણીઓ શરમાઈને નીચું જોઈ ગઈ એટલે કાલિન્દીએ પૂછ્યું, ''બહેનજી! ફોડ પાડીને કહો તો કંઈ ખબર પડે. સ્પષ્ટ કહી દો, જે હોય તે! અમને કોઈને જરાયે ખોટું નહીં લાગે.''

હળવેથી સુભદ્રાજી બોલ્યાં: ''ભાભી! પૂજ્ય યોગીબાબાએ પોતાના પ્રવચનને અંતે જ્યારે એમ કહ્યું કે ''શ્રીકૃષ્ણ આજીવન બ્રહ્મચારી છે'' ત્યારે, સત્યાભાભીએ અને લક્ષ્મણાભાભીએ એકબીજાની સામું જોઈને એવું મોં મચકોડ્યું કે જાણે આ વાત જરાયે સાચી ન હોય! મેં નજરોનજર આ દ્રશ્ય જોયું એટલે મને બહુ ખોટું લાગી ગયું. પૂછો એમને, જો હું ખોટું કહેતી હોઉં તો!''

'વાઢ્યાં હોય તો લોહી ન નીકળે' એવી કફોડી હાલતમાં બન્ને મુકાઈ ગયાં. છતાં, બન્ને સત્યવક્તા અને હિંમતવાન તો હતાં જ. આખરે તો શ્યામસુંદરની અર્ધાંગનાઓ હતી ને? તેથી હતી એટલી હિંમત એકઠી કરીને લક્ષ્મણા બોલી, ''પૂજ્ય માતુશ્રી! અમારો આ સાહજિક રીતે થઈ ગયેલો અક્ષમ્ય અપરાધ અમે કબૂલ કરીએ છીએ. માટે સૌ અને બહેનજી! આપ પણ, અમને માફ કરી દો. પરંતુ આવું કથન વારંવાર જ્યારે અમે સાંભળીએ છીએ કે, આઠ આઠ પત્નીઓ અને એમનો પુત્ર પરિવાર નજર સમક્ષ હોવા છતાં, તેઓ આજીવન બ્રહ્મચારી છે! ત્યારે ખબર નથી પડતી કે આ કથન સત્ય કેવી રીતે હોઈ શકે? બહેનજી! મેં તો એકવાર આપના ભાઈને પણ આ વાત પૂછેલી પરંતુ એમણે ''શી ખબર!'' કહીને વાત હસવામાં ઉડાડી દીધેલી. બીજા કોઈને તો આ અંગે કંઈ પૂછાય જ નહીં તેથી ફરી આજે, આની આ વાત સાંભળી ત્યારે, શંકાથી નહીં, આશ્ચર્યથી અમે એકબીજાની સામે જોયેલું. અમારી ભૂલ થઈ હોય તો અમે આપ સૌની ક્ષમા યાચીએ છીએ.''

લક્ષ્મણાના નિખાલસ એકરારે અને વિનમ્ર વ્યવહારે સૌના હૃદય જીતી લીધા. માતેશ્વરીએ બન્ને પુત્રવધૂઓને પાસે બોલાવી પ્રેમથી તેમના માથે હાથ મૂક્યો. સુભદ્રાએ પણ સસ્મિત એમની સામે સન્માનથી જોયું. અત્યાર સુધી ચુપચાપ બેસી રહેલી મિત્રવિન્દાએ હવે મોં ખોલ્યું, ''મોટીબહેન! અવિનય થાય તો માફ કરજો. પણ આ વિધાનમાં ભારોભાર સત્ય રહેલું છે એની પ્રતીતિ કોઈએ તો કરાવવી જ પડશેને? એક બાજુ, ''દામ્પત્ય'' ને બીજી બાજું ''બ્રહ્મચર્ય'', આ બન્ને વિરોધાભાસી બાબતોનો ઘટસ્ફોટ શું કોઈ નહીં કરે?''

મિત્રવિન્દાની આ દલીલ સુભદ્રાજીના હૃદય સોંસરવી ઊતરી ગઈ. એમને એકાએક પેલા અદ્‌ભુત પ્રસંગનું સ્મરણ થઈ આવ્યું! અને એમનાથી બોલાઈ જવાયું, ''આ બાબતનો ઘટસ્ફોટ હું પોતે કરવા તૈયાર છું કેમકે હું એક એવા પ્રસંગની નજરોનજર સાક્ષી છું કે જે પ્રસંગનું વર્ણન પોતાના સારથિ સંજયના મુખેથી સાંભળીને, અમારા જયેષ્ઠ તાતશ્રી હસ્તિનાપુર નરેશ મહારાજ ધૃતરાષ્ટ્રે પણ સંશયથી પ્રશ્ન કરેલ,

''વ્રજની ગોપીઓ સંગે... રાધા સંગે.. સર્વ ક્રિયા કરી, વળી સોળ હજાર એકસો ને આઠ રાણીઓ!... અને તોયે શ્રીકૃષ્ણ બ્રહ્મચારી?''

અમારા જયેષ્ઠ તાતશ્રીની આ શંકા, એ કેવળ એમની એકલાની જ શંકા નથી; આખા જગતની શંકા પણ હોઈ શકે! અને તેથી મને લાગે છે કે મારે આપ સૌની આગળ હવે એ રહસ્યમય ઘટના કહેવી જ પડશે, જે કોઈને પણ ન કહેવાની મેં મનમાં ગાંઠ વાળી હતી!''

''ભાભીશ્રી! પૂજ્ય બા અને અમે સૌ સ્વજનો જ નહીં પરંતુ સમસ્ત આર્યાવર્ત જાણે છે કે ભૈયા શ્રીકૃષ્ણ આપ આઠેય રાણીઓના સ્વામી છે. આપ સૌ આપની સ્વેચ્છાએ, આપની મનોકામના પૂર્ણ કરવા શ્રીકૃષ્ણ સાથે

લગ્નગ્રંથિથી જોડાયાં છો અને ભૈયાએ આપદ્‌ધર્મરૂપે કે પછી આ અવતારકાર્યના પ્રારંભે આપેલ વચનાનુસાર આપ આઠેયનો પત્નીરૂપે સ્વીકાર કર્યો છે. આ તો એક જગજાહેર હકીકત છે.

જ્યારે એકબીજી હકીકતનાં પ્રત્યક્ષ સાક્ષી છે મારા વંદનીય ભાભીશ્રી સત્યભામા! સાક્ષાત્‌ ભૂદેવીના અવતારરૂપ એમણે, પોતાના જ પુત્ર નરકાસુર યાને ભૌમાસુરને જ્યારે જાનથી મારી નાખવાનું ભૈયા શ્રીકૃષ્ણને કહ્યું ત્યારે, એમની સાથે પૂર્વે વચનબદ્ધ થયેલ મારા મોટાભાઈએ, ''તમે જ્યારે કહેશો કે આને મારો, ત્યારે જ હું એને મારીશ,'' એ વરદાન મુજબ ભૌમાસુરને સુદર્શનચક્રથી છેદી નાખ્યો; અને પછી એણે કેદમાં પૂરેલી સોળ હજાર અને એકસો કુંવારી તથા ગંગા સમાન પવિત્ર રાજકુમારીઓને કેદમુક્ત કરી.

પરંતુ હવે આ સોળ હજાર અને એકસો રાજકુંવરીઓનું કરવું શું એ એક એવો પ્રાણપ્રશ્ન થઈ પડ્યો કે ખુદ દ્વારિકાધીશ શ્રી કૃષ્ણપ્રભુ પણ ભારે ધર્મસંકટમાં મૂકાઈ ગયા! પછી શું બન્યું તે હું, નાના મોંએ કહું એના કરતાં, એ પ્રસંગમાં નજરોનજર સાક્ષી ભાભીશ્રી સત્યભામા પોતે જ જો કહે તો એ વધુ વિશ્વસનીય ગણાશે.'' સૌએ આદર-ઉત્કંઠ સહિત શ્રી સત્યભામા સ્વરૂપે અવતરેલાં પૃથ્વીદેવી સામે મીટ માંડી; એટલે પોતાની વહાલી નણંદીનું માન રાખવા સત્યભામાએ એ સત્ય ઘટનાનો સાર ટૂંકમાં કહેવા માંડ્યો.

''બહેનજી સાચું કહું, મને નિમિત્ત બનાવીને પ્રભુએ, ભૂમિને ભારરૂપ થઈ પડેલા મારા જ પુત્ર ભૌમાસુરને માર્યો તો ખરો; પરંતુ એણે લગ્ન-ઈરાદાથી અપહરણ કરીને કેદમાં પૂરેલી પેલી સોળ હજાર ને એકસો કુંવારીને ક્ષત્રિય રાજકુંવરીઓનું હવે શું કરવું એ પ્રશ્ને તો મોટી સમસ્યા ખડી કરી દીધી. એમને એમના પિતૃગૃહે સ્વમાનભેર પહોંચાડવાની વ્યવસ્થા કરવા તત્પર થયેલા શ્યામસુંદરને એમાંની કેટલીક વિચક્ષણ રાજકુંવરીઓએ 'રામાવતાર'ની યાદ આપીને ગદ્‌ગદ્‌ કંઠે એટલું જ કહ્યું, ''પ્રભુ! આપથી ક્યાં અજાણ્યું છે કે રાવણ દ્વારા અપહરણ કરાયેલાં અને લંકામાં નજરકેદ રખાયેલાં શ્રી સીતામાતાને પણ 'અગ્નિપરીક્ષા' આપવી પડેલી અને તોયે લોકાપવાદે એમની પવિત્રતા પર શંકા કરી ત્યારે ભગવાન શ્રીરામને આખરે, ગંગાસમાન પવિત્ર દેવી સીતાનો ત્યાગ કરવો પડેલો તો પછી, હે નાથ! અમે તો ભૌમાસુરની કેદમાં વર્ષો સુધી રહ્યાં હોવાથી અમારી પવિત્રતા અંગે લોકો શંકા કર્યા વિના રહેશે ખરા? આખું આર્યાવર્ત જાણે છે કે, જ્યાં સુધી અમારા જેવી કુંવરી અઢાર હજાર રાજકન્યાઓ ભેગી ન થાય ત્યાં સુધી એણે અમને માત્ર કેદમાં જ પૂરી રાખી હતી અને આ આંકડો પૂરો થાય પછી જ એ અમારી સૌની સાથે લગ્ન કરવાનો હતો છતાં એણે બદઈરાદાથી અમારું અપહરણ કર્યું હોવાથી હવે અમે કયા મોંએ પિતૃગૃહે પાછાં જઈએ?

આપે એ નરાધમનો વધ કરી અમને મુક્તિ અપાવી એ બદલ અમે આપનાં ઋણી છીએ અને આપને અમારા મુક્તિદાતા ગણીને, આપનાં શ્રી ચરણોમાં કોટિ કોટિ નમસ્કાર કરીએ છીએ, પરંતુ પ્રભુ! આપ અમને એટલું કહો કે, આટલાં વર્ષો બાદ હવે અમે અમારા પિતૃગૃહે પાછા જઈએ તો, 'અમે કુંવારી અને નિષ્કલંકિત કન્યાઓ છીએ' એ રીતે, સમાજ અમને સ્વીકારશે ખરો? અમને પવિત્ર અને અપરણિત સમજીને, અમારી સાથે લગ્ન કરવા આર્યાવર્તના રાજકુમારો તૈયાર થશે ખરા?''

રાજકન્યાઓની આ તર્કબદ્ધ દલીલોથી પ્રભુ દ્વારિકાધીશ ઊંડા વિચારમાં પડી ગયા. અમને નિરુત્તર ઊભેલાં જોઈને એક અત્યંત રૂપાળી રાજકન્યા આગળ આવીને પ્રભુનો ચરણસ્પર્શ કરીને બોલીઃ

''હે કૃપાના સાગર! આટલી કૃપા કરી છે તો હવે થોડી કૃપા વધારે કરો. પિતૃગૃહે જઈને પાછી અપમાનિત અને તિરસ્કૃત થઈને અમારે જીવનભર નરકની જ યાતના ભોગવવાની છે ત્યારે, આપ અમને સૌને સમૂહમાં અગ્નિસ્નાન કરીને, આપની કૃપાળુ ઉપસ્થિતિમાં જ પ્રાણત્યાગ કરવાની આજ્ઞા આપો તો અમે આપના ખૂબ ખૂબ આભારી થઈશું,'' અને આટલું કહેતાં તો એ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી.

આવી દ્વિધાજનક પરિસ્થિતિમાં તાત્કાલિક કોઈ રસ્તો ન સૂઝતાં પ્રભુએ મને આજ્ઞા કરી કે હું એ સૌને આજની રાત શાંતિથી પસાર કરવાનું આશ્વાસન આપું અને

આવતીકાલ સવારે જરૂર કોઈ સુખદ માર્ગ જડી આવશે એવી હૈયાધારણ આપું! પ્રભુની આજ્ઞાનું પાલન કરીને હું પાછી આવી અને મુકામ પર ગયા પછી મેં અને સ્વામીએ આ સમસ્યા પર ખૂબ ઊંડું મંથન કર્યું. વાસુદેવ શ્રીકૃષ્ણનો મુખ્ય બળાપો એ હતો કે, ''એકવાર કોઈના દ્વારા અપહરણ કરાયેલી નારી આ દેશમાં 'નથી રહેતી ઘરની કે નથી રહેતી ઘાટની!' જનકનંદિની જાનકી જેવાનો પણ જ્યાં ભોગ લેવાયો ત્યાં આ બિચારી સામાન્ય રાજકન્યાઓનું તો કોણ બેલી થાય? આપણે એમને અહીંથી મુક્ત કરીને સ્વમાનભેર એમના પિતૃગૃહે મોકલી તો આપીએ; પરંતુ ત્યાંથી એમને અપવિત્ર અને કલંકિત ગણી જાકારો આપવામાં આવે અને પછી, અત્યંત રૂપાળી આ સ્ત્રીઓ જો અવળે માર્ગે ફંટાઈ જાય તો સમાજમાં અનીતિને અનાચાર ફેલાતાં વાર ન લાગે! અને એનાં નિમિત્ત બનીએ આપણે બન્ને!

વળી, જો એમણે સૂચવેલા વિકલ્પ મુજબ એમને સમૂહમાં પ્રાણત્યાગ કરવાની છૂટ આપીએ તો આના જેવું ઘોર પાપ બીજું કયું ગણાય? ગૌ, બ્રાહ્મણ અને કુંવારિકા - ત્રણેય પવિત્ર! અને એ ત્રણેયની રક્ષા જો 'રાજા' ન કરી શકે તો એને શાસન કરવાનો શો અધિકાર?''

સ્વામીની વ્યથા મારાથી જોઈ જતી ન હતી. ખૂબ વિચારીને અંતે છેવટે વચલો રસ્તો મેં જ કાઢ્યો! મેં એમનો ચરણસ્પર્શ કરીને કાકલૂદી કરી, ''હે સ્વામી! હવે તો એક જ રસ્તો છે. આ તમામ સ્ત્રીઓને કોઈ એક જ નરોત્તમનું 'શિરછત્ર' જો પ્રાપ્ત થાય અને કોઈ એક સર્વશક્તિમાન સમર્થ પતિની પત્નીઓ તરીકે એમનો જાહેરમાં સ્વીકાર થાય તો જ એ સમાજમાં આબરૂભેર રહી શકે, સ્વમાનભેર જીવી શકે અને એમની આજીવિકાનો પ્રશ્ન પણ હલ થઈ જાય. અને પ્રભુ! આપના સિવાય આ આર્યાવર્તમાં આવું સાહસ અને આવો મહાન ઉપકાર કરવા માટે બીજું કોઈ સમર્થ નથી. માટે હે પ્રાણનાથ! આ નિરાધાર અને આપદ્‌ગ્રસ્ત કુંવારિકાઓને આપ આપની છત્રછાયા હેઠળ જીવવાનો અને આપની પત્નીઓ તરીકે ઓળખાવાનો અધિકાર પ્રદાન કરો એવી હું આપને નમ્ર વિનંતી કરું છું.

આ નિરાધાર સોળ હજાર ને એકસો કુંવારિકાઓને જીવતદાન આપીને જો આપ એમને 'પત્ની પદ' પ્રદાન કરશો, તો આ અભૂતપૂર્વ ઘટના, મારી પૃથ્વીના ઈતિહાસમાં એક સુવર્ણઘટના ગણાશે, જે બદલ હું આપની જન્મોજન્મ ઋણી રહીશ. એમ કહીને મેં સ્વામીને મહામહેનતે મનાવ્યા.''

અને પછી બીજે દિવસે ભૌમાસુરના પ્રાગજ્યોતિષપુર નગરની જનતા સમક્ષ દ્વારકાધીશે એ તમામ કન્યાઓને પોતાની પત્નીરૂપે સ્વીકારી લેવાની જાહેરાત કરી અને ભૌમાસુરના પુત્ર ભગદત્તને આજ્ઞા કરી કે આ બધી રાજકુમારીઓને વસ્ત્રાભૂષણ પ્રદાન કરી, ખૂબ જ સન્માનપૂર્વક અત્રેથી પાલખીમાં દ્વારિકા ભણી વિદાય કરવાની એ વ્યવસ્થા કરે. આમ આ ઐતિહાસિક ઘટનાનો સુખદ અંત આવ્યો અને અમે બન્ને ત્યાંથી અન્ય અગત્યના કાર્યો પરિપૂર્ણ કરવા સુમેરુ પર્વત ભણી જવા રવાના થયાં.

સત્યભામાએ શ્રી કૃષ્ણના જીવનનું આ એક અનોખું 'લગ્ન-રહસ્ય' પ્રકટ કર્યું કે તરત જ શ્રી કૃષ્ણભગિની સુભદ્રાએ પોતાની અધૂરી વાતનો દોર સાંધી લેવા હવે એમનું સંકલન કરતાં કહેવા માંડ્યું, ''હવે આપ સૌ સમજી ગયાં હશો કે સોળ હજાર એકસો પેલી રાજકન્યાઓ વત્તા આપ આઠ મળીને, મહારાજ ધૃતરાષ્ટ્રની ગણતરી પ્રમાણેની બધી શ્રી કૃષ્ણની રાણીઓ તો ગણાઈ ગઈ; પરંતુ ''તો યે શ્રી કૃષ્ણ બ્રહ્મચારી'' કેવી રીતે? એની હવે મારે તમને પેલા અદ્‌ભુત પ્રસંગની વાત કહીને પ્રતીતિ કરાવવી છે.

''મહાભારત'નું યુદ્ધ પૂરું થયું તે અઢારમાં દિવસની મધ્યરાત્રિએ જે એક ગોઝારી ઘટના અમારે ત્યાં બનેલી તે હું તમારી સમક્ષ અભિવ્યક્ત કરવા માગું છું.'' ◆

ક્રમશઃ

નોંધ : શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ,** (પરમ પૂજ્ય બાપુજી)

મૃત્યુ પ્રસંગો:

દેહોત્સર્ગનો નજરે નિહાળેલ આ અનુભવપ્રસંગ પ્રેરણાબળ અર્પનાર હોવાથી અહીં રજૂ કરીએ છીએ. આ એવા પુરુષની સત્ય જીવનકથા છે કે જેમણે એકજ ભવમાં વ્યવહારિક અને પરમાર્થિક સફળ પ્રવૃત્તિ કરી દેહની સાર્થકતા કરી હતી. તેમના જીવનનો બહુલતાએ મોટો ભાગ સંસારાર્થે વ્યતીત થયો હતો. અથાગ ઉદ્યમ, સાહિસકતા, ધ્યેયપરાયણતા, નીડરતા, અડગ નિશ્ચયતા ઈત્યાદિ ગુણોના આશ્રયે તથા પૂર્વપૂણ્યના ઉદયબળે તેમને સંસારનું કહેવાતું સુખ, ધનાદિ સંપત્તિ, વૈભવ અને સમૃદ્ધિ સહેલાઈથી સંપ્રાપ્ત થયા હતા. તેમણે લોકસેવા તથા ધર્મના ક્ષેત્રે લક્ષ્મીનો છૂટથી સદોપયોગ કર્યો હતો. તેમના અંતરમાં ધર્મ શ્રદ્ધા તેમ જ ધર્મ રુચિ તો મૂળથી હતાં જ; પરંતુ તેની બાહ્ય પ્રગટતા અને વિકાસ વિશેષતા થવા માટે માત્ર નિમિત્તની જરૂર હતી. અધ્યાત્મ ઉન્નતિના પગરણ થવાના હોય ત્યારે સંસારના ક્લેશ અને દુ:ખ તેના કારણરૂપે આવીને ઊભા રહે છે એવી જે અનુભવ વાણી તે તેમના સંબંધમાં પ્રમાણભૂત થઈ હતી.

તેમનો જન્મ જાન્યુઆરી ૧૯૧૧ની સાલમાં થયો હતો અને દેહત્યાગ સન ૧૯૭૩ના મે માસની ૨૪મી તારીખ ગુરુવારે સવારના પાંચ ને પંચાવન મિનિટે થયો હતો. ૪૪ માં વર્ષે પ્રાણ હરી લે એવો ભયંકર મોટર અકસ્માત થયો, પરંતુ સદ્‌ભાગ્યે આયુષ્યબળના લીધે મોટી શસ્ત્ર ક્રિયાઓ થવા છતાં પોતે બચી ગયા હા, થોડી પગની ખોડ રહી જવા પામી હતી. આ માંદગી પછી પણ દેહની અન્ય અન્ય પ્રકારે અનારોગ્યતા ચાલુ રહી, વારંવાર શસ્ત્રક્રિયાઓ થઈ અને સન્ ૧૯૭૦માં એક કીડની કાઢી નાખવામાં આવી. આ અને અન્ય પ્રકારની વ્યાધિઉપાધિમાં પરમાર્થમાર્ગે વળવામાં નિમિત્ત થયાં.

તેમના ૫૪ માં વર્ષથી ધર્મારાધન શરૂ થયું અને પછી તો ઉત્તરોત્તર વધતું ચાલ્યું; તે એટલે સુધી કે તેઓ પરમ ઉદાસીન દશામાં, નિર્મોહ સ્થિતિમાં રહેવા લાગ્યા. અધ્યાત્મવાંચન, ભક્તિ, પ્રભુસ્મરણ અને ઊંડા ચિંતનમાં દિવસો પસાર કરતા હતા. તેઓ આત્મજ્ઞાની પ્રભુ શ્રીમદ્ રાજચંદ્રજીના સાચા શિષ્ય અને પરમ ભક્ત હતા; અને તેમના શરણે જ તેમનું શેષ જીવન સમર્પિત થયું હતું. સન્ ૧૯૭૨માં બીજી કીડનીની વ્યાધિ શરૂ થઈ ચૂકી હતી અને તે ઉગ્ર સ્વરૂપ પકડતી જતી હતી; દિવસ ને રાત અડધી અડધી કલાકે પેશાબ કરવા જવું પડતું હતું; તે વેળાએ થોડી પીડા થતી હોવા છતાં તેઓ શાંત સ્વરૂપે જ રહેતા. દર્દની નિવૃત્તિ માટે દાક્તરી અભિપ્રાય શસ્ત્રક્રિયા કરવા માટેનો હતો અને તેનો આખરી નિર્ણય લેવાયો. ઓપરેશન મોટું અને જોખમી હતું, તેની નિ:શંકતા પોતાને પણ હતી; મૃત્યુને ભેટવાની અને મૃત્યુ મહોત્સવ ઉજવવાની પૂર્વ તૈયારી તો છેલ્લા વર્ષોમાં કરી રાખી હતી, તેથી આત્મામાં તો પૂરી પ્રસન્નતા હતી.

ઓપરેશન પહેલા પોતાની ઈચ્છા પૂરી કરવા તેઓ આરાધ્ય દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મ સ્થળ વવાણિયા ગયા. અત્યંત રૂડા પ્રેમભાવપૂર્વક જ્ઞાનમૂર્તી, શાંતમૂર્તી, ચૈતન્યમૂર્તી શ્રીમદ્‌જીની પ્રતિમાના છેલ્લાં દર્શન કર્યા અને આહલાદથી વંદના કરી કૃતકૃત્યતા અનુભવી. બાદ મોરબી જઈ સર્વ સત્સંગીઓને સ્નેહભાવે મળ્યા અને છૂટા

પડતાં તેમના પ્રેમાળ ચક્ષુમાંથી હર્ષના અશ્રુબિંદુઓ સરી પડ્યા. તેમના પરિચયમાં આવનાર અનેક સત્સંગીઓમાંથી બહુ થોડાને જ ખ્યાલ હતો કે તેમણે તેમના ધર્મારાધનમાં વિચારની નિર્મળતાએ કરી ભ્રાંતિનો ભુક્કો બોલાવ્યો હતો, મોહરાજાના પ્રબળ સૈન્યને આત્મવીર્યથી હરાવ્યું હતું અને ધર્મનો સુંદર અને પવિત્ર લાભ પ્રભુઆજ્ઞામાં રહી સંપ્રાપ્ત કર્યો હતો. પરંતુ ત્યારબાદ તેમના દેહ વિલયના પ્રસંગના વર્ણન પરથી કેટલાકને તેવો અણસાર આવ્યો હતો.

તેઓ આ લખનારના વ્યવહારે કૌટુંબિક સગા હતા, પરમાર્થે સખા હતા અને ધર્માર્થે સત્સંગી હતા. તા. ૧૮ મી મે ૧૯૭૩ના રોજ સવારના ઓપરેશનનો સમય હતો. તે દિવસે સવારના સાડા સાત વાગે અમે હૉસ્પિટલમાં તેમની પાસે ગયા. તેમણે અદ્‌ભુત વાત કહી કે, ''ગઈ આખી રાત્રિ ખૂબ આનંદમાં પસાર થઈ હતી. સ્મરણ અને જાગૃતિ સતત રહ્યા હતા. રાત કેમ પસાર થઈ ગઈ તેની ખબર પડી નહીં. વારંવાર અડધી કલાકે પેશાબ માટે ઊઠવું પડતું તે પણ બંધ જેવું હતું.'' તેઓ ખૂબ સ્વસ્થ, શાંત અને પ્રસન્ન હતા. નીડરતા એક ભક્ત સેવકને છાજે એવી ભરપુર હતી. આઠ ને પાંચ મિનિટે તેમને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા, ત્યારે સર્જન ડૉક્ટરને પોતે કહ્યું, ''હમણા મને બેશુદ્ધ ન કરશો, મારે પ્રભુનામ સ્મરણ કરવું છે. આંગળી ઊંચી કરી હું નિશાની આપુ ત્યારે બેશુદ્ધ કરજો.'' દાક્તરને થોડું આશ્ચર્ય તો થયું પરંતુ દર્દીની ધર્મારાધનાનો તેમને ખ્યાલ હતો અને તેમ કર્યું. પછી ઓપરેશન શરૂ થયું ને સાત કલાક સુધી ચાલ્યું. ઓપરેશનના સમય દરમ્યાન તેમના રૂમમાં તેમના ધર્મપત્ની અને બીજા બહેનો ભક્તિ કરતાં હતાં. સાંજના ચાર વાગ્યે રૂમમાં તેમને લાવ્યા ત્યારે તેઓ ભાનમાં હતા. આંખો ખોલી જોતા હતા. ઓપરેશન બાદની પ્રચલિત સારવાર ચાલુ હતી. થોડીવાર પછી તેમની પાસે જઈ અમે પૂછ્યું, ''કેમ છે? દુઃખાવો કેટલો છે?'' તેમણે ઉત્તર વાળ્યો, ''સારું છે, સાધારણ છે.''

પ્રભુકૃપાએ અમે તેમની ધર્મ સેવા માટે ઠીક ઠીક કલાકો સુધી હાજરી આપી શક્યા હતા. બીજા દિવસે સવારે તેમની પાસે જઈ કહ્યું, ''કેમ છે?'' પોતે કહ્યું, ''સારું છે, દુઃખાવો નથી.'' આખો દિવસ સારો અને શાંતિમાં ગયો. પરંતુ તા. ૧૯ની રાત્રે એકાએક પેટમાં નસ તૂટવાથી, લોહી કફ વાટે બહાર આવતાં, તત્કાળ ઉપચાર શરૂ થયા. અગાઉ ૧૯૬૫માં આ પ્રમાણે તકલીફ થઈ હતી ને ઉપાયથી દૂર પણ થઈ હતી. આ વખતે દેહત્યાગનો અવસર હોઈ દાક્તરોના સતત પ્રયત્નો અને ઉપાયો કાર્યકારી થયા નહીં. એક બાજુથી લોહીનો બગાડ નાકમાં મૂકેલી નળી વાટે પેટમાંથી ખેચાતો હતો, ત્યારે બીજી બાજુ લોહી તથા સેલાઈન ચડાવવાનું કાર્ય થતું હતું. તા. ૨૦ તથા ૨૧ તેમજ પસાર થયાં. તા. ૨૨ ના તેમણે અમને, તેમના ધર્મપત્ની તથા પુત્રને કહ્યું, ''તમને એમ લાગે ત્યારે બધી સારવાર ને ઉપાયો બંધ કરાવજો અને મને મારું કામ કરવા દેજો.'' તેમના મનમાં હતું કે અંતકાળ હવે સમીપ છે અને તે અવસરના દિવસનું જ્ઞાન પણ તેમને થયું હતું. તેથી તેજ દિવસે બપોરના કહ્યું કે, ''હવે બે દિવસ બાકી છે.'' તા. ૨૩ ના બપોરે પુત્રો, પુત્રીઓ, પુત્રવધુઓ, સ્વજનો અને ધર્મપત્નીને એક પછી એકને બોલાવીને પોતાને જે કહેવાનું હતું તે કહ્યું અને વ્યવહારધર્મ જાળવ્યો. દાક્તરની ન બોલવાની ને આરામ કરી ઊંઘી જવાની સલાહની ઉપરવટ જઈને આ કાર્ય કર્યું હતું. આત્મા જાગૃત રહેવાથી તેમની ઊંઘ ઊડી ગઈ હતી અને ઉપરા ઉપરી ત્રણ ત્રણવાર ઘેનના ઈન્જેક્શન આપવા છતાં કોઈ અસર નહીં, જાણે કેમ આત્માએ કૃત્રિમ બેશુદ્ધિ (ઊંઘ) સામે બળવો કર્યો હોય! પોતાના ધર્મ પત્નીને બોલાવ્યા, ત્યારે કેટલીક વ્યવહાર વિધિની અને અન્ય સૂચનાઓ આપી હતી, જેમકે કોઈએ રડવું નહીં, શોક પાળવો નહીં,

કાળા વસ્ત્ર પહેરવાં નહીં, દિલાસાના તારો કે કાગળોના જવાબ આપવા નહીં, શોક સભા ભરવી નહીં, મૃતદેહને ઈલેક્ટ્રીકથી બાળવો ઈત્યાદિ. સ્વજનાદિને કહેવાનું કહી દીધા પછી ''હું બોલીશ નહીં'' એમ કહેલ ને ખરેખર તેમજ કર્યું. એકવાર તેમણે એમ પણ કહ્યું હતું કે, ''આ આત્મા સારા સ્થળે સુખમાં જવાનો છે.''

દરરોજ ભક્તિનાં પદો ગાવાનું અને ક્ષમાપના કરવાનું ચાલુ હતું. એકવાર તેમના ધર્મપત્ની સદ્‌ગુરુનું મહાત્મ્ય દર્શાવતા વીસ દોહરા બોલતા હતા. તેમની ઉપયોગ જાગૃતી કેવી છે તેની પરીક્ષા કરવા જાણી જોઈને તેઓએ વીસ દોહરાનો ક્રમ છોડયો કે તરતજ તેમણે ભૂલ બતાવી હતી. ''શુદ્ધ બુદ્ધ ચૈતન્યધન...'' એ પદ પોતે વારંવાર સ્મૃતિમાં લેતા હતા અને આત્માના અવિનાશીપણામાં સ્થિર થતાં હતાં. કોઈ કોઈવાર તેઓ પોતાને અતિ પ્રિય એવી નીચેની ધૂન કરવા કહેતા.

''રાજ સમર તું રાજ સમર, રાજ હૃદયમાં રાખીને;

તારા માથે મરણ ભમે છે, કાળ રહો છે તાકીને.''

અને તે વેળાએ તેઓ હોંશ અને ઉલ્લાસથી હાથની આંગળી વડે તાલ પૂરાવતા હતા.

મૃત્યુ મહોત્સવ માટેની કેવી તૈયારી કહેવાય!

લોહીના અતિ વહેવાથી નસો નબળી થઈ ગઈ હતી અને પકડાતી નહોતી, તેથી દાક્તરે ડાબા હાથના બામણામાં અંગ ખોટું કરવાનો ઉપાય કર્યા વિના છરીનો કાપ કર્યો અને નસને પકડી ઉપચાર કરવાનો હતો તે કર્યો; પરંતુ તે વેળાએ તેમણે ચીત્કાર કર્યા વિના બધુ સમતા અને શાંતિથી સહી લીધું; એક શબ્દનો ઉચ્ચાર પણ કર્યો નહોતો; કેવું અદ્‌ભુત! આશ્ચર્ય! દેહભાવમાં લીન કરાવે એવી જબરી કસોટીઓ વેદનીય કર્મના પ્રબળ ઉદયે આવી તો ખરી પણ રાજપ્રભુનું બળ સાથમાં હોઈ આત્મા બળવાન થતો હતો અને તેને લીધે તેઓ કસોટીમાંથી અણિશુદ્ધ પાર ઉતરી શક્યા હતા.

તા. ૨૩ બુધવારની રાત્રિ તેજ રીતે ભક્તિભજનમાં શાંતિથી પસાર થતી હતી. પોતે જાગૃતિપૂર્વક સમતાભાવમાં હતા. કસર વધતી જતી હોય એમ લાગતું હતું; મૃત્યુને ભેટવાનો સમય સમીપ આવતો જતો હતો. તા. ૨૪ ગુરુવારની વહેલી સવારે પ્રભુકૃપાએ અમારો ભાસ ચાલતો હતો; તેમાં દર્દી આંખો મીચીને શાંતભાવે સૂતા છે; એક બાજુ દાક્તર છે, બીજી બાજુ તેમના ધર્મપત્ની છે; વાતાવરણ શાંત છતાં ગંભીર છે; દાક્તર અમને કહે છે, ''અમારું કામ પુરૂ થયું છે, હવે...'' ત્યાં જ અમારા બ્લોકની ઘંટડી વાગી, ભાસ પૂરો થયો ને અમે બારણું ખોલ્યું, માણસ તેડવા માટે આવ્યો હતો; સવારના પાંચ ને વીસ મિનિટે હૉસ્પિટલમાં જતાં તે જ દ્રશ્ય અમે જોયું. તેમના પત્ની ક્ષમાપનાનો પાઠ સંભળાવતા હતાં. અમે દર્દીની ડાબી બાજુએ ઊભા રહ્યા, તેમના ધર્મપત્ની જમણી બાજુએ ઊભાં હતાં, દાક્તર બહાર ગેલેરીમાં ઊભા રહી ગંભીર વદને જોઈ રહ્યા હતાં; અમે પણ દર્દીના નયન પર દ્રષ્ટિ રાખી એકી ટશે જોતા હતા, ક્ષણ ક્ષણ વીતતી હતી; દેહ અને દર્દ તેનાં કાર્ય કરતા હતા, ને આત્મા પોતાનું શ્રેયરૂપ કાર્ય કરતો હતો, તે તેમની મુખમુદ્રા પરની વધતી જતી કાંતિ પરથી સમજાતું હતું. પાંચ ને પચાસ મિનિટે તેમણે આંખો ઉઘાડી અમારી સામે જોઈને મીંચી દીધી. શ્વાસોશ્વાસમાં થોડો ફેરફાર થયો અને દીર્ઘ શ્વાસ લેવાનું શરૂ થયું; ચાર વખત તેમ થયું ત્યારે પણ તેમના ચહેરા પરની કાંતિ અને શાંતિ અદ્‌ભુત હતા. પાંચ ને પંચાવન મિનિટે આત્મા સમાધિપૂર્વક નશ્વર દેહમાંથી છૂટી ગયો; નિર્મોહ દશામાં રહીને મૃત્યુ મહોત્સવ ઉજવાઈ ગયો.

(ક્રમશઃ)

નોંધ : પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

मन को दिशा दो

किसी नगर में एक दुकानदार रहता था। कपड़े की उसकी दुकान थी। वह बड़ा ईमानदार था। अपने ग्राहकों के साथ उसका व्यवहार भी मधुर था। दुकान खूब चलती थी।

अचानक दुकानदार के सामने एक कठिनाई आ गई। उसका छोटा सा लड़का उसके साथ दुकान पर बैठता था। जाने कहां से उसको आदत पड़ गयी कि दुकान में जो भी ग्राहक आते, वह उनकी टोपी या पगड़ी उतारकार फेंक देता। पिता ने उसे बहुतेरा समझाया, डराया-धमकाया, मारा-पीटा किंतु उसने अपनी आदत न छोड़ी। धीरे धीरे ग्राहकों की संख्या कम होने लगी। दुकानदार बहुत ही हैरान हो गया। वह करें भी क्या? लड़के की मां गुजर चुकी थी। अतः उसे घर पर अकेले भी छोड़ नहीं सकता था।

संयोग से एक दिन एक महात्मा उसे मिले। उसने अपनी परेशानी उन्हें बताई और कहा, ''महात्मा जी! किसी भी तरह से आप मेरे लड़के को ठीक कर दिजिए।'' महात्मा ने सारी बात सुनकर कहा, ''मैं अवश्य तुम्हारे लड़के को ठीक कर दूँगा, लेकिन एक शर्त है।'' दुकानदार ने कहा, ''बताइये, महाराज! मुझे आपकी हर शर्त स्वीकार है।'' तब महात्मा ने कहा, ''मैं या तुम्हारा बालक जो भी करेंगे, उसमें आपको रोकथाम नहीं करनी है।''

दुकानदार राजी हो गया। अगले दिन महात्मा अपने सिर पर साफा बांधकर उसकी दुकान पर आये। लड़का तो ताक में था ही, जैसे ही महात्मा आकर बैठे वह उठा और उनका साफा उतारकर सड़क पर फेंक दिया।

महात्मा ने हंसकर कहा, - ''शाबास, बेटे! जरा दौड़कर साफे को उठा भी लाओ न?'' लड़के ने छलांग लगाई और साफा उठाकर ले आया। महात्मा ने उसे कहा मेरे सिर पर इस साफे को बांध दो। लड़के ने उसे उल्टा - सीधा उनके सिर पर लपेट दिया। दूसरे दिन महात्मा फिर उसकी दुकान पर आये। उनके सिर पर साफा था। तथा हाथ में एक लकड़ी का बोटा और छोटी कुल्हाड़ी थी जिसको उन्होंने दुकान के सामने रख दिया था।

दुकान पर आते ही उन्होंने लड़के को अपने पास बुलाया और कहा, ''बेटा, उस कुल्हाड़ी को उठाकर जरा लकड़ी के टुकड़े कर देना।'' दुकानदार ने सुना तो बड़ा घबराया। कहने को हुआ कि महाराज! आप यह क्या कर रहे हो? लड़का अपना पैर काट लेगा। परंतु कुछ न बोलने का वचन जो दे चुका था। लड़के ने दौड़कर कुल्हाड़ी उठाई और लकड़ी को काटने लगा। वह थोड़ी देर में थककर लौट आया और महात्मा के पास बैठ गया।

इसी तरह सात दिन तक महात्मा उससे कुछ न कुछ करवाते रहें। उसके बाद बच्चे की साफा उतारने की आदत छूट गई। यह देखकर दुकानदार चकित रह गया। उसने महात्मा से कहा, ''आपने यह क्या चमत्कार कर दिया?'' महात्मा बोले, ''हम लोग दिन भर में बच्चों से बीसियों बार कहते है - यह मत कर, वह मत कर लेकिन एक बार भी यह नहीं कहते कि यह कर। बालक कुछ करना चाहता है। तुमने देखा, जब-जब मैंने तुम्हारे लड़के से कुछ करने को कहा, उसने कितने आनंद से उस काम को किया।'' दुकानदारने अपनी भूल समझी और उस दिन से उसका बेचैन मन शांत हो गया। हमारा मन भी एक बालक के समान है अतः मन को मारिये मत, मन को मोड़िये। ◆

ब्रह्ममुहूर्त में वांचन आप दियो

ब्रह्म मुहूर्त में वांचन आप दियो,
नींद से मुमुक्षु को जगाय दियो;
न पढ़ने के बहाने हटाय दियो,
प्रमाद, आलस्य सब भगाय रह्यो।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

ब्रश पेपर के साथ साक्षी भाव दियो,
किचन में देह नहीं हूँ समझाय रह्यो;
अकर्ताभाव से दुकान ऑफिस चलाय रह्यो,
परम कृपालु देव को सबसे मिलाय रह्यो।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

पहले भी किताबों के वांचन किये,
चिंतन मनन विचार छोड़ दिये;
सब साधन प्रभुने फिरसे दिये,
इतनी करुणा बरसाय दिये।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

अब क्या हम विचारत है मनसे,
कुछ बदल रहा इस वांचन से;
देहभाव कम हो रहा है दिलसे या,
स्व का महात्म्य बढ़ा पहले से।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

करुणा इसने पायी है उनकी,
अब बात है हमारी भक्ति की;
उनकी बारी तो वे खेल गये,
अब हम सब उनकी जीत बने।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

हर क्रिया सिर्फ हमें एक कर्म लगे,
देहसे भिन्न आत्मा हूँ, यह भाव जगे;
पुरुषार्थ ना सिरपर बोझ लगे,
सहज और सुगम यह मार्ग लगे।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

सद्गुरु ये सब अपने अनुभव से कहे,
फिर भी हमें स्वच्छंद लगा ही रहे;
पुरुषार्थ करने के भाव में न खोट रहे,
यही सत्पुरुषार्थ पूज्यश्री चाह रहे।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

फिर भी हम करते है मन की,
हर रविवार छूट ले वांचन की;
पुरुषार्थ की कोशिश जारी है,
पर कर्म हमारा भारी है।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

दो घंटे का वांचन हो ही गया,
नित्यक्रम रह गया तो फिर क्या हुआ?
कल कम सोयी नींद आ रही है,
किताब बंद कर गद्दी बुला रही है।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

करने का तो बहुत दिल करता है,
पर रविवार एक ही दिन मिलता है;
सत्य यही है ये तो मैं जानता हूँ,
पर कुछ कर लूँ जीवन में पहले यह मानता हूँ।
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

इतना सुनहरा अवसर हमको मिला,
प्रत्यक्ष महावीर का ही अंश मिला'
सद्गुरु देव हमको जगाय दिये,
फिर भी ना जगे तो वो क्या करें?
ब्रह्म मुहूर्त में वांचन आप दियो।

■ **स्मिता बोरंडीया,** हैद्राबाद

सौजन्य : शाह परिवार, आणंद

પ્રભુ મિલન ૨૦૧૮

મુંબઈ ન્યુઝ પેપર કલેક્શન ટીમની સ્પેશિયલ ઈવેન્ટ

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, મુંબઈના આશરે ૧૫૦ મુમુક્ષુઓએ પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી અને પૂજ્ય નિલેશભાઈની હાજરીમાં હૃદયના સમર્પણભાવ અને ઉલ્લાસ સાથે સમગ્ર ઈવેન્ટનું આયોજન કર્યું હતું.



આજથી કેટલાક વર્ષો પૂર્વે શરૂ થયેલી ન્યુઝ પેપર કલેક્શન ટીમમાં સેવા આપવા માટે શરૂઆતમાં થોડાક લોકો જોડાયા અને ધીમે ધીમે ટીમના સભ્યોની સંખ્યા વધતાં મુંબઈના અલગ અલગ એરિયામાં સેવાભાવી સભ્યોની ટીમ બનતી ગઈ અને ખૂબ જ ઉલ્લાસ અને ધગશથી કાર્ય થતું ગયું.

આ કાર્ય કરવા પાછળનો પૂજ્યશ્રીનો જે હેતુ હતો એ ધીરે ધીરે અનુભવમાં આવતો ગયો. ઘરે ઘરે જઈને ટીમના સભ્યો જે કલેક્શન કરે છે એના કારણે પરમ કૃપાળુ દેવ અને વીતરાગ વિજ્ઞાનના માર્ગનો ફેલાવો થઈ રહ્યો છે. પરમ કૃપાળુ દેવની ઓળખાણ થતાં કેટલાક લોકો સત્સંગમાં જોડાઈ આત્મ કલ્યાણના માર્ગ પ્રત્યે રૂચિ ધરાવતાં થઈ ગયા છે એટલું જ નહીં પણ સહુથી મહત્વની વાત તો માનભાવની મંદતા અને ગુણોની ખીલવણી આ સેવા કાર્યથી થાય છે એવો વોલિન્ટીયર્સનો અનુભવ છે.

આ સ્પેશિયલ ઈવેન્ટમાં લગભગ બધા વોલિન્ટીયર્સે પૂજ્યશ્રી પ્રત્યે પોતાની ભાવ અર્પણતા કરી અને વચન આપ્યું કે ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન પ્રત્યેક જણ ઓછામાં ઓછું, ૨૦૦૦ કિ.ગ્રા. જૂના ન્યુઝપેપર્સનું કલેક્શન કરવામાં પોતાની સેવા આપશે.

પૂજ્ય નિલેશભાઈએ કહ્યું કે આપણો ઉદ્દેશ્ય માત્ર ન્યુઝપેપર કલેક્શનનો ન રહેતાં, બીજા લોકો આ આત્મકલ્યાણનો માર્ગ અપનાવે એવો પણ હોવો જોઈએ અને એ માટે એક જણે, ત્રણ બીજા લોકોને આ માર્ગમાં લાવવાના રહેશે. જેથી માર્ગની પ્રભાવના થઈ એમને પણ સત્માર્ગની પ્રાપ્તિ થાય. એમના આ વિધાનને બધાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

ત્યારબાદ બધાએ ભોજનનો લાભ લીધો અને છુટા પડ્યા.

નોધ: જે કોઈને પણ આ ન્યુઝ પેપર કલેક્શનમાં ભાગ લેવો હોય તેઓ રોહન ધુલિયા - ૦૯૭૫૭૪૦૩૯૮૭ અને મયુર શાહ - ૦૯૮૨૧૬૩૯૨૧૪ નો સંપર્ક કરી શકો છો. ◆

Leading Mumukshus Through Science of Spirituality

Premal and Darshi Doshi recently conducted 2 Shibirs in Detroit and San Diego. Premal while conducting the Shibir at Detroit from June 21-22, 2018 which was attended by 30 mumukshus, half of them new and two foreigners, focused on "Science of Spirituality" spoke on 4 kashays on the first day and discussed Patrank 166 on the second day. In the interactive session, questions about happiness in life and how to seek spiritual happiness which is more permanent in nature compared to temporary worldly happiness were posed. The four elements that stop the inflow of this happiness are four kashays. He further discussed how to identify these kashays and gave them practical tips on how to combat them. Inspired and impressed with first day of presentation, everyone readily came for the second day too. Participants realized the importance of a Sadguru and His aagna. They all made a promise to do daily purushaarth for the next 2 months. 3-4 new aspirants even joined the weekly satsang after the sessions.

San Diego Shibir was held on July 8, 2018 where 18 youngsters participated in the interactive session held by Darshi Doshi. The Session began with beautiful bhakti songs sung by Chaitali Shah from Los Angeles. Darshi spoke about the "Science of Spirituality" focusing on spirituality versus religion, a dilemma faced by most people in their everyday life. In her simple and easy to understand language filled with examples from daily life she delineated the difference between conventional religion and spirituality in a easy to understand language which greatly helped the audience understand and remove some of the basic misconceptions about this path. Some of the striking differences were that:

- conventional religion is practiced by birth, while spirituality is practiced by choice;
- conventional religion focuses on body, while spirituality focuses on the soul;
- conventional religion is repetitive, while spirituality is progressive; and
- in conventional religion information and knowledge is important, while in spirituality experience is considered true knowledge.

People became aware that most of us were practicing religion even without setting a goal or a mission and she elucidated steps to reaching the spiritual goal in life. ◆

માનો યા ન માનોઃ લંડનની બસ દોડશે કોફી પર

કોફી પીવાથી તાજગીનો અનુભવ થાય, ઉત્સાહમાં વધારો થાય એવું દુનિયાભરમાં ઘણા લોકો કહેતા હોય છે, પણ એ જ કોફીનો ઉપયોગ વાહનમાં ઈંધણ તરીકે કરાય એવું ક્યાંય કોઈના મોઢે સાંભળ્યું નહીં જ હોય. પણ આ સમાચાર માનવામાં ન આવે તોય સાચા છે. લંડનમાં આવું બને છે. મુંબઈમાં જેમ લોકલ ટ્રેન સેવા મહાનગરની ધોરી નસ સમાન ગણાય છે તેમ લંડનમાં સાર્વજનિક ટ્રાન્સપોર્ટનો મોટો આધાર છે બસ સેવા. એની બસમાં કોફીનો ઈંધણ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કોફીના કૂચામાંથી જે ઈ૨૦ બાયોફ્યુઅલ તેલ તૈયાર



કરવામાં આવે છે એનો ડિઝલથી ચાલતી બસમાં ઈંધણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

હાલ પૂરતું આ એક અજમાયશ કરવામાં આવી રહી છે. જો આ પ્રયોગ સફળ થશે તો આજ ઈંધણ અન્ય વાહનોમાં પણ વાપરવામાં આવી શકે છે, એવી આશા અધિકારીઓએ વ્યક્ત કરી છે. લંડનમાં બાયો-બીન લિમિટેડ નામની કંપનીએ આ પ્રયોગ શરૂ કર્યો છે. આ કંપનીએ એક વર્ષમાં ભેગા કરવામાં આવેલા કોફીના કચરા-કૂચામાંથી બનાવવામાં આવેલા તેલનો ઉપયોગ બસ ચલાવવા માટે કર્યો છે.


કંપનીનો દાવો છે કે લંડનમાં રહેવાસીઓ કોફીનો વપરાશ કર્યા બાદ જે કૂચો-કચરો ફેંકી દે છે એનો વર્ષ દરમિયાન બે લાખ ટન કચરો તૈયાર થાય છે. એ જ કચરાને કંપનીએ કોફીની દુકાનો તથા કોફી પર પ્રક્રિયાઓ કરતી ફેક્ટરીઓ પાસેથી વેચાતો લીધો હતો અને એમાંથી તેલનું ઉત્પાદન કર્યું હતું. કોફીના કચરામાંથી તૈયાર થયેલું આ ઈ૨૦ બાયોફ્યુઅલ અન્ય તેલમાં મિક્સ કરવામાં આવે છે અને એમાંથી વિશેષ ઈંધણ તૈયાર કરવામાં આવે છે. જેના દ્વારા બસ દોડાવી શકાય છે.

આ ઈંધણને ટ્રાન્સપોર્ટ ફોર લંડન કંપનીએ તેના સૌથી પહેલાં બસ નેટવર્કમાં એટલે કે સિટી બસમાં વાપરવાને પ્રાધાન્ય આપ્યું છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક વહીવટી તંત્રે શહેરમાં વધી ગયેલા પ્રદૂષણને ઘટાડવા માટે અનેક પગલાં લીધા છે. ટ્રાન્સપોર્ટ ફોર લંડને આ માટે બાયો-બીન, શેલ અને એર્જન્ટ એનર્જી કંપનીઓ સાથે સહયોગ કર્યો છે. તેઓ પ્રાયોગિક ધોરણે ડબલ ડેકર બસોમાં ઈ૨૦ બાયોફ્યુઅલ ભરીને બસ ચલાવશે. આ ઈ૨૦ બાયોફ્યુઅલ કોફીના કચરામાંથી પ્રાપ્ત કરાયેલા બ્લેન્ડિંગ ઓઈલ અને બીજાં ઓઈલમાં મિક્સ કરવામાં આવે છે.

બાયો-બીનનો દાવો છે કે એણે લંડનની એક બસ આખું વર્ષ સુધી ચાલી શકે એટલું કોફી-ઈંધણ પ્રોડ્યૂસ કર્યું છે. લંડનના લોકો પ્રતિ દિવસ અંદાજે બે કરોડ કપ કોફી પીએ છે. આમાંથી જે કચરો-કૂચો મળે એ ટ્રાન્સપોર્ટ ફોર લંડનના સમગ્ર નેટવર્કને ત્રીજું ઈંધણ પૂરું પાડવા માટે પર્યાપ્ત છે. બાયો-બીનનો પ્લાન્ટ એક વર્ષમાં કોફીના ૫૦ હજાર ટન કચરાને રીસાઈકલ કરી શકે છે. બી-૨૦ બાયોફ્યુઅલનો ઉપયોગ કરવા માટે બસમાં કોઈ પ્રકારનું મોડિફિકેશન કે ફેરફાર કરવાની જરૂર નથી તેમજ એની પાછળનો ખર્ચ પણ ઓછો રહે છે.

(ચિત્રલેખા - તા. ૨૧-૧૧-૨૦૧૭)

નોંધ : ચિત્રલેખા સાપ્તાહિકમાંથી આ લેખ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યો છે.


Nature's 11 Most Powerful
Antibiotics
Turmeric
Ginger
Oregano Oil
Habanero
Onion
Horseradish Root
Echinacea (Herb)
Apple Cider Vinegar
Raw Honey
Garlic
Colloidal Silver


Foods that cleanse the LIVER
Grapefruit
Beets
Carrots
Green Tea
Apples
Broccoli
Lemons
Arugula
walnuts
Cabbage
Cauliflower
Avocado
Spinach
Garlic
Turmeric

General Medical and Cardiac Camp

Shree Raj Medical Centre, an initiative of the Shrimad Rajchandra Aatma Tatva Research Centre under the able leadership of Dr. Harish T Goshar has been silently and relentlessly working since last several years to bring about a qualitative change in the health and hygiene of the lesser privileged tribal population of Parli and its surrounding villages. Medical Camps of various types are being conducted on a regular basis round the year and many patients detected with serious health issues in such Camps are being treated in Mumbai at no cost.



On 3rd and 4th August, 2018, a General Medical Check Up and Cardiac Camp was organized at the premises of SHREE RAJ EDUCATIONAL CENTRE, SHREE KAKUBHAI JAMNADAS TANNA HIGH SCHOOL AND BALWADI, a Unit of Shrimad Rajchandra Aatma Tatva Research Centre, Parli. The team of Doctors was led by Dr. Anil Potdar of Parisoha Foundation, Mr. Rupesh Gangar Centre of One Life Trust and Dr. Harish T Goshar of Shree Raj Medical. The team comprised of 9 Doctors, 4 Assistants to the Doctors and 18 Volunteers including Shree Raj Medical Centre. 1335 patients in all including students, teachers, non teaching staff, Research Centre Staff and workers of Chaakri were examined. ECG was done on 148 persons and 2D Echo was done for 113







persons as per advice of the Doctors.

As observed by the team of Doctors, present hygienic condition of School children and Staff has improved to a great extent. Majority of School kids are having enlarged Tonsils and nasal polyps. Doctors have advised deworming treatment for the children in 2 doses.

Shree Raj Medical Centre along with Parisoha Foundation and One Life Trust conducted this Mega Camp very smoothly.

Apart from Statistics, a very unusual thing, completely justifying conducting of such a Camp, occurred. A 4 year old kid from Junior KG was being examined. The attending doctor while auscultating his chest apprehended something serious and to rule it out sent him for 2D Echo Cardiogram. The Doctor's apprehensions proved right. The child had a hole in the heart. In hindsight, it is quite apparent that the child's parents would never have thought of getting such a test done on him. It was only because a General Health Check Up Camp was combined with a Cardiac Check Up that such a case was detected and the parents were advised for the line of treatment.



Shree Raj Medical Centre in its quest for expansion has planned for setting up a Primary Health Centre in Parli in the near future. ◆

NATIONAL

- Western Railway renames Elphinstone Road Station as Prabhadevi
- Nilgiri tahr: Climate change threatening 60% of its habitat
- India's First Advanced Forensic Lab dedicated to women related cases to come up in Chandigarh
- Pradhan Mantri Awas Yojana (Urban): Government approves construction 1.5 lakh affordable houses
- Walmiki and Malhar: 2 unknown languages discovered
- Vinod Khanna posthumously honoured with Dadasaheb Phalke Award 2017
- Make BCCI public body and bring under RTI: Law Commission
- Cabinet approves ordinance for death penalty for child rapists
- Indu Malhotra: First woman lawyer to sworn in as Supreme Court judge
- Sikkim's Pawan Chamling becomes India's longest-serving Chief Minister
- Arun-3 Hydropower Project: Nepal grants license to India's Satluj Jal Vidyut Nigam Ltd to generate power
- World's second oldest rock discovered in Odisha
- Indian Army finalises Rs. 15000 crore indigenous ammunition project
- Zojila tunnel: PM Narendra Modi launches construction of Asia's longest road tunnel



- Navika Sagar Parikrama: Indian Navy's all-women crew completes circumnavigating globe expedition
- Eastern Peripheral Expressway: PM Narendra Modi inaugurates India's first smart and green highway
- RBI appoints Sudha Balakrishnan as its first Chief Financial Officer
- Operation NISTAR: Indian Navy successfully evacuates 38 Indian Nationals from Yemen
- Swachh Bharat Mission: Rural sanitation coverage crosses the 85% mark
- BJP pulls out of its 3-year-old ruling coalition with the PDP. CM Mehbooba Mufti resigns. Governor N. N. Vohra recommends imposition of President's rule

SPORTS

- France wins 2018 FIFA World Cup Football title
- Dipa Karmakar: First Indian to win gold in Gymnastics World Challenge Cup
- Mt Ojos del Salado: Satyarup Siddhanta becomes second Indian to climb world's highest volcano
- Navjot Kaur: First Indian woman to win gold medal at Asian Wrestling Championships
- India's Sunil Chhetri becomes joint second highest international goal scorer
- Chennai Super Kings win the IPL Title for the 3rd time

SCIENCE & TECHNOLOGY

- SAFAR: Most advanced System of Air Quality and Weather Forecasting inaugurated in Delhi
- NASSCOM opens Center of Excellence (CoE) for Data Science and Artificial Intelligence in Bengaluru
- Tejas: Indigenous fighter aircraft commences operations from Sulur Air Force Station
- India successfully test fired its indigenously developed Agni- 5 missile on 3rd June

INTERNATIONAL


- Indian Air Force for first time participates in multinational exercise in Australia
- India becomes Vice Chair of the Asia Pacific Region of World Customs Organisation
- Gujarat signs MoU with Korea Trade-Investment Promotion Agency to strengthen trade, industrial relations
- Samsung inaugurates world's largest mobile phone factory in Noida
- Mumbai's Victorian Gothic and Art Deco Buildings declared World Heritage site by UNESCO
- Gujarat signs MoU with Korea Trade-Investment Promotion Agency to strengthen trade, industrial relations
- PM Narendra Modi launches 3 Indian mobile payment apps in Singapore
- Tiangong-1: China's space lab plummets to earth, burns up over Pacific Ocean
- EXIM Bank extends $4.5 billion loan to Bangladesh for social, infrastructure projects
- India is now world's sixth largest economy: IMF
- India, Finland settle Nokia tax dispute under MAP
- India highest recipient of Remittances in 2017: World Bank
- India emerges as fifth largest military spender in 2017: SIPRI
- APSTAR-6C: China launches communication satellite
- President Donald Trump withdraws US from Iran nuclear deal
- BSE becomes first Indian stock exchange to get US SEC's DOSM recognition
- Akademik Lomonosov: Russia unveils world's first floating nuclear power plant
- Olga Tokarczuk wins Man Booker International Prize 2018
- Bangabandhu Satellite-1: Bangladesh's first communication satellite to be launched by SpaceX's Falcon 9



- Ex-Chief Justice Nasirul Mulk named as caretaker PM of Pakistan
- FDI in India rises to US $61.96 billion in 2017-18: DIPP

BUSINESS

- Pradhan Mantri Gram Sadak Yojana: Government inks $500 million loan agreement with World Bank
- Core industries register 4.7% growth in April 2018
- Cochin Shipyard, Kerala Government ink pact to build three marine ambulances
- India becomes World's second largest mobile phone producer
- India becomes second largest manufacturer of crude steel
- RBI defers adoption of Ind-AS by 1 year for banks
- India's forex reserves at record high of $424.864 billion: RBI
- India will grow at 7.3% in 2018: World Bank Report
- TCS becomes India's first $100 billion IT company
- India emerges third largest solar market in the world in 2017
- Swadeshi Samriddhi SIM cards: Baba Ramdev's Patanjali ties up with BSNL



આડી ચાવીઓ :

૧) જેટલું જાણ્યું એટલું વર્તનમાં આવે તેટલી ..... કહેવાય (૪)

૩) જગતમાં ..... ન હોય તો અહીં જ મોક્ષ હોત. (૨)

૭) મોહનીય કર્મ ૨ પ્રકારે છે એક દર્શનમોહ અને બીજો ..... (૫)

૮) ..... ની વિશેષ અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે. (૫)

૧૦) જેને આત્માનો ..... કરવો છે એ ઉંડા વિચાર અને ચિંતન કરે જ (૪)

૧૧) છયે દર્શન અને આત્માનાં છ પદ ..... માં સમાય છે. (૬)

૧૨) જ્ઞાન, દર્શન અને ચારિત્રને ..... કહે છે. (૩)

ઊભી ચાવીઓ :

૨) મોહનીય કર્મ બે પ્રકારે સમજવાનાં છે. એક ..... (૫)

૩) ..... પામવો સહેલો છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દૂર્લભ છે. (૨)

૪) હું કર્તા, હું સુખી, હું દુઃખી એ વગેરે ..... જેનું ગલિત થયું છે તેને સર્વ સુખ છે. (૫)

૫) અંતર જગતમાં જવા માટે ઉંડા ..... જરૂરી છે. (૩)

૬) કર્મોને દબાવવા અથવા કષાયોની ઉપશાંતતા તે ..... છે. (૪)

૯) ..... અને પુરુષાર્થ એ શબ્દો સમજવા જેવા છે. ..... વેદ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. (૩)

૧૧) જ્ઞાનીને ઓળખો અને એની ..... આરાધો (૨)

Ajwain Paneer
(Serves 4)




INGREDIENTS:

Cottage cheese- 200 gms
Chana Atta- 4 tbsp
Red chilli powder- 2½
Ajwain- 2 tsp
Oil- 1tsp
Water- 1 tbsp
Juice of 2 lemons
Salt to taste

METHOD:

Cut paneer into fairly thick Square slices. (200 gms make 10 slices).

Take chana atta in a plate. Add chilli powder, ajwain and salt. Mix well. Squeeze out lemon juice in a shallow plate. Add the water to the lemon juice. Dip each paneer piece in the lemon juice and coat it with chana atta. Greese a non stick pan. Place the paneer pieces on the pan and roast till brown. Flip and roast the other side. Make it brown & serve it hot with mint chutney.





Methi Rice
(Serves 4)

INGREDIENTS:


1 Cup Rice
1 ½ Cup Finely Chopped Methi
1 ½ Cup Finely Chopped Tomato
1 ½ Cup Water
Adrak Mirchi Paste
1 Slit Green Chilli
Salt to taste
Red Chilly powder to taste
One pinch garam masala (optional)

METHOD:

Mix oil and ghee. Put the slit chilly & adrak mirchi paste.
Add tomato & methi & Saute for 2-3 minutes.
Add uncooked rice & stir for 2 minutes.
Add water, salt, red chilly powder & garam masala. Put in a pressure cooker for 3 whistles.
Serve hot.

Best Wishes : Dr. Nirmala Amrutlal Shah, Mumbai

Solve each addition problem. Decide if the answer is odd or even.
Place the jelly bean in the correct jar.



8+5=	7+7=	11+8=	9+9=	11+6=
4+6=	7+8=	9+7=	15+5=	8+3=
2+10=	6+7=	10+5=	11+3=	18+2=

Rhyme Time

Name: _____

hat	ball	tree

all	see	fat
sat	tall	free
hall	tee	bat
bee	cat	me
mat	fee	call
fall	wall	rat

FORTHCOMING EVENTS

- 18th to 19th Aug 2018 - **Yoga Shibir**
- 26th Aug 2018 - **Param Gyaan Sabha**
- 06th to 13th Sep 2018 - **Paryushan Mahaparva 2018**

Shree Premacharyaji's Satsang
DAILY relay on **ARIHANT CHANNEL**
at 9 am/11.20 pm
Shree Premacharayaji's Satsang
is available live on
www.vitraagvigyaan.org

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar.

DESIGN : Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

ANANYA PARIVARTAN

C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22005727 Email: info@simpl.in

From Us... to You

ANANYA PARIVARTAN contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues... & earn punya.

For Inquiries, contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

FOR ANY QUERY CONTACT

Ahmedabad	Priti Shah	09898701070	pritishah927@gmail.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kirankjs@yahoo.com
Chennai	Paresh Sanghvi	09840202363	pareshsanghvi@rediffmail.com
Delhi	Shakunji Jindal	09971947111	shakun.jql@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Dubai	Satishbhai Pai	07045378287	satishspy@gmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Paras Vora	09505278201	parasvora9@hotmail.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	kirti_savla@yahoo.com
Jamshedpur	Meena Bhayani	09430315223	bhayanimeena10@gmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 22060477	info@simpl.in
Pune	Rupesh Gopani	07875786100	rgopani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Rajnandgaon	Sagar Jain	09827977880	sagar.sagarjain@gmail.com
Raipur	Vikas Kocheta	08871912349	kocheta.vk@gmail.com
USA	Hetalbhai Shah	+1 (647)283-4292	hetalshah71@yahoo.com
USA	Reenaben Shah	+1(818) 859-8183	reena_shah1@hotmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.co.in

SPONSORSHIP – GYAN DAAN
For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	**: Rs. 3,00,000/- (For all 6 issues)**
One Issue	**: Rs. 50,000/-**
Back Cover	**: Rs. 9,000/-**
Inside Front Cover	**: Rs. 7,500/-**
Inside Back Cover	**: Rs. 6,000/-**
Centre Spread	**: Rs. 11,000/-**

FOR SPONSORSHIP, PLEASE CONTACT:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@yahoo.com
Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com
Pratibha Chheda : 09324715450, pratibhachheda06@gmail.com
Dina Shah : 09833822320, dinashah09@gmail.com

Shrimad Rajchandra Aatma Tatva Research Centre
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

❖ **One Year : Rs. 400/-**

ANANYA PARIVARTAN
SHRIMAD RAJCHANDRA AATMA TATVA RESEARCH CENTRE
703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020
Contact No: 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

Annual Subscription Form
(Please fill the form in capital letters)

Name of the Subscriber: _____

Address of Delivery : _____

_____ Landmark: _____

City: _____ PinCode: _____ State:_____ Country: _____

Tel: (R)_____ (O)_____

Mobile:_____E-mail:_____

Mode of payment: Cash / Cheque / DD No. _____ Dated _____

Drawn on Bank _____ for **Rs.** _____/-

(Rupees _____ **only).**

Date: ___/___/_____ Signature of the Subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **Indian Bank Current A/c No. 6145603669** (Cumballa Hill) for credit of "**Shrimad Rajchandra Aatma Tatva Research Centre".** Please email to info@simpl.in after making deposit in Bank.

UMBRELLA PAINTING AT
SHREE RAJ EDUCATIONAL CENTRE - 30 JUNE 2018










With Best Compliments From
Pratibha Devchand Chheda, Mumbai

SHREE RAJ MEDICAL CENTRE
General Health Check Up & Cardiac Camp
Rajnagar, Parli 03 & 04 August 2018










With Best Compliments From
Parul Vora - Borivali Satsang Group, Mumbai